આજનો સુવિચાર

પ્રમાણિકતાની કસોટી તકલીફ આવે ત્યારે થાય છે અને નમ્રતાની પરખ અધિકાર મળે ત્યારે થાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૦૩ જૂનાગઢ તા.૦૬-૦૮-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

ચોટીલા રોપ-વે પ્રોજેકટ રદ કરવાની માંગણી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ તા.૦૬ : સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ચોટીલા ડુંગર ઉપર હાથ ધરાનારા રોપ-વે પ્રોજેક્ટ સામે ચામુંડા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. જેને લઈ રાજ્ય સરકારના નોટિફિકેશન અને ડ્રાફ્ટ ઓર્ડરને રદ કરવાની માગ સાથેની **PIL**ને ફરીથી જીવિત કરવાની માગ સાથે થયેલી અરજીને હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ફગાવી દીધી છે.

હાઈકોર્ટનુ અવલોકન છે કે, સંબંધિત સત્તાધીશે હાઈ કોર્ટના આદેશ બાદ અરજદારની રજૂઆતને સાંભળીને હુકમ કરેલો છે, જેમાં અરજદારની રજૂઆતને નકારી દેવાયેલી છે. જેથી, આ જાહેરહિતની અરજીને ફરીથી જીવિત કરવાનો કોઈ અર્થ નથી.

૪ વિમા કંપનીઓ સામે હોસ્પીટલોએ મોર્ચો ખોલ્યો

અમદાવાદ તા. ૬ : અમદાવાદની ૩૦૦થી વધુ ખાનગી હોસ્પિટલો દ્વારા આગામી ૮ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓની કેશલેસ સુવિધા સ્થગિત રાખવામાં આવશે. જાહેરક્ષેત્રની વીમા કંપનીઓ જેમના આરોગ્ય વીમા ધારકોને કેશલેસ સુવિધા સ્થગિત કરવામાં આવશે તેમાં ધી ન્યૂ ઈન્ડીયા ઈન્શ્યોરન્સ, નેશનલ ઈન્સ્યોરન્સ, યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ અને ધી ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીનો સમાવેશ થાય છે.

અમદાવાદ હોસ્પીટલ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિયેશન (આહના)ના પ્રતિનિધિએ જણાવ્યું છે કે, 'છેલ્લા કેટલાક મહિનાથી અનેકવાર જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓને રજૂઆત કરવા છતાં પ્રશ્નોનો નીવેડો નહીં આવતા આ કંપનીઓના આચ્રેય વીમાધારકોની કેશલેસ સુવિધા સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જાહેર ક્ષેત્રની ઈન્સ્યોરન્સ કંપનીઓના પ્રતિભાવથી એમ જણાય છે કે તેમને હોસપિટલો કે તેમના વીમાધારકોની કોઇ પરવા નથી. આ સમસ્યાઓ સતત વધી રહી છે.

આજે દેશને ૧૪માં ઉપરાષ્ટ્રપતિ મળશે જગદીપ ધનખડની જીત નિશ્ચિત

(દિલ્હી બ્યુરો)

નવીદિલ્હી, તા.૬

આજે દેશને નવા ઉપરાષ્ટ્રપતિ મળવાના છે. વર્તમાન ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટે પૂર્ણ થઈ રહ્યો છે આવામાં એનડીએના જગદીપ ધનખડ અને વિપક્ષી ઉમેદવાર માર્ગારેટ આલ્વામાંથી જે પણ જીતશે તે ઉપરાષ્ટ્રપતિ તરીકે ૧૧ ઓગસ્ટે શપથ ગ્રહણ કરશે. જો કે રાજકીય નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે આ ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર જગદીપ ધનખડની જીત નિશ્ચિત છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે સવારથી જ મતદાન શરૂ થઈ ચૂક્યું છે અને તેમાં સાંસદો મતદાન કરી રહ્યા છે.

આજે સવારે ૧૦ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે અને ત્યારપછી મતોની ગણતરી આજે જ કરવામાં આવશે અને સાંજે જ પરિણામ પણ જાહેર કરવામાં આવશે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં રાજ્યસભાના ૨૨૩ સાંસદ, રાજ્યસભાના નોમિનેટ ૧૨ સાંસદ અને લોકસભાના ૫૪૩ સાંસદો મતદાન કરશે. આ રીતે કુલ ૭૮૮ લોકો મત આપી શકશે.

આજે સાંજે પાંચ વાગ્યે મતદાન પુર્ણ થયા બાદ પરિણામની જાહેરાત કરવામાં આવશે. વિજય માટે ૩૯૦ મતોની જરૂર હોય છે જ્યારે બંને ગૃહ મળી ભાજપના સભ્યોનું સંખ્યાબળ ૩૯૪ થવા જાય છે તેથી હરીફ માર્ગારેટ અલ્વા સામે એનડીએ - ભાજપના ધનખડનું પલ્લુ ભારે છે. નવા રાષ્ટ્રપતિ ૧૧ ઓગસ્ટે શપથ ગ્રહણ કરશે.

એનડીએ તરફથી જગદીપ ધનખડ મેદાનમાં છે અને વિપક્ષના સંયુક્ત ઉમેદવાર માર્ગારેટ આલ્વા છે. વિપક્ષમાં વિભાજનનું વાતાવરણ હોવાથી પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ ગવર્નર ધનખડની જીતનિશ્ચિત જણાઈ રહી હોવાથી બંને વચ્ચે કોઈ અઘરી લડાઈ નથી.

આગામી પાંચ દિવસ સમગ્ર રાજયમાં ભારે વરસાદની આગાહી

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ તા. ૬

ગુજરાતમાં આગામી પાંચ દિવસ ફરીવાર વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૪૮ કલાકમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં ભારે તો સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. અમદાવાદ - ગાંધીનગરમાં સામાન્ય વરસાદ પડવાની શક્યતા છે. તે સાથે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, વરસાદની એક સિસ્ટમ સક્રિય બની છે અને મોન્સૂન એક્ટિવિટીને કારણે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. માછીમારોને ૮ અને ૯ ઓગસ્ટે દરિયો નહી ખેડવા ચેતવણી આપવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૭૭ તાલુકામાં વરસાદ પડ્યો છે, જેમાંછોટાઉદેપુરના ક્વાંટમાં ૬ ઈંચ વરસાદ થયો છે. જયારે નવસારીના જલાલપોરમાં પાંચ ઈંચ અને સાબરકાંઠાના વડાલીમાં ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. એ ઉપરાંત ગઢડા, કપડવંજ, જૂનાગઢ, પલસાણા, તલાલા, સાવરકુંડલા, નવસારી, મહુઆમાં ૩થી ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં જુલાઈ બાદ ઓગસ્ટમાં પણ વરસાદનો રાઉન્ડ ચાલુ રહ્યો છે. રાજ્યમાં સીઝનનો કુલ ૨૪ ઈંચ વરસાદ ખાબકી ગયો છે, જેમાં કચ્છમાં ૨૧ ઈંચ, ઉત્તર ગુજરાતમાં ૧૯ ઈંચ, મધ્ય ગુજરાતમાં ૨૦ ઈંચ, સૌરાષ્ટ્રમાં ૧૮ ઈંચ, દક્ષિણ ગુજરાતમાં ૫૦ઈંચ વરસાદ થયો છે.

આવતીકાલે વડાપ્રધાન મોદીનાં અધ્યક્ષ સ્થાને નીતિ આયોગની બેઠક મળશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૭ ઓગસ્ટના રોજ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની બેઠકની અધ્યક્ષતા કરશે અને પાક વૈવિધ્યકરણ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ સહિતના વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરશે. એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. નિવેદન અનુસાર, 'નીતિ આયોગની ૭મી ગવર્નિંગ કાઉન્સીલની બેઠક સ્થિર અને સમાવિષ્ટ ભારતના નિર્માણની દિશામાં કેન્દ્ર અને રાજયો - કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સહકાર તરફ સિનર્જીનો માર્ગ મોકળો કરશે.'

નિવેદનમાં ઉમેર્યું હતું કે, 'આ બેઠક સંઘીય પ્રણાલીમાં ભારતના પ્રમુખપદના મહત્વ અને **G-20** ફોરમમાં રાજયોની ભૂમિકા ઉપર ભાર મૂકશે, જે તેમની પ્રગતિને પ્રકાશિત કરશે.' નીતિ આયોગની સર્વોચ્ચ સંસ્થામાં તમામ મુખ્ય પ્રધાનો, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો અને કેટલાક કેન્દ્રીય પ્રધાનોનો સમાવેશ થશે. વડાપ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ છે.

નિવેદનમાં જણાવાયું છે કે મીટિંગની તૈયારી માટે જૂન ૨૦૨૨માં ધર્મશાળામાં મુખ્ય સચિવોની રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાંઆવ્યું હતું. આ પરિષદની અધ્યક્ષતા વડાપ્રધાને કરી હતી અને તેમાં તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો તેમજ કેન્દ્ર અને રાજય સરકારોના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

૭મી ગવર્નિંગ કાઉન્સીલની બેઠક ઉપરોક્ત વિષયોમાંથી એક ઉપર રોડમેપ અને પરિણામલક્ષી એકશન પ્લાનને આખરી રૂપ આપવાનો પ્રયાસ કરશે, એમ નિવેદનમાં જણાવાયું છે. સામાન્ય રીતે સંપૂર્ણ પરિષદ દર વર્ષે મળે છે. ગયા વર્ષે ૨૦ ફેબ્રુઆરીએ મોદીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી.

કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૨૦૨૦માં કાઉન્સીલની બેઠક બોલાવવામાંઆવી ન હતી. જુલાઈ ૨૦૧૯પછી ગવર્નિંગ કાઉન્સીલની આ પ્રથમ વ્યકતિગત બેઠક હશે. કાઉન્સીલની પ્રથમ બેઠક ૮ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ મળી હતી.

પંજાબ કેસરી દૈનિકનો અહેવાલ

સોનિયા ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષપદ છોડી દીધું અશોક ગેહલોત નવા પ્રમુખ બનશે

નવી દિલ્હી તા. ૬ : કોંગ્રેસ કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધીએ પોતાના પદ ઉપરથી રાજીનામું આપી દીધું છે. સૂત્રોને ટાંકીને પંજાબ કેસરી અખબારે આ મુજબ જણાવ્યું છે. અહેવાલ અનુસાર સોનિયા ગાંધીએ અધ્યક્ષ પદ ઉપરથી રાજીનામું આપી દીધું છે. તેમની જગ્યાએ અશોક ગેહલોત રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે. અશોક ગેહલોત રાજસ્થાનના મુખ્યમંત્રી છે. વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણી હાર્યા બાદ તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ હારની જવાબદારી સ્વીકારતા પદ ઉપરથી રાજીનામું આપી દીધું હતું. જે બાદ સોનિયા ગાંધીને ફરીથી વચગાળાના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. આ પછી કોંગ્રેસની અંદર રાહુલ ગાંધીને ફરીથી અધ્યક્ષ બનાવવાની માંગ ઉઠી હતી, પરંતુ રાહુલે જવાબદારી લેવાનો ઈન્કાર કરી દીધો હતો.

છેલ્લા ૩ વર્ષથી કોંગ્રેસના નેતાઓ સતત પૂર્ણકાલીન પ્રમુખની માંગણી કરી રહ્યા છે. સોનિયા ગાંધીની તબિયત સારી નથી. રાહુલ બાદ આ જવાબદારી પ્રિયંકા ગાંધીને આપવાનું કહેવાયું હતું. પરંતુ આ બધું હોવા છતાં કોંગ્રેસ હજુ સુધી પોતાના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરી શકી નથી. આ વર્ષની શરૂઆતમાં કોંગ્રેસે કહ્યું હતું કે તે ઓગસ્ટમાં તેના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરશે. ચૂંટણી પહેલા કોંગ્રેસ રાજસ્થાનમાંમોટો ફેરબદલ કરીશકે છે. અશોક ગેહલોતના સ્થાને સચિન પાયલટને મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. ગેહલોતને દિલ્હી બોલાવી શકાય છે. નોંધનીય છે કે રાજસ્થાનમાં આગામીવર્ષે વિધાનસભાની ચૂંટણી છે. હાલમાં રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર છે અને તેની સામે સત્તા બચાવવાનો મોટો પડકાર છે.

મહારાષ્ટ્ર મામલે સુપ્રિમ કોર્ટનો ચુકાદો ગમે તે આવે, ભાજપનાં બંને હાથમાં લાડુ

મુંબઈ તા. ૬ :સર્વોચ્ચ અદાલતમાં શિવસેનાના ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથ વચ્ચેનો ગજગ્રાહ ચાલુ છે.

સુપ્રીમ કોર્ટ સત્તા સંઘર્ષના કેસ મોટી બંધારણીય બેન્ચ રચીને તેને સોંપવા કે નહીં એ અંગે નિર્ણય લે એવી સંભાવના છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો કોઈ પણ જૂથની તરફેણમાં આવે, પરંતુ એક વાત નિશ્ચિત છે કે ભારતીય જનતા પક્ષના પગ દૂધ અને દહીંમાં હોવાથી તેના બન્ને હાથમાં લાડુ છે. સુપ્રીમ કોર્ટ શિંદે જૂથને ગેરલાયક ઠરાવે તો પણ પોતાના, મિત્રપક્ષ તથા અપક્ષ સાથે ૧૧૩ જેટલું સંખ્યાબળ ધરાવતો ભાજપ જાદુઈ આંકડો નીચે જતાં એકલે હાથે સરકાર રચવાની સ્થિતિમાં આવશે. અહીં ચુકાદાની અસર અને ત્યાર બાદ શું થઈ શકે એની છણાવટ કરાઈ છે.

કેસ બંધારણીય ખંડપીઠમાં જાય એવીશક્યતા પ્રબળ છે, કારણ કે તેમાં અનેક મહત્ત્વના સવાલો જેવા કે વ્હીપનો અધિકાર શું ? બે તૃતીયાંશ બહુમતી હોય તો પક્ષાંતરવિરોધી કાયદાનું શું, રાજયપાલે લીધેલા નિર્ણયોની કાયદેસરતા અને મૂળ પક્ષ કોનો? વગેરે સવાલો ઉદભવ્યા છે. અરૂણાચલપ્રદેશના પ્રકરણમાંપાંચ જજોની બેન્ચે ચુકાદો આપ્યો હતો. આથી આમાં મોટી બેન્ચની નિમણૂક કરવી પડે. જો આમ થાય તો આમાં ઉદ્ધવ કે શિંદે જૂથ કરતાં ભારતીય રાજકારણને વધુ ફાયદો થશે, કારણ કે તેમાં પંક્ષાતર કાયદાનું સર્વોચ્ચ અદાલત દ્વારા અર્થઘટન કરાશે.

૨૦૨૪ સુધીમાં રામમંદિર ભકતો માટે ખોલવામાં આવશે

અયોધ્યા,તા. ૬ : અયોધ્યામાં બનેલ 'રામ મંદિર' ૨૦૨૪ સુધીમાં ભક્તો માટે ખુલ્લું મુકવામાં આવશે. મંદિરનું ૪૦ ટકાકામ પૂર્ણ થઈ ગયું છે અને બે વર્ષ પછી ભક્તો અહીં દર્શન માટે આવી શકશે. મંદિરના નિર્માણ કાર્ય સાથે સંકળાયેલા એન્જિનિયરોએ જણાવ્યું હતું કે મંદિરનો પહેલો માળ ૨૦૨૪ની શરૂઆતમાં તૈયાર થઈ જવાની અપેક્ષા છે. રામ જન્મભૂમિ ટ્રસ્ટ દ્વારા નિયુક્ત કરાયેલા પાંચ મુખ્ય એન્જિનિયરોમાંથી એક જગદીશે કહ્યું, 'મંદિરનું નિર્માણ કાર્ય ઝડપથી થઈ રહ્યું છે. મંદિરની દિવાલોમાં ગુલાબી સેંડસ્ટોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે રાજસ્થાનથી મંગાવવામાં આવ્યો છે.' એવું માનવામાં આવે છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા રામ મંદિરને ખોલવામાં આવશે.

થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ વગર વાહન ચલાવવું ભારે પડશે : દંડ ચુકવવો પડશે

નવી દિલ્હી,તા. ૬ : આજે દેશમાં વાહનોની સંખ્યામાં કૂદકેને ભૂસકે વધારો થઈ રહ્યો છે બીજી તરફ અકસ્માતોની સંખ્યા પણ વધી રહી છે ત્યારે આ સ્થિતિ વચ્ચે વાહન ગમે તે હોય પાર્ટી વીમો લેવો ફરજિયાત છે અને તેમ ન કરવું એ મોટર વ્હીકલ એક્ટ હેઠળ સજાપાત્ર ગુનો ગણવામાં આવે છે. જો કોઈ વ્યકિત થર્ડ-પાર્ટી કાર ઈન્સ્યોરન્સ પોલિસી વગર ડ્રાઈવિંગ કરતા પકડાઈ જાય, તો તેણે અપડેટેડ મોટર વ્હીકલ એક્ટ ૨૦૧૯ હેઠળ પ્રથમ વખત રૂા. ૨૦૦૦નું ચલણ જયારે આ ભૂલનું પુનરાવર્તન કરવા પર રૂા. ૪૦૦૦નું ભારે ચલણ ચૂકવવું પડશે.

ચેરીટેબલ ટ્રસ્ટની ધર્મશાળાઓ - સરાઈના રૂમ ભાડા ઉપર જીએસટી નહી લાગે : સ્પષ્ટતા

નવી દિલ્હી તા. ૬ : નાણા મંત્રાલયે જણાવ્યું છે કે, 'ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ' ચેરિટેબલ ટ્રસ્ટો દ્વારા ચલાવાતી ધર્મશાળાઓ કે સરાઈઓના ભાડા ઉપર લાગુ નહીં પડે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડારેક્ટ ટેક્ષીસ એન્ડ કસ્ટમ્સ દ્વારા આ સ્પષ્ટતા કરવામાં આવી હતી.

'આપ'ના સાંસદ રાઘવ ચઢ્ઢા સહિત વિવિધ જૂથોએ આ વેરો ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ દ્વારા ચલાવાતી ધર્મશાળાઓ અને સરાઈઓ ઉપરથી પાછો ખેંચવા કરેલી માંગણીના પગલે નાણાં મંત્રાલયે આ નિર્ણય લીધો હતો. રાઘવ ચઢ્ઢા નાણાં મંત્રી નિર્મલા સીતારમનને મળ્યા હતા અને તેઓને એક પત્ર આપ્યો હતો જેમાં અમૃતસરના સુવર્ણમંદિર આસપાસની સરાઈઓના રૂમ ભાડા ઉપર લેવાતો ૧૨ ટકાનો **GST** દૂર કરવા માંગણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, **GST** કાઉન્સીલે જૂન મહિનામાં રોજના રૂા. ૧,૦૦૦થી ઓછા ભાડાવાળા હોટેલ રૂમો ઉપર ૧૨ ટકા **GST** લાગુ કરવા નિર્ણય લીધો હતો જે તા. ૧૮ જુલાઈ ૨૦૨૨થી લાગુ કરાયો હતો આ પછી શિરોમણિ ગુરૂદ્વારા પ્રબંધક સમિતિએ પોતાની મેળે જ સરાઈઓના રૂમભાડા ઉપર ૧૨ ટકા **GST** ઉઘરાવવો શરૂ કરી દીધો હતો.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, પોર્ટેબિલ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેન્જ ઓફર LED TV રૂા. 6500* થી શરૂ MI-GL ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિક્સ Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ. LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

૦% ડાઉનપેમેન્ટ ૦% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે માતબર પગાર મળશે.

:: સ્ટાફ જોઈએ છે ::

કોમ્પ્યુટરનાં અનુભવી અને સિંગદાણાનાં કારખાનાનાં અનુભવી સ્ટાફની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.

:: કોન્ટેક નંબર ::

૯૯૦૪૭ ૬૫૭૫૭, ૯૯૭૪૬ ૫૫૭૫૭

VARUN CHURNA

ગેસ, કબજીયાત, એ.સી.ડી.ટી., પેટનું ભારે પણું માટે

વરૂણ ચુર્ણ

એકવાર વાપરીને ખાત્રી કરો.

દિનેશ એજન્સી

આઝાદ ચોક, શોપ નં.૨-૩, જૂનાગઢ.

ફોન : ૨૬૨૨૭૩૫, મો.૯૯૨૫૫ ૧૧૯૯૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ડુપ્લેક્ષ વેચવાનું છે

અદ્યતન ફર્નિચર સાથે ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે. ચાર મોટા બેડરૂમ, એક મોટો sitting રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ,મોટું રસોડું કમ ડાઈનિંગ, સ્વતંત્ર બોર, ઉત્તરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબ ફકત આઠ વર્ષનું નવું અદ્યતન બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ફુલ ફર્નિચર સાથે વ્યાજબી ભાવે ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે.

સંપર્ક : મો.૭૫૭૫૮ ૦૬૫૮૫

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

ડો. દિપક પી. ભલાણી M.B.B.S.

સ્પેશ્યાલીસ્ટ જેવી સારવાર ફેમીલી ફીઝીશ્યનનાં ચાર્જમાં

સુવિધા :- ડે-કેર સેન્ટર : ડેન્ગ્યુ, ચિકન ગુનીયા, ટાઈફોર્ડ, જાડા-ઉલ્ટી, મેલેરીયા જેવા કેશોને દાખલ ન કરતા બાટલા ચડાવીને અને જરૂર પડે તો બીજા દિવસે બોલાવવામાં આવે છે.

વ્યસન મુક્તિ કેન્દ્ર

દારૂનાં વ્યસનીને તેની ખબર વગર સહેલાઈથી દારૂ છોડાવવાનું કેન્દ્ર, ઉપરાંત લેબોરેટરી, કાર્ડીયોગ્રામ, નેબ્યુલાઈઝર, બોડી ચેકઅપ પેકેજ, રસીકરણ કેન્દ્ર વગેરે

ઈમ્પિરીયલ પ્લસ, ગ્રાઉન્ડ ફલોર, ગાયત્રી સ્કુલ સામે કોસમાં, ઝાંઝરડા રોડ, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૩૬૯૯૯

ૐ ઉપચાર કેન્દ્ર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

રાજયનાં ભરતી કૌભાંડો મુદ્દે હવે આગામી સમયમાં સરકાર સામે બંડ પોકારવાની વિદ્યાર્થી નેતા યુવરાજસિંહની ગર્જના

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૬

ગુજરાત રાજયમાં પેપર ફૂટયાની અનેક ઘટનાઓ સામે આવી ચૂકી છે. જેમાં આ પેપરકાંડ મુદ્દે જે તે જવાબદાર લોકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી અનેકવાર વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા માંગ કરી ચૂકયા છે. ત્યારે એકવાર ફરી તેઓએ મીડિયા સામે આવી નિવેદન આપતા જણાવ્યું કે, મારે ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે, સાત મહિના જેટલો સમય વીતી જવા આવ્યો છતાં આજ દિન સુધી આ મામલે ના તો સજાત્મક કે દંડાત્મક કોઈપણ કાર્યવાહી કરવામાં આવી કે ન તો કોઈપણ પ્રકારનાં એકશન લેવામાં આવ્યા. વધુમાં જણાવ્યું કે, સરકાર દ્વારા એમ કહેવામાં આવેલું કે, તમે કોઈપણ પ્રકારની પ્રેસ કોન્ફરન્સ કરીને આ પ્રકારની માહિતી જાહેર ન કરશો. તમારી પાસે કોઈપણ માહિતી હોય તો અમને આપવા વિનંતી. તો તેને ધ્યાનમાં રાખીને સરકારનાં જે વહીવટી વડા છે (જીઆઈડીનાં જે મેઈન વડા છે) અને પોલીસ ડિપાર્ટમેન્ટનાં જે મુખ્ય વડા છે તેમને અમે સબ ઓડિટર, ઓડિટર, એટીડીઓ, એમપીએચડબ્લ્યુ અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ આધાર-પુરાવા સાથેની માહિતી, પેપર કયાંથી લિક થયું, પેપર કોણે લિક કર્યું, પેપર કઈ ગાડીમાં લઈ જવામાં આવ્યું, કઈ તારીખે આવ્યું અને પેપર લેનારા વિદ્યાર્થીઓનાં નામ પણ એ સમયે જાહેર કરેલા. ત્યારે સરકારે એ સમયે આશ્વાસન પણ આપેલું કે અમે આ મુદ્દે ચોક્કસથી પગલા લઈશું. પરંતુ માટે આજે દુઃખ સાથે કહેવું પડે છે કે, એ જે ભરતીઓ હતી તેમાં હજુ સુધી કોઈપણ પ્રકારનાં એકશન લેવામાં આવ્યા નથી. એમાંય એટીડીઓમાં તો મોટા ભાગનાં લોકોને નિમણુંક પણ મળી ચુકી છે. આવનાર થોડા દિવસમાં ઓડિટર અને સબ ઓડિટરનાં ઉમેદવારોને પણ સરકાર નિમણુંક આપવા જઈ રહી છે. ખાસ કરીને જે ભ્રષ્ટાચારીઓ છે તેમાં (સીસ્ટમમાં) સરકાર જાણીજોઈને સડો લાવી રહી છે. આ સિસ્ટમનાં સડાને દૂર કરવા અને અટકાવવા માટે મેં એક નિર્ણય લીધો છે કે, આવનાર દિવસોમાં જે-જે ભરતીઓમાં કૌભાંડ થયા છે તે તમામ બાબતોમાં અમે સરકાર સામે બંડ પોકારીશું. આ સાથે તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે થતા ચેડા રોકવા માટે અમે તમામ મોરચે લડવા જઈ રહ્યા છે. શાસકોની સામે અમે આવનાર દિવસોમાં રાજકારણમાં સક્રિય થઈશું. અમે યુવાનોનાં મુદ્દાને લઈને ૧૫ ઓકટોબરની આસપાસમાં ગાંધીનગરમાં આશરે ૫૦ હજારથી એક લાખ યુવાનો ભેગા થઈને યુવા મહાસંમેલન યોજવા જઈ રહ્યા છીએ. આમ આદમી પાર્ટીને લઈને યુવરાજસિંહે નિવેદન આપતા જણાવ્યું કે, હું આમ આદમી પાર્ટી સાથે જ કામ કરીશ. આમ આદમી પાર્ટી જો ટિકીટ આપશે તો હું ચૂંટણી લડવા પણ તૈયાર છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષિક સંઘના આગેવાનોએ યુનિવર્સિટીના ખર્ચે કાર્યક્રમ કરી વાહ વાહી લૂંટી

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા હાલમાં જ કાવ્ય મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કરવા માટે બ્રોકર ચેર હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને મળેલા દાનના વ્યાજમાંથી આ કાર્યક્રમ કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફાઈનાન્સ સમિતિ સમક્ષ બાબત રજૂ કરવામાં આવી હતી. ફાઈનાન્સ સમિતિએ બ્રોકર ચેર હેઠળ આ કાર્યક્રમ કરવા માટે ૩:૩૦ લાખ રૂપિયા નો ખર્ચ મંજૂર કર્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો આ કાર્યક્રમ ગુજરાતી ભવનના અધ્યક્ષે આયોજિત કરવાનો હતો કારણ કે બ્રોકર ચેરના કોર્ડીનેટર તરીકે તેઓ જવાબદારી નિભાવી રહ્યા છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ ભારતીય જનતા પક્ષની નહીં પરંતુ રાષ્ટ્રિય સ્વયમસેવક સંઘની વિચારધારા ધરાવતી શિક્ષકો અને અધ્યાપકોની એક શાખા તરીકે કાર્ય કરી રહી છે. આ શાખા રાષ્ટ્રીય કક્ષાની છે. સંઘ અને રાષ્ટ્રીયતાની વિચાર સાથે જોડાયેલી આ સંસ્થા પાસે એવી અપેક્ષા હોય કે તેના કાર્યકર્તા પોતાની મહેનતથી પોતાની આવડતથી અધ્યાપક અને શિક્ષણ આલમનું ભલું કરે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘની માતૃ સંસ્થા સંઘના હોદેદારો અને મોટા ગજાના કાર્યકર્તાઓ એવું કહેતા અને સમજાવતા જોવા મળે છે કે, મહેનત કરીને સંઘર્ષ કરીને અને પોતે પ્રયત્ન કરીને રાષ્ટ્રનું સમાજનું હિત કરવું તે આપણો મૂળમંત્ર છે. અનેક ત્યાગી લોકોએ સંઘમાં કામ કરીને આદર્શો ઊભા કર્યા હોય તેવા દાખલાઓની વચ્ચે આ જ શૈક્ષિક સંઘની સૌરાષ્ટ્રની પાંખ અને એમાં પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે જોડાયેલા શૈક્ષિક સંઘના લોકો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વારંવાર બ્લેકમેલિંગ કરતા હોય અને પોતાનું ધાર્યું કરાવતા હોય તેવા અનેક ઉદાહરણો આ છે. અગાઉ પણ મારા દ્વારા પ્રજ્ઞેશભાઈને પત્ર લખીને અનેક ઉદાહરણો આપવામાં આવ્યા હતા કે તમારા શૈક્ષિક સંઘના બેનર હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંઘ સાથે જોડાયેલ હોવાનું નાટક કરતા કેટલાક લોકો માત્ર શૈક્ષણિક સંસ્થા ને જ નહીં પરંતુ સમગ્ર સંઘને બદનામ કરી રહ્યા છે. આ વાતને સાબિતી આપતું હાલમાં જ રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હોદેદારોએ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. બ્રોકર ચેર દ્વારા સતત ૨૪ કલાક કાવ્ય મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું અને જેનો સમગ્ર ખર્ચ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઉપાડ્યો છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખર્ચે અને બ્રોકર ચેરના આયોજનના કાર્યભાર જાણે રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ દ્વારા કરવામાં આવ્યો હોય તે રીતે નિમંત્રણ કાર્ડ છાપવામાં આવ્યા. નિમંત્રણ કાર્ડમાં પહેલી જ લીટીમાં ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘનું આયોજન હોય તે રીતે સમગ્ર બાબત રજૂ કરવામાં આવી. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના નામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને દબાવીને કામ કરવા ટેવાયેલા શૈક્ષિક સંઘના પ્રમુખ કમલ મહેતાએ પોતાનું નામ પણ નિમંત્રણ કાર્ડમાં છાપી દીધું અને જાણે સમગ્ર કાર્યક્રમનું આયોજન અને ખર્ચ તેઓએ કર્યો હોય તેવું વાતાવરણ ઊભુ કર્યું. કાર્યક્રમમાં ખિસ્સામાંથી એક પણ પૈસો ખર્ચ કર્યા વગર જશ લેવાની દોડ માટે ટેવાયેલું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ આ વખતે સાવ ખુલ્લું પડી ગયું. કોઈપણ પ્રકારનું રોકાણ નહીં અને કોઈ જવાબદારી નહીં આમ છતાં માલિકી હક ભોગવતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના હોદેદારોએ સમગ્ર સંઘને બદનામ કરવા માટે કશું જ બાકી રાખ્યું નથી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિને આ વાતનો ખ્યાલ હોવો જોઈએ કે યુનિવર્સિટીના કોઈપણ કાર્યક્રમો એ વિદ્યાર્થીઓના પૈસેથતા કાર્યક્રમો છે આ કાર્યક્રમમાં નિમંત્રક તરીકે કોઈ રાજકીય પક્ષના નામ છપાવીને લાભ અથવા ગેરલાભ લેતા હોય ત્યારે તેને અટકાવવા જોઈએ માનનીય કુલપતિશ્રી સમક્ષ માગણી છે કે તમે આ ખર્ચનો ઓછામાંઓછો પચાસ ટકા હિસ્સો અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ રાજકોટ પાસ પાસેથી મેળવો જો આમ કરવામાં નહીં આવે તો નાગપુર ખાતે સંઘના મહત્વના લોકોને આ સમગ્ર બાબતની જાણ કરીને વધુ આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની ફરજ પડશે. સિદ્ધાંત અને મૂલ્ય ની વાતો કરતા સંઘના રાજકોટના આગેવાનો આ વાતની નોંધ લઈ યોગ્ય નિર્ણય કરશે તેવી અપેક્ષા છે.

અખૂટ જળભંડાર : સરદાર સરોવર ડેમ ૮૦ ટકા ભરાયો પાછલા વર્ષ કરતા ૭૦ ટકા વધુ પાણી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૬

ગુજરાત રાજયનાં મોટાભાગનાં વિસ્તારોમાં વરસાદી માહોલ રહ્યો હતો. રાજયનો નર્મદા નદી ઉપર બનેલો સૌથી મોટો સરદાર સરોવર ડેમમાં પાણીની પુષ્કળ આવક થઈ રહી છે, જેની સાથે ડેમ ૭૯.૬૩ ટકા ભરાઈ ગયો છે, હાલ ડેમમાં ૭,૫૩૨.૯૦ એમસીએમ પાણી ભરાયેલું છે. ડેમમાં ઉપરવાસમાં થયેલા સારા વરસાદનાં લીધે ૬૯,૬૦૭ કયુસેક પાણીની આવક થઈ રહી છે, સારી આવક થતા ડેમની સપાટી ૧૨૩.૪૯ મીટર પહોંચી ગઈ છે, એટલે કે તે ડેમની કુલ ઉંચાઈ કરતા માત્ર ૬.૪ મીટર જ ઓછું છે. ૨૮ જુલાઈનાં રોજ સત્તાવાર આંકડો જાહેર કરવામાં આવ્યો હતો તેમાં ડેમની સપાટી ૧૩૦.૮૬ મીટરે પહોંચી હતી અને ત્યારે પાણીનો જથ્થો ૭,૧૧૯.૫૯ એમસીએમ હતો. આ પછી એક જ અઠવાડિયાની અંદર ડેમમાં ૪૦૦ એમસીએમ પાણીની આવક થઈ હતી. પાછલા વર્ષે ૪ ઓગસ્ટનાં રોજ સરદાર સરોવર ડેમમાં ૪,૪૧૬.૬૫ એમસીએમ પાણીનો જથ્થો હતો. જે ચાલુ વર્ષે એજ તારીખે નોંધવામાં આવેલા જથ્થા કરતા ૩,૧૧૬.૨૫ એમસીએમ ઓછું હતું. અધિકારીએ જણાવ્યું કે, સરદાર સરોવર ડેમમાં આ વર્ષે પાછલા વર્ષ કરતા ૭૦.૫ ટકા વધુ પાણી છે.

જળ સંસાધન વિભાગનાં જણાવ્યા પ્રમાણે ગુરૂવાર સુધીમાં રાજયનાં ૨૦૭ મુખ્ય જળાશયોમાં સરેરાશ જળસ્તર ૬૮.૦૩ ટકા હતું. વધુમાં જણાવવામાં આવ્યું છે કે, ૩૩ જળાશયો એવા છે કે જે સંપૂર્ણ ભરાઈ ગયા છે. જયારે ૪૮ જળાશયો એવા છે કે, જે તેની સંપૂર્ણ ક્ષમતાનાં ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરેલા છે. સરદાર સરોવર સિવાયનાં ૨૦૬ જળાશયોનો સંયુકત જળસંગ્રહ ૧૭,૧૮૭ થાય છે. વધુમાં જણાવાયું કે, ગયા વર્ષે આ જ સમયે આ ૨૦૬ ડેમ ૧૧,૯૯૯ હતા. હજુ પણ ૩૮ જળાશયો એવા છે કે, જે ૨૫ટકાથી ૫૦ટકા ભરેલા છે અને ૫૨ ૨૫ ટકાથી ઓછા ભરેલા છે. ગુરૂવારે થયેલા વરસાદ બાદ જે ૩૩ ડેમ ભરાઈ ગયા છે તેમને એલર્ટ ઉપર મુકવામાં આવ્યા છે. જળસંસાધન વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચિંતાજનક મુદ્દો એ છે કે, ઉત્તર ગુજરાત ૧૫ ડેમોમાં જળસંગ્રહનું સ્તર માત્ર ૨૭.૨૪ ટકા જ છે. ગુરૂવારે આ ડેમોમાં પાણીનું સંગ્રહ પર ૬.૬૨ એમસીએમ હતું જે પાછલા વર્ષે ૪ ઓગસ્ટનાં રોજ ૪૭૨.૯૩ હતું. વાત રાજયનાં અન્ય ભાગોની કરીએ તો મધ્ય ગુજરાતનાં ૧૭ ડેમો તેમની સંગ્રહ ક્ષમતાનાં ૪૪.૧૯ ટકા છે, જયારે સૌરાષ્ટ્રમાં ૫૫.૫૪ ટકા, કચ્છમાં ૭૦.૧૭ ટકા અને દક્ષિણ ગુજરાતનાં ૭૪.૫૩ ટકા છે.

ઉપરાષ્ટ્રપતિએ સપરિવાર ભગવાન દ્વારકાધીશનું પૂજન-અર્ચન કરી ધન્યતા અનુભવી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૬

ઉપરાષ્ટ્રપતિ એમ. વૈકેયા નાયડુએ ધર્મપત્ની ઉષાબહેન સાથે સપરિવાર જગત મંદિર ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દ્વારકા મંદિરના પૂજારી દ્વારા શાસ્ત્રોકત વિધિથી ઉપરાષ્ટ્રપતિને પૂજન-અર્ચન સાથે સાથે પાદુકા પૂજન પણ કરાવવામાં આવ્યું હતું. તેમજ મંદિરની પ્રદક્ષિણા કરી હતી. બાદમાં દેવકીજીના મંદિરમાં દર્શન કર્યા હતા. આ પ્રસંગે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ અભિવ્યકત કરતા આશાપુરા રાસમંડળી -મકનપુર દ્વારા અને કસ્તુરબા ગાંધી વિદ્યાલય-આરંભડા દ્વારા પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

યાત્રા પ્રવાસ

પ્રવાસ-૧

બાલકૃષ્ણ યાત્રા, જન્માષ્ટમી સ્પેશ્યલ, અંજાર, ભુજ, વાંઢાઈ, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, માંડવી, ગોધરા (અંબેધામ) ૭ર જીનાલય, માટેલ, રફાશ્વેર સાથે ૨ X ૩ લકઝરી બસ લકઝરી બસ પ્રવાસ દિવસ-૩ ઉપડશે

તા. ૧૭-૮-૨૦૨૨ (રાંધણછઠ્ઠ)

સાંજનાં ૭ કલાકે

પ્રવાસ-૨

દિવાળી સ્પેશ્યલ, ભાઈ-બીજ મથુરા, સાથે દિલ્હી, આગ્રા, મથુરા, હરદ્વાર, જયપુર, નાથદ્વારા સાથે અન્ય સ્થળો સાથે ૨ X ૨ સ્લીપર બસ ઉપડશે તા. ૨૨-૧૦-૨૦૨૨ પ્રવાસ દિવસ-૧૮ થી ૧૯ ઉપડશે તા. ૨૨-૧૦-૨૦૨૨, રહેવા-જમવા સાથે આજે સંપર્ક કરો.

મગનભાઈ મેંદપરા (જૂનાગઢ)

મો. ૯૬૩૮૩ ૮૧૨૫૭

યાદ રાખો

આપનો જૂનામાં જૂનો બોર બુરાય ગયેલ હોય તેને સાફ કરનાર જૂની ડંકી, ડિપવેલમાં લાઈન ફસાઈ ગયેલ હોય તેને કાઢી આપનાર, સીંગલફેસ સબમર્શીબલ બોરમાં ફસાઈ ગયેલ તથા પડી ગયેલ હોય તે કાઢનાર, ૧૦૦ટકા ગેરંટી, કામ થાય તો જ પૈસા આપવાનાં

મજુરી ફકત

રૂા. ૧૫૦૦/- મર્યાદીત

સમીરભાઈ ડંકીવાળા

જૂનાગઢ

મો. ૯૮૯૮૩ ૧૯૪૫૦

દેવભૂમિ દ્વારકાના પીઆઈની અમદાવાદ બદલી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

રાજ્યના ડી.જી. આશિષ ભાટિયા દ્વારા ગઈકાલે જુદા-જુદા જિલ્લાઓમાં ફરજ બજાવતા ૫૫ પોલીસ ઈન્સ્પેકટરની બદલીઓના સામુહિક ઓર્ડરો કરવામાં આવ્યા છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુર ખાતે હાલ ફરજ બજાવી રહેલા જી.આર. ગઢવીની બદલી અમદાવાદ શહેર ખાતે કરવામાં આવી છે. ખંભાળિયાના પી.આઈ. તરીકે પણ તેમની કાયદો અને વ્યવસ્થા અંગેની નોંધપાત્ર કામગીરી નગરજનો માટે યાદગાર બની રહેશે.

આત્મનિર્ભરતા : વડાપ્રધાન મોદીની અપીલની અસર વિદેશમાં ભારતીય રમકડાંની નિકાસ ૬૧ ટકા વધી

નવી દિલ્હી, તા.૬

ઓગસ્ટ ૨૦૨૦ની વાત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, 'વિશ્વમાં રમકડાં ઉદ્યોગ લગભગ સાત લાખ કરોડ રૂપિયા નો છે. તેમાં ભારતનો હિસ્સો ઘણો ઓછો છે. પણ જે દેશમાં આટલો મોટો વારસો હોય, પરંપરા હોય, વિવિધતા હોય, યુવા વસ્તી હોય એ દેશની ભાગીદારી આટલી ઓછી. જી ના. આ સાંભળવામાં સારૂ નથી લાગતું, આપણે સાથે મળીને તેને આગળ વધારવું પડશે.' વડાપ્રધાનની આ અપીલની સાથે જ રમકડાં ઉદ્યોગમાં ભારતની આત્મનિર્ભરતાની નવી કહાની લખાઈ ગઈ. એક મહિનાનો ટોયકથોન, દેશનો પ્રથમ ટોય ફેર, ૧૦૦ ટકા વિદેશી રોકાણને મંજૂરી, ટોય ક્લસ્ટર, વિદેશી રમકડાંમાં ઈનોવેશન અને ડિજિટલ ગેમિંગનાં સેકટરમાં નવી શરૂઆત થઈ. આ પહેલની અસર હવે જોવા મળી રહી છે. ભારતમાં ૨૦૧૮-૧૯માં ૩૭૧ મિલિયન ડોલરનાં રમકડાં આયાત કરવામાં આવ્યા હતા, જ્યારે ૨૦૨૧-૨૨માં આયાત ૭૦ ટકા ઘટીને ૧૧૦ મિલિયન ડોલર ઉપર આવી ગઈ. આ ઉપરાંત, ૨૦૧૮-૧૯માં ભારતીય રમકડાંની વિદેશી બજારોમાં નિકાસ ૨૦૨ મિલિયન ડોલર હતી, જે ૬૧ ટકા વધીને ૨૦૨૧-૨૨માં ૩૨૬ મિલિયન ડોલર ઉપર પહોંચી ગઈ છે.

સોમવારે શ્રાવણ મહિનાની પુત્રદા એકાદશીનું મહત્વ

શ્રાવણ સુદ અગીયારસને સોમવાર તા. ૮-૮-૨૦૨૨ના દિવસે પુત્રદા એકાદશી છે. પુત્રદા એકાદશીનાં દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી સૌ પ્રથમ સૂર્યને અર્ઘ્ય આપવું. ત્યારબાદ બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી અને વિષ્ણુ ભગવાનની છબી રાખી અને તેનું પૂજન કરવું, ત્યારબાદ ઘરે અથવા શિવ મંદિરે જઈ અને મહાદેવજીને જળ ચડાવવું ત્યારબાદ સંતાન પ્રાપ્તિની પ્રાર્થના કરી અને ચોખા ચડાવવા. ભગવાનને નૈવેધમાં સાકર ધરાવી આરતી કરી પ્રાર્થના કરવી. અને જીવનમાં પાંચ નિયમનું પાલન કરવુ. (૧) સત્યનું આચરણ શકય એટલું વધારે કરવું (૨) હિંસા કરવી નહી (૩) મોહ રાખવો નહી (૪) બીજા ઉપર નિર્ભર રહેવું નહી (૫) મહેનતનું જ ખાવું એટલે કે ખોટી રીતે ધન કમાવવું નહી. આ પાંચ નિયમોનું પાલન કરવું. એકાદશીનાં દિવસે બપોરે નીંદ્રાનો ત્યાગ કરવો. રાત્રીનાં ૧૨ વાગ્યા સુધી જાગરણ કરવું. ઉપવાસ કરવા, જપ-ભકિત, કિર્તન કરવા અને એકાદશીની કથાનું વાંચન કરવું.

કથાનો બોધ : કરેલા કર્મોનું ફળ સારૂ અથવા નરશુ ભોગવવું જ પડે છે. તમે અથવા તમારા સંતાનોને આ ફળ ભોગવવું જ પડે છે એ સત્ય વાત છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ

• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૩૮૦
મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦

૧૦૦% ગેરેન્ટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૨૦
ગાયનું ઘી રૂા. ૫૬૦

મલાઈવાળું દહી, ઘોરવું | તાજુ પનીર ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ

શુદ્ધતાના આગ્રહે ચ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

• પાણીપુરી
• મસાલાપુરી
• દહીપુરી
• સેવપુરી
• ભેળ
• દાબેલી
• દિલ્હી ચાટ
• લસણીયા બટેટા
• સમોસા રગડો
• રગડા પેટીસ
• બાસ્કેટ ચાટ

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોટા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

નટરાજ આઈસ્ક્રીમ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

પવિત્ર શ્રાવણ માસ નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે

વિજય ઘી ડીપો

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

મીલાદ/ખતમ માટે

★ સ્પે. નાન ખટાઈ મળશે
★ પફ, પાઉં, બ્રેડ ગરમ મળશે

નારાયણ બેકરી

સુખનાથ ચોક
મો. ૯૮૨૪૦૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

ગીર-સોમનાથ જીલ્લા પોલીસ દ્વારા સોમનાથ સંસ્કૃત યુનિ. ખાતે સાઈબર ક્રાઈમ જાગૃતિ સેમિનાર યોજાયો

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૬

ગીર-સોમનાથ જીલ્લા પોલીસ દ્વારા ઈ-એફઆઈઆર, સાયબર ક્રાઈમ જાગૃતિ તથા સી ટીમની કામગીરી અંગે વેરાવળ સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય વેરાવળ ખાતે ગીર-સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજાના અધ્યક્ષ સ્થાને સેમિનાર યોજાયો હતો. ગીર-સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળ ખાતે આવેલ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ગીર-સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજાના અધ્યક્ષ સ્થાને ગીર-સોમનાથ જીલ્લા પોલીસ દ્વારા ઈ-એફઆઈઆર, સાયબર ક્રાઈમ જાગૃતિ તથા સી ટીમની કામગીરી અંગે સેમીનાર યોજવામાં આવેલ હતો. આ સેમિનારમાં ગીર-સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજા, વેરાવળ ડીવીજનના એએસપી ઓમપ્રકાશ જાટ, શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ, વેરાવળ ખાતે આવેલ વિવિધ કોલેજના પ્રિન્સીપાલો, કોલેજના બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. તેમજ વેરાવળ સીટી પીઆઈ એસ.એમ. ઈશરાણી, પ્રભાસ પાટણ પીઆઈ ગોહીલ, મહીલા પોલીસ સ્ટેશનના પીઆઈ વરચંદ, વાયરલેશ પીએસઆઈ વાઢેર, વેરાવળ સીટી પીએસઆઈ સુવા હાજર રહેલ હતા. સેમીનારની શરૂઆત સંસ્કૃત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતમાં શ્લોકનું પઠન કરી પધારેલ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરી કરવામાં આવેલ હતું અને વેરાવળ ડીવીજનના એએસપી ઓમપ્રકાશ જાટ તથા શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ દ્વારા પ્રસંગોચ્ચિત પ્રવચન આપવામાં આવેલ હતું. સેમીનારના અધ્યક્ષ સ્થાનેથી ગીર-સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલઈ-એફઆઈઆર એપ્લીકેશન સંદર્ભે માહિતી આપી મહત્તમ લોકો દ્વારા સદર એપ્લીકેશનનો ઉપયોગ કરવા આહવાન કરવામાં આવેલ હતું. પોલીસ અધિક્ષક દ્વારા ઈ-એફઆઈઆર એપ્લીકેશનનો ઉપયોગ કરવાથી સામાન્ય નાગરિક પોલીસ સ્ટેશન ખાતે હાજર રહ્યા સિવાય પણ મોબાઈલ કે વાહનની ચોરી સંદર્ભે ફરિયાદ નોંધાવી પોતાના સમય અને શક્તિનો બચાવ કરી ઘરે બેઠા ફરિયાદ આપી શકે તેવી ગુજરાત સરકારની આ નવી પહેલથી લોકોને વાકેફ કરેલ હતા. વાયરલેસ પીએસઆઈ કે.પી. વાઢેર દ્વારા ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા સિટીઝન પોર્ટલ/સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ મારફતે આમ જનતા માટે ઈ-એફઆઈઆરની સુવિધા શરૂ કરવામાં આવેલ છે તેની સંપુર્ણ વિગતવારની સમજુતી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વેરાવળ સીટી પીઆઈ એસ.એમ.ઈશરાણી દ્વારા સાયબર ક્રાઈમ એટલે શું? સાયબર ક્રાઈમના પ્રકારો કેટલા છે? સાયબર ક્રાઈમ કેવી રીતે થઈ શકે? તેના વિષે માહિતગાર કરેલ હતા. બાદમાં વેરાવળ ડીવીઝનના એએસપી ઓમપ્રકાશ જાટ દ્વારા સાયબર ક્રાઈમથી કેવી રીતે બચવું તથા પોતાની સાથે સાયબર ક્રાઈમ/ફ્રોડ થયું હોય તો શું કરવું તેના વિષે સંપુર્ણ માહિતી આપવામાં આવેલ હતી. મહીલા પોલીસ સ્ટેશનના પીઆઈ અનસુયા વરચંદ દ્વારા મહીલા ક્રાઈમ વિષે સમજુતી આપવામાં આવેલ હતી. તેમજ ગીર-સોમનાથ જીલ્લા પોલીસ તથા મહીલા પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે વાકેફ કરેલ હતા. ઉપરોકત તમામ બાબતો પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તથા વિડીયો દ્વારા હાજર તમામ વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવેલ હતી અને છેલ્લે વેરાવળ સીટી પીએસઆઈ સુવાએ હાજર તમામ મહાનુભાવો તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કરી સેમીનાર પુર્ણ કરવામાં આવેલ હતો.

જૂનાગઢમાં જાતિય સતામણી સંદર્ભે સરકારી સેવામાં રહેલા મહિલા અધિકારી-કર્મચારીઓને માર્ગદર્શન આપાયું

કાયદાકીય જોગવાઈઓ અને વિશાખા ગાઈડલાઈનથી અવગત કરાયા

જૂનાગઢ, તા.૬

જૂનાગઢમાં નારી વંદન સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. કામકાજ સ્થળોએ મહિલાઓની જાતિય સતામણીની (અટકાવ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ અધિનિયમ -૨૦૧૩ની જોગવાઈઓની વિસ્તૃત જાણકારી આપી હતી.આ સાથે ભવરીદેવ વી/એસ રાજસ્થાન સ્ટેટ કેસની માહિતી આપી હતી. આ પ્રસંગે દહેજ પ્રતિબંધક અધિકારી (ગ્રામ્ય) બી.ડી.ભાડે અધિકારી એમ.જી.વારસુરે કાર્યક્રમની પૂર્વે ભૂમિકા આપી હતીં. પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈએ બાળકના જન્મના પ્રથમ કલાકથી છ મહિના સુધી માતાનું સ્તનપાનના મહત્વનું સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતું. આ તકે જૂનાગઢ શહેરની જૂદી-જૂદી સરકારી કચેરીઓની આંતરીક સમિતિના અધ્યક્ષ-સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

સોમનાથ-વેરાવળ નગરપાલિકામાં ૩૩૯ લગ્નો નોંધાયા

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૬

સોમનાથ-વેરાવળ-પાટણ નગરપાલિકા લગ્ન નોંધ રજીસ્ટર શાખામાં જુલાઈ ૨૦૨૨માં ૩૩૯ લગ્નો નોંધાયા હતાં જયારે વર્ષ જુલાઈ ૨૦૨૧માં ૨૦૬ લગ્નો નોંધાયા હતાં. એક જ માસામાં ૩૩૯ લગ્નો રજીસ્ટર થયા હોય તે છેલ્લા બે વર્ષનો રેકોર્ડ છે.

જૂનાગઢ જીલ્લામાં લમ્પી વાયરસને અટકાવવા પશુઓની હેરફેર ઉપર પ્રતિબંધ

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લામાં લમ્પી વાયરસને પ્રસરતો અટકાવવા અને તકેદારીના ભાગરૂપે સમગ્ર જિલ્લામાં પશુઓની હેરફેર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ માટે કલેકટર રચિત રાજે સત્તાવાર જાહેરનામુ બહાર પાડી કડક અમલવારી કરવા માટે આદેશ આપ્યાં છે. જાહેરનામા મુજબ અન્ય રાજયો, જિલ્લા, તાલુકાઓમાંથી કે કોઈ ગામમાંથી જૂનાગઢ જિલ્લામાં પશુઓ લાવવા નહિ કે લઈ જવા નહી. આમ, જિલ્લામાં પશુઓની હેરફેર કરવી નહી. ઉપરાંત જૂનાગઢ જિલ્લાના કોઈ પણ વિસ્તારમાં પશુઓનાં વેપાર, પશુ મેળા, પશુ પ્રદર્શન, પશુઓ સાથે રમતો અને પશુઓને એકઠા કરવાનાં થતા હોય તેવા આયોજન કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. ઉલ્લેખનીય છે કે, રાજય સરકારે પશુઓમાં ફેલાયેલા લમ્પી સ્કીન ડીસીઝના નિયંત્રણ માટે અસરગ્રસ્ત પશુઓની સારવાર, આઈસોલેશન, વેકસીનેશન તેમજ આનુષંગિક કામગીરી રાજયના પશુધનના રક્ષણ માટે તંત્ર કરવામાં આવી રહી છે.

દેવભૂમિ દ્વારકા જીલ્લામાં પ્રોજેકટ તુષ્ટિ મારફત વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ગુજરાત સરકાર તથા નયારા એનર્જીના સંકલનથી દેવભૂમિ દ્વારકામાં ચાલતા પ્રોજેકટ તુષ્ટિનીઅમલીકરણ સંસ્થા જે.એસ.આઈ. અને આર. એન્ડ ટી. ઈન્ડિયા ફાઉન્ડેશન- દિલ્હી દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાને કુપોષણ અને એનિમિયા મુકત કરવા કાર્યરત છે. જે અંતર્ગત કલ્યાણપુર તાલુકાના દેવળીયા, ટંકારીયા, બાંકોડી, અને રાણ ગામે આઈ.સી.ડી.એસ શાખા તથા આરોગ્યવિભાગના સંયુકત ઉપકમે વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવણી કરવામાંઆવી હતી. જેમાં પ્રોજેકટ તુષ્ટિ મારફત ડિજિટલ માધ્યમ (વિડિયો, જી.આઈ.એફ.), સંપરામર્શ, રમતો, ગૃપ મિટિંગ, ગૃહ મુલાકાત દરમ્યાન સ્તનપાનનું મહત્વ, પોષણ અને આરોગ્ય વિષેની કાળજી, સ્તનપાનની યોગ્ય રીતો વિષે જાગૃતિ લાવવા કાર્યક્રમો હાલ કાર્યરત છે. જેનો લાભ જિલ્લાના મોટી સંખ્યામાં રહીશોને મળી રહ્યો છે.

જૂનાગઢ મહિલા શરાફી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ મહિલા શરાફી મંડળીની ૩૫મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન ઈન્દ્રપ્રસ્થ હોટલ ખાતે સંપન્ન થયું હતું. બહેનો દ્વારા અને બહેનો માટે ચાલતી આ મંડળી આર્થિક જરૂરિયાતમંદ બહેનો માટે ખુબ લાભદાઈ છે. છેલ્લા ૩૦ વર્ષથી જૂનાગઢ ખાતે આ મહિલા શરાફી મંડળી કાર્યરત છે અને તેના આર્થિક સચોટ નાણાંકીય વ્યવહાર માટે ગાંધીનગર ખાતેથી એવોર્ડ પણ પ્રાપ્ત કરેલ છે. નવા વર્ષની વ્યવસ્થાપક કમિટીની રચના કરવામાં આવેલ છે જેમા પ્રમુખ રસીલાબેન સોઢા, ઉપપ્રમુખ તરીકે સાધનાબેન નિર્મળ અને મંત્રી તરીકે રૂપલબેન લખલાણીની નીમણુંક કરવામાં આવેલ હતી. અન્ય ડિરેકટર તરીકે પૂર્ણિમાબેન ખંડેરીયા, માલીનીબેન વસાવડા, પૂર્ણિમાબેન માંકડ, જસુબેન મહેતા, અલકાબેન ઉપાધ્યાય, અમીષાબેન માંકડ, હિનાબેન મજમુદાર, પ્રતિભાબેન ઠાકરની નિમણુંક કરવામાં આવી હતી. આ તકે બહોળી સંખ્યામાં સંસ્થાના સભાસદો હાજર રહ્યા હતા. આ તકે મંડળીમાં ૩૦ વર્ષ સેવા આપી સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર ઈન્દુબેન ઠક્કરનું સન્માન કરવામાં આવેલ હતું. ઉપસ્થીત સભાસદોમાંથી આરતીબેન જોષી અને રોહીણીબેન આચાર્યએ મંડળી વિષેનો પ્રતિભાવ આપેલ હતો.

ખંભાળિયામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ રાખી મેળો યોજાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ગ્રામ્ય કક્ષાએ મહિલાઓમાં રહેલી આંતરિક શક્તિને ઉજાગર કરી, આર્થિક બાબતે આત્મનિર્ભર બને અને પોતાના પગભર ઉભા થઈ જુદા જુદા વ્યવસાયથી રોજગારી મેળવતા થાય તે માટે બહેનોને સંગઠિત કરી તેમના સ્વસહાય જૂથો બનાવી તેમને તાલીમ, ક્ષમતાવર્ધન અને માર્કેટિંગ સહકાર પૂરો પાડવા સમગ્રદેશમાંદિનદયાલઅંત્યોદય યોજના હેઠળ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અમલીકરણ હેઠળ છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકાજિલ્લાના ખંભાળિયાખાતે રાખી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષમાં શ્રાવણ માસથી વિવિધ તહેવારોની શરૂઆત થાય છે. ત્યારે રક્ષાબંધન પર્વને અનુલક્ષીને રાખડીઓ, ગીફ્ટ આર્ટીકલ તથા ફરસાણ અને મીઠાઈ વિગેરેના વેંચાણ માટે "રાખી મેળા"નું આયોજન કરવામાં આવ્યું છે. આઝાદીના ૭૫ વર્ષના પ્રંસગે "આઝાદી કા અમૃત મહોત્સવ"ની પણ વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે ગ્રામ્ય અને શહેરી કક્ષાએ સ્વ સહાય જૂથના બહેનો દ્વારા ઉત્પાદિત તેમજ વેંચવામાંઆવતી વિવિધ વસ્તુઓના વેંચાણ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ખંભાળિયામાં જોધપુર ગેઈટ પાસે આવેલા નગરપાલિકાના શોપિંગ સેન્ટર પાસે તા.૧ થી ૮ ઓગસ્ટ સુધી રાખીમેળાનું આયોજન કરવામાંઆવ્યું છે. આ મેળોસવારે ૧૦ થી રાત્રે ૮ સુધી ખુલ્લો રહેશે. જેની મુલાકાત લેવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ભાવેશ ખેર દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

ખંભાળિયામાં લાયન્સ દ્વારા રવિવારે વિનામૂલ્યે ડાયાબિટીસ, બીપી કેમ્પ

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ કલબના ઉપકમે આગામી રવિવાર તારીખ સાતમીના રોજ અત્રે જલારામ મંદિર ખાતે ડાયાબિટીસ તથા બીપી રોગ અંગેના વિનામૂલ્યે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ રોગના નિષ્ણાંત તબીબો દર્દીઓને તપાસીનેજરૂરી નિદાન સાથે દવાનુંપણ વિતરણ કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના ડાયાબિટીસ અને બીપીના દર્દીઓનેસંસ્થા વતી પ્રોજેકટ ચેરમેન હાડાભા જામ દ્વારા અપીલ કરવામાં આવી છે.

દેશમાં જનજાગૃતિ માટે વેબ સીરીઝનો પ્રારંભ કરતું વિજ્ઞાન જાથા

સત્ય ઘટના આધારિત કથાવસ્તુનું પાત્રો દ્વારા અભિવ્યકિત થશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૬

દેશ-વિદેશમાં લોકચાહના મેળવનાર ભારત જન વિજ્ઞાન જાથાએ વેબ સીરીઝ - શોર્ટ ફિલ્મમાં ઝંપલાવી રાજકોટ ખાતે હોટલમાં શુભારંભ કર્યો હતો. રાજયના જિલ્લા મથકોએ નવાંગતુક કલાકારોને તક આપી શૂટીંગ કરવામાં આવશે. સત્ય ઘટના આધારિત પર્દાફાશની કથાવસ્તુ ઉપર અંધશ્રદ્ધા સામે જાગૃતિ આવે તેવા હેતુથી લોકચળવળ ઉભી કરવામાં આવશે. પસંદગીપાત્ર સદસ્યોને બોલાવવામાં આવ્યા હતા. દેશભરમાં જનજાગૃતિ કેળવવાના હેતુથી વેબ સીરીઝનું ઉદ્ઘાટન મહાનગરપાલિકાના ડે. મેયર દર્શિતાબેન શાહે દિપ પ્રાગ્ટય કરી ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે, હું વ્યવસાયે ડોકટર હોવાના કારણે વિજ્ઞાન તરફ રૂચિ હોય તે સ્વાભાવિક છે. જાથાની પ્રવૃત્તિ સમાજ માટે ઉપયોગી સાથે લોકોને જોડવાની, બંધુત્વની ભાવના સર્વોત્તમ છે. વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિવારણનું કાર્ય મીશનથી કરે છે તેની પ્રશંસા કરૂ છું. વિપરીત પરિસ્થિતિમાં સતત કામ કરવું તે પ્રશંસાને પાત્ર છે. જાથાની ટીમ હંમેશા સકારાત્મક કાર્ય કરે છે તેથી તંત્ર હરહંમેશ મદદ કરે છે. દેશનો મોટાભાગનો સમુહ જાથાની પ્રવૃત્તિથી પ્રભાવિત છે. જાથાની વેબ સીરીઝના પ્રારંભમાં મને બોલાવી તે યાદગાર રહેશે. જયંત પંડયા તરફ આદરમાં તેના કાર્યોને બિરદાવું છું તેમણે સદસ્યોને વિજ્ઞાન કેલેન્ડરનું વિતરણ કર્યું હતું. જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ વેબ સીરીઝના ઉદ્ઘાટનપ્રસંગે એપિસોડમાં સત્ય ઘટના આધારિત કથાવસ્તુ મુકવામાં આવશે તેમાં અંધશ્રદ્ધાને દેશવટો આપવા સંબંધી સંદેશો મુકવામાં આવશે. અત્યાર સુધીમાં ૧૨૦૮ પર્દાફાશમાંથી એકસો કથાવસ્તુની પસંદગી કરવામાં આવી છે તેના ઉપર છેતરપિંડી કરનારાઓની પોલખોલ કરવામાં આવશે. જાથાની વેબ સીરીઝ સદસ્યો માટે હોટલ સહિત ખર્ચ રવિ ટેકનો ફોર્જના માલિક અમુભાઈ ભારદીયાએ ઉઠાવ્યો હતો. સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. સફળતા માટે અભિનંદનનો સંદેશો પાઠવ્યો હતો. રાજકોટની નામાંકિત હોટલમાં શુભારંભમાં ઉમેશરાવ, દિનેશ હુંબલ, નર્મળિ મેત્રા, નર્ભયિ જોશી, નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, મનસુખભાઈ ગોહિલ, રાજુભાઈ સોજીત્રા, ગુલાબિંહ ચૌહાણ, કિશોર હાપલીયા, રામભાઈ આહિર, હરેશ ભટ્ટ, અંકલેશ ગોહિલ, તુષાર રાવ, દેવેષ ભટ્ટ, રોમિત રાજદેવ, સાહિલ રાજદેવ, રવિ સાકરીયા, હર્ષાબેન પંડયા વકીલ, ભાવનાબેન વાઘેલા, ભકિત રાજગોર, પ્રફુલ્લાબેન રાવ, નમ્રતાબેન કોટક, ભાનુબેન ગોહિલ, હિના કોટકએ હાજરી આપી હતી. જાથાના ઉપપ્રમુખ નાથાભાઈ પીપળીયાએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત અને આભાર વિધિ સહમંત્રી પ્રમોદભાઈ પંડયાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મિમિક્રી આર્ટીસ્ટ ઉમેશ રાવે કર્યું હતું. માહિતી માટે મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

ખંભાળિયાની શૈક્ષણિક સંસ્થાનું ઉજ્જવળ પરિણામ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાની જાણીતી ડિવાઈન ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગ નામની શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તાજેતરમાં લેવામાં આવેલી GPSSB ANM FHWની સરકારી ભરતીમાં આ સંસ્થાના કુલ ૩૮ વિદ્યાર્થીઓ પૈકી ૨૦ વિદ્યાર્થીઓ આ સરકારી ભરતીમાં ઉતીર્ણ થયા છે. જેને નોંધપાત્ર ગણી શકાય. સાહેબ તથા સંસ્થાને ગૌરવ અપાવનારી આ સિદ્ધિ બદલ આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના ડાયરેકટર ડોકટર પી.વી. કંડોરીયા તથા તેમની ટીમ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ભારત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

વયોશ્રેષ્ઠ સન્માન

રાષ્ટ્રીય પુરસ્કાર, ૨૦૨૨, હેતુ નામાંકન આમંત્રીત

નામાંકન પ્રાપ્ત કરવાની છેલ્લી તારીખ ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ છે

સામાજિકન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર, વૃધ્ધજનવિશેષ કરીને નિરાશ્રીત વરિષ્ઠ નાગરીકોની ભલાઈને માટે વિશિષ્ટ સેવા પ્રદાન કરવાવાળા પ્રખ્યાત વરિષ્ઠ નાગરીકો તથા સંસ્થાઓને નીચે આપેલ શ્રેણીઓ અંતર્ગત "વયોશ્રેષ્ઠ સન્માન (રાષ્ટ્રીય પુરસ્કાર)", ૨૦૨૨ પ્રદાન કરવા માટે રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in/) ઉપર નામાંકન હેતુ આમંત્રીત કરે છે :-

- પુરસ્કારોનાં નામાંકન હેતુ પાત્રતા માપદંડ અને પ્રફોર્મા તથા નામાંકનની પ્રક્રિયા વગેરેની વિસ્તૃત વિગતો સામાજિક ન્યાય અનેઅધિકારિતા વિભાગની વેબસાઈટ http://socialjustice.gov.in ઉપર આપવામાં આવી છે.
- નિયત પ્રફોર્મામાં તમામ સંદર્ભમાં નામાંકન પૂર્ણ કરવા માટે જરૂરી દસ્તાવેજો, નોમિનીનો ફોટો તથા બાયોડેટા સહિત (વ્યકિત વિશેષ શ્રેણીનાં મામલામાં)ને https://awards.gov.in/) ઉપર અપલોડ કરી શકાય છે. કોઈપણ ભૌતિક આવેદન ઉપર વિચાર કરવામાં આવશે નહી.
- નામાંકન પ્રાપ્ત કરવાની છેલ્લી તારીખ ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ છે. વ્યકિતઓ અથવા સંસ્થાઓનાં સ્વ-નામાંકનો અને આવેદનો, જેને નિયત એજન્સીઓ / વ્યકિતઓ દ્વારા ભલામણ કરવામાં ન આવી હોય, તેના ઉપર વિચાર કરવામાં આવશે નહી અને તેને અસ્વીકાર કરવામાં આવશે.

CBC 38101/11/0020/2223

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

તાઈવાન મામલે ચીન-અમેરિકા વચ્ચે વધતો તણાવ શું યુધ્ધમાં પરિણમશે ?

ચીનની પરિણામ ભોગવવાની ધમકીને ધોઈ પીતાં અમેરિકી પ્રતિનિધિ સભાની સ્પીકર નેન્સી પેલોસીનું વિમાન અસમંજસની સ્થિતિને યથાવત રાખતાં મંગળવારે જેવું જ તાઈવાનના એરપોર્ટ ઉપર લેન્ડ થયું, ચીનનો પારો પણ સાતમાં આકાશે પહોંચી ગયો. પચીસ વર્ષમાં અમેરિકાના કોઈ પણ ચૂંટાયેલા ઉચ્ચ અધિકારીની તાઈવાનમાં આ પહેલી યાત્રા હતી. ચીનનું માનવું છે કે, અમેરિકા તાઈવાનમાં અલગતાવાદી એજન્ડા ઉપર કામ કરી રહ્યું છે, જેને નેન્સી પેલોસીની યાત્રાથી બળ મળી શકે છે. જોકે, તાઈવાનને ચીન પોતાની મુખ્ય ભૂમિનો હિસ્સો ગણાવી રહ્યું છે અને પેલોસી ત્યાં જવાની કથિત યોજનાથી તે ભડક્યું છે. પેલોસીની પ્રસ્તાવિત યાત્રા ઉપર ચીની રાષ્ટ્રપતિ જિનપિંગે પોતાના સમકક્ષ બાઈડનને ગયા અઠવાડિયે ફોન ઉપર વાતચીતમાં ચેતવણી આપતાં કહ્યું હતું કે, જે લોકો આગ સાથે રમે છે તેઓ તેનાથી જ નષ્ટ થઈ જાય છે. પડોશી દેશોમાં સામંજસ્ય સ્થાપિત કરવા માટે બહુ કડક કૂટનીતિનો પ્રયોગ કરવામાં આવે છે, પરંતુ ચીન જે પ્રકારે હથિયારોની એક મોટી ખેપ અને આર્થિક રૂપે સુદ્રઢ થવાના અહંકારમાં દરેક પડોશી દેશને ધમકાવે છે, તે કમજોર કૂટનીતિની અનુભૂતિ કરાવે છે. ઈતિહાસ સાક્ષી છે કે, તિબેટને દક્ષિણમાં નેપાળ સાથે પણ કેટલીય વાર યુધ્ધ કરવું પડ્યું અને નેપાળે તેને હરાવ્યું. નેપાળ અને તિબેટની સંધિ અનુસાર તિબેટ દ્વારા દર વર્ષે નેપાળને પાંચ હજાર નેપાળી રૂપિયા દંડ ભરવો પડ્યો. આ દંડથી બચવા માટે તેણે ચીનની સહાયતા માંગી. ચીનની સહાયતાથી તેણે નેપાળથી તો છૂટકારો મેળવી લીધો, પરંતુ ત્યારબાદ ૧૯૦૬માં ચીને તિબેટ ઉપર કબ્જો કરી લીધો. ૧૪માં દલાઈ લામાએ ૧૯૪૦માં શાસન ભાર સંભાળ્યો. આ તરફ ચીનમાં ઓક્ટોબર ૧૯૪૯માં એક ગૃહયુધ્ધમાં ચ્યાંગ કાઈ-શેકના કુઓમિનતાંગ રાષ્ટ્રવાદીઓને હરાવ્યા બાદ માઓત્સે તુંગના નેતૃત્વમાં કમ્યુનિસ્ટોએ બેજિંગની સત્તા ઉપર કબ્જો કરી લીધો. ૨૩ મે, ૧૯૫૧ના રોજ ચીને તિબેટ ઉપર કબ્જો કરી લીધો હતો, જેનું ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરૂએ પણ સમર્થન કર્યું, જેનાં પરિણામો આપણે આજ સુધી ભોગવી રહ્યા છીએ. હિમાલય પારનું ચીન હવે તિબેટ લઈ લીધા બાદ ભૂતાન તથા આપણા ભારત માથે આવીને બેસી ગયું છે. ભારત અને તિબેટમાં તેને કાળો દિવસ કહેવામાં આવે છે. વાસ્તવમાં આ જ દિવસે તિબેટે ચીનના દબાણમાં આવીને એક સમજૂતી ઉપર હસ્તાક્ષર કર્યા હતા, જેના બાદ તિબેટ ઉપર ચીનનો કબ્જો થઈ ગયો. ૧૯૫૧થી ભૂમિ સુધાર કાયદો અને દલાઈ લામાના અધિકારોમાં હસ્તક્ષેપ અને કપાત થવાને કારણે અસંતોષની આગ સળગવા લાગી, જે અનુક્રમે ૧૯૫૬ અને ૧૯૫૯ જોરશોરથી ભડકી ઊઠી. પરંતુ માઓત્સે તુંગના બળપ્રયોગ દ્વારા તેને દબાવી દેવામાં આવી. તિબેટ ઉપર ચીનના ગેરકાયદે કબ્જાથી અહીં લોકોમાં ચીન વિરૂધ્ધ ગુસ્સો વધવા લાગ્યો. ૧૯૫૯માં રાજધાની લ્હાસામાં થયેલા પહેલા હિંસક વિરોધ પ્રદર્શનોને ચીને સૈન્ય કાર્યવાહીથી ક્રૂરતાથી કચડી નાખ્યો, જેમાં હજારો તિબેટીઓના જીવ ગયા. અત્યાચારો, હત્યાઓ વગેરેથી કોઈ પ્રકારે બચીને દલાઈ લામા નેપાળ પહોંચી શક્યા. હાલમાં તેઓ ભારતમાં રહીને તિબેટને ચીનથી અલગ કરવાની કોશિષ કરી રહ્યા છે. શ્રીલંકાનું તાજું ઉદાહરણ આખું વિશ્વ જોઈ રહ્યું છે જે ચીનના દેવામાં ખુવાર થઈ ગયું. ભારતની હજારો કિલોમીટરની સીમા ચીન સાથે જોડાય છે. ભારતનો પ્રાચીન ઈતિહાસ રહ્યો છે કે તે કોઈના ઉપર પહેલું આક્રમણ નથી કરતું. આ નીતિને ભારતની કમજોરી સમજીને જિનપિંગની સરકારે વારે-તહેવારે ભારત સાથે સીમા ઉપર ઝગડો કરીને દબાણ કરવાનો અસફળ પ્રયાસ કરે છે. હજુ હાલમાં જ અણધારી મુલાકાતે ભારત આવેલ ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે વિદેશમંત્રી જયશંકરની ત્રણ કલાક ચર્ચા ચાલી, જે બંને દેશોના પરસ્પર સંબંધો ઉપર જ કેન્દ્રિત રહી. મે અને જૂન ૨૦૨૦માં બંને દેશોની સેનાઓ વચ્ચે સીમા ઉપર કેટલાય વિસ્તારોમાં અથડામણ થઈ હતી. ૧૫ જૂને લદ્દાખની ગલ્વાન ઘાટીમાં બંને દેશોના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ જેમાં ભારતીય સેનાના કમ સે કમ ૨૦ સિપાઈ માર્યા ગયા અને ચીનના ૪૦થી પણ વધારે, જેને તે માનવા તૈયાર નથી. આ ઘટના બાદ તરત બંને દેશોએ સીમા ઉપર ભારે સંખ્યામાં સેના તૈનાત કરી દીધી અને બંને દેશ લગભગ યુધ્ધના આરે પહોંચી ગયા હતા. હાલમાં નેન્સી પેલોસીની તાઈવાન યાત્રાથી સાત દાયકાઓથી ચાલી રહેલ ચીન-તાઈવાન વિવાદ, ફરી એક વખત વધી ગયો. છેલ્લાં ૭૦ વર્ષોથી ચીનને તાઈવાનના મુદ્દે અમેરિકાના વિરોધનો સામનો કરવો પડ્યો છે. ચીનનો હંમેશા દાવો રહ્યો છે કે તાઈવાન તેનો જ હિસ્સો છે, જ્યારે તાઈવાન ખુદને એક અલગ સ્વતંત્ર દેશ માને છે. તાઈવાનને અમેરિકાનું સમર્થન મળ્યા બાદ ચીન તાઈવાનથી વધુ ચીડાઈ ગયું છે. ચીન તેને પોતાની સંપ્રભુતા ઉપર અમેરિકી હુમલા તરીકે જુએ છે, પરંતુ વિશ્વ બિરાદરીમાં ચીનના આ વલણને એકાદ દેશને છોડીને સમર્થન નથી મળી રહ્યું. ચીને અમેરિકાને ચેતવણી આપી હતી કે જો અમેરિકાની સંસદ અધ્યક્ષ નેન્સી પેલોસી તાઈવાન ગયાં, તો અમેરિકા તેની કિંમત ચૂકવશે. ચીને આ તણાવ વચ્ચે ટેન્ક અને અન્ય હથિયારોની તૈનાતી કરી છે, જેના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. તાઈવાનના વડાપ્રધાન સુ ત્સેંગ ચાંગ અનુસાર અમેરિકી સંસદની અધ્યક્ષા નેન્સી પેલોસીનું તાઈવાને ચીનની પોકળ ધમકીઓને અવગણીને જબરદસ્ત સ્વાગત કર્યું, જેનાથી ચીન માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. જાન્યુઆરી ૨૦૧૯માં પણ જિનપિંગે ચેતવણી આપી હતી કે ચીન અને તાઈવાનનું એકીકરણ અનિવાર્ય છે, તેને કોઈ રોકી નહીં શકે. ૨૦૨૧માં અમેરિકા-ચીન તણાવને કારણે ચીની સૈન્ય જેટથી તાઈવાનના રક્ષા ક્ષેત્રમાં સેંકડો વખત ઘૂસણખોરી કરી હતી. ઓક્ટોબરમાં અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડને કહ્યું હતું કે, જો ચીન તાઈવાન ઉપર હુમલો કરે છે તો સંયુક્ત રાજ્ય અમેરિકા તાઈવાનની રક્ષા કરશે. ૨૩ મેએ બાઈડેને પશ્ચિમથી યુક્રેન ઉપર રશિયા વિરૂધ્ધ મજબૂતીથી ઊભું હોવા માટે ચીન દ્વારા તાઈવાનને બળપૂર્વક લેવાની કોશિષ ઉપર વાંધો વ્યક્ત કર્યો અને દોહરાવ્યું કે અમેરિકા આક્રમણની સ્થિતિમાં તાઈવાનની રક્ષા કરશે. ૨ ઓગસ્ટે નેન્સી પેલોસી એશિયન પ્રવાસ દરમ્યાન તાઈવાનમાં ચીની ધમકીઓને અવગણીને પહોંચ્યાં. પેલોસીનું કહેવું છે કે, તેમની યાત્રા તાઈવાન પ્રત્યે વોશિંગ્ટનની મજબૂત પ્રતિબધ્ધતાને દર્શાવે છે. પેલોસીની યાત્રા સમયે ચીનના ૨૧ યુધ્ધ વિમાન તાઈવાનના એર ડિફેન્સ ઝોનમાં ઘૂસી ગયાં. બંને દેશ વિશ્વના સરતાજ બનવા માંગે છે. જોકે, અમેરિકા તો પહલેથી જ સરતાજ છે પરંતુ ચીનની સતત વધતી શક્તિ તેને પડકારી રહી છે. ચીનને વિશ્વના શિરમોર બનવાની એટલી ઉતાવળ છે કે તેના માટે તે આખા વિશ્વને યુધ્ધમાં ઝીંકવાથી પણ ખચકાશે નહીં. હવે લાગે છે કે, આ બેજવાબદાર દેશોને કારણે ત્રીજું વિશ્વયુધ્ધ નજીકના ભવિષ્યમાં થઈને રહેશે. જે સમગ્ર વિશ્વને અસર કરી શકે છે.

લીલા શાકભાજીને બિનઆરોગ્યપ્રદ બનાવી રહી છે પાણી-જમીનમાં ભળતી ધાતુઓ, અભ્યાસમાં ઘટસ્ફોટ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૬

પાલક અને કોબીજ જેવા લીલા શાક જેને આપણે આરોગ્યપ્રદ માનીને ખાઈએ છીએ તે નુકસાનકારક હોય શકે છે. જે જમીનમાં શાક ઉગે છે અને પાણીથી સિંચાઈ કરવામાં આવે છે તેમાં રહેલી ભારે ધાતુના લીધે શાક બિનઆરોગ્યપ્રદ હોય શકે છે. 'હેવી મેટલ્સ ઈન સોઈલ, એગ્રીકલ્ચરલ પ્રોડક્ટ એન્ડ ઈન ગ્રાઉન્ડ વોટર ફ્રોમ ઈન્ડસ્ટ્રીઅલી કન્ટામિનેટેડ સાઈટ્સ ઓફ ગુજરાત' નામનો ડોક્ટરલ સ્ટડી (પીએડી માટેનો સ્ટડી) હાથ ધરવામાં આવ્યો હતો. પંડિત દીનદયાળ યુનિવર્સિટી(PDEU)ની સ્કૂલ ઓફ ટેકનોલોજીના બીભાબાસુ મોહંતીએ આ સ્ટડી હાથ ધર્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો કે, અમદાવાદ શહેરમાંથી શાકભાજીના લેવાયેલા સેમ્પલમાંથી મંજૂર કરાયેલા સ્તર કરતાં ધાતુનું વધુ પ્રમાણ શાકભાજીમાંથી મળી આવ્યું હતું. લીડ અને નિકલ જેવી ધાતુઓનું વધુ પ્રમાણ શાકમાંથી મળ્યું હતું. PDEUના એસોસિએટ પ્રોફેસર ડો. અનિર્બાન દાસના માર્ગદર્શન હેઠળ આ સ્ટડી હાથ ધરવામાં આવ્યો છે. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો અહેવાલ જણાવે છે. શાકભાજીમાં ધાતુના વધારે પ્રમાણના સ્ત્રોતની જાણકારી મેળવવા માટે જમીન અને ભૂગર્ભજળની ચકાસણી કરવી જરૂરી છે. રીંગણ, ટામેટા, કોબીજ, ફૂલેવર અને પાલક જેવા શાકભાજીમાં ભારે ધાતુઓના સ્ત્રોતની માહિતી મેળવવા માટે જમીન અને ભૂગર્ભજળનો સ્ત્રોત ચકાસવો જોઈએ. ગ્યાસપુર, વિસલપુર, કાસીન્દ્રા, સરોડા, ચંડીસર, કલોલી, અસમાલી જેવા વાસણા સૂએજ પ્લાન્ટની

આસપાસના વિસ્તારમાંથી સેમ્પલ લેવાયા હતા. કોપર, મેંગેનીઝ, નિકલ, લીડ અને ઝિંક જેવી ભારે ધાતુઓનું ઊંચું પ્રમાણ વેસ્ટવોટરમાં મળી આવ્યાનો ઉલ્લેખ સ્ટડીમાં કરવામાં આવ્યો છે. ભારતીય અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા નક્કી કરવામાં આવેલા માપદંડો કરતાં આ ધાતુઓનું ઊંચું પ્રમાણ જોવા મળ્યું હતું. સૌથી વધુ પ્રવર્તી રહેલી ભારે ધાતુમાં ઝિંકની સાંદ્રતા સૌથી વધારે હતી, જે બાદ મેંગેનિઝ અને કોપરનો ક્રમ આવે છે. સિંચાઈમાં વેસ્ટવોટરનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તેમાં ધાતુઓ ખાસ કરીને નિકલ અને લીડની સાંદ્રતા વધુ જોવા મળે છે. દાખલા તરીકે કે, પ્રતિ ગ્રામ શાકભાજીમાં ૧.૫ માઈક્રોગ્રામ નિકલની મંજૂરી હોય તો રીંગણના સેમ્પલમાં નિકલનું પ્રમાણ ૪.૧, ટામેટા અને કોબીજમાં ૪.૨ અને ફૂલેવરમાં ૩.૮ હતું. પ્રતિ ગ્રામ શાકમાં લીડની માન્યતા પ્રાપ્ત મર્યાદા ૨.૫ માઈક્રોગ્રામ હોય તો રિસર્ચરોને એક સ્થળે પાલકમાં તેનું પ્રમાણ ૮.૪ મળ્યું જ્યારે એક ગામમાં રીંગણમાં તેનું પ્રમાણ ૬.૯ હોવાનું જાણવા મળ્યું હતું. શહેરની એક યુનિવર્સિટીના ફેકલ્ટી ડો. મોહંતીએ જણાવ્યું, અમદાવાદની આસપાસના વિસ્તારમાં ભારે ધાતુના સંદર્ભમાં ત્રણેય પાસા-ભૂગર્ભજળ, જમીન અને અંતિમ ઉત્પાદન (શાકભાજી)ની ચકાસણી થઈ શકે તે માટેના પહેલવહેલા સ્ટડી પૈકીનો આ એક છે. અગાઉના સ્ટડીમાં બહાર આવ્યું હતું કે, રાજકોટમાં કોબીજ, વટાણા, મરચાં અને રીંગણમાં કેડમિયમ, લીડ અને ક્રોમિયમની હાજરી હતી. જ્યારે જમીનમાં આર્સેનિક હતું. વડોદરામાં પાકેલા પાલક, મૂળા, ટામેટા, મરચાં અને કોબીજમાં આર્સેનિક, લીડ અને નિકલનું પ્રમાણ મળી આવ્યું હતું. જમીનમાંથી નુકસાનકારક ભારે ધાતુઓને દૂર કરવા માટે સોઈલ વોશિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું સૂચન સ્ટડીમાં આપવામાં આવ્યું છે. સૂએજના પાણીને વધુ સારી રીતે સ્વચ્છ કરીને તેમાંથી ભાર ધાતુના તત્વો દૂર કરવાની સલાહ આપવામાં આવી છે. ભારે ધાતુઓના સૂક્ષ્મકણોના વધુ વજનના કારણે માનવ શરીર તેના ઉપર અસરકારક પ્રક્રિયા નથી કરી શકતું. સામાન્ય પ્રક્રિયા દ્વારા કિડની તેને દૂર નથી કરી શકતી અને તેના કારણે તે શરીરમાં જમા થાય છે. જે બાદમાં શરીરના વિવિધ અંગો જેવા કે લિવર, હાડકાં અને મગજ સુધી પહોંચીને તેના સામાન્ય ફંકશનને અવરોધે છે. તેમ શહેરના ટોકિસકોલોજીસ્ટે જણાવ્યું. નીકલ અને લીડના કારણે અનિંદ્રા, હાયપરટેન્શન, ફર્ટિલિટીમાં ઘટાડો થવા જેવી સમસ્યા ઉપરાંત ચેતાકાર્યો અને મૂત્રાપિંડને પણ નુકશાન પહોંચાડે છે, તેમ સ્ટડીમાં જણાવાયું છે.

વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટેક્નોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ

આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં ગુજરાતનું મહત્વનું પગલું : ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૬

સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટેક્નોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામથી શુભારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડ્રોનમાં નેનો યુરિયા ભરીને, ડ્રોન ઓપરેટ કરીને રાજ્ય સરકારની આ ઐતિહાસિક પહેલનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ખેડૂતોની આવક બમણી કરવા સતત પ્રયત્નશીલ છે. ખર્ચ ઘટે અને ઉત્પાદકતા વધે એવા પ્રયત્નો કરાઈ રહ્યા છે ત્યારે ગુજરાતમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા અમે એ દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. કૃષિ વિમાન-કિસાનનું વિમાન એટલે ડ્રોન. એવી ઓળખ આપીને ડ્રોન ટેકનોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવની સો ટકા રાજ્ય પુરસ્કૃત યોજનાનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે વર્તમાન સમયમાં હવે કોઈએ દેશ માટે મરી ફીટવાની જરૂર નથી હવે સૌએ દેશનું ગૌરવ વધે એ રીતે જીવન જીવવાની જરૂર છે. પ્રાકૃતિક સંપદાનું જતન અને સંવર્ધન થાય એ રીતે જીવવાનું છે. નેનો યુરિયાના ઉપયોગથી રાસાયણિક ખાતરોની આયાતમાં ખર્ચાતું વિદેશી હૂંડિયામણ બચશે અને સબસીડીનો ખર્ચ પણ ઘટશે. એટલું જ નહીં, ડ્રોન દ્વારા નેનો યુરિયાના છંટકાવથી પાણીની પણ બચત થશે. નાની નાની વસ્તુઓની કાળજી લેવાથી આપણે દેશની મોટી સેવા કરી શકીશું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત પ્રગતિ કરી રહ્યું છે અને એમાં ગુજરાત 'ગ્રોથ એન્જિન' બન્યું છે, એમ કહીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, કોરોનાકાળમાં મોટા મોટા દેશોએ પણ પોતાની પ્રજાને પોતપોતાના હાલ ઉપર છોડી દીધી હતી ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌના સાથ-સૌના વિકાસ-સૌના પ્રયાસ અને સૌના વિશ્વાસથી ભારતને સાંગોપાંગ ઉગાર્યું છે. એટલું જ નહીં, સૌને વિનામૂલ્યે વેક્સિન આપીને ઐતિહાસિક કામ કર્યું છે. ધંધા-રોજગારની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને જરૂરીયાતમંદ વ્યક્તિઓને વિનામૂલ્યે રાશન આપ્યું છે. આવા કપરાકાળમાં પણ કોઈ મુશ્કેલીમાં ન મુકાય એવા પ્રયત્નો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યા છે. દેશ અને દુનિયામાં ડ્રોન ટેકનોલોજી દ્વારા સૌપ્રથમ વખત ગુજરાતના ખેતરમાં નેનો યુરિયાનો છંટકાવ થઈ રહ્યો છે એ માટે તેમણે ખેડૂતોને અભિનંદન આપ્યા હતા. તા.૧૩થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાઈને પોતપોતાના ઘર, ઓફિસ કે વ્યવસાયની જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવવા ઉપસ્થિત સૌને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપીલ કરી હતી. વિશ્વમાં સૌ પ્રથમ વખત ડ્રોન દ્વારા નેનો યુરિયાનો છંટકાવ કરવાનો આરંભ કરવામાં આવ્યો છે, તેનો આનંદ વ્યક્ત કરીને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સાંઘાણીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની સમૃધ્ધિ, સલામતી અને આર્થિક ઉન્નતિનું સ્વપ્ન જોયું છે. જેને સફળ બનાવવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મક્કમતાથી આગળ ધપી રહ્યા છે. નેનો યુરિયાનું સંશોધન વિશ્વમાં સૌ પ્રથમ ઈફકોએ કર્યું છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાનએ ધરતી અને વાયુના રક્ષણ તથા સૌ નાગરિકોના આરોગ્યની સલામતી માટે યુરિયાના વપરાશને ઘટાડવા અનુરોધ કર્યો હતો. ઈફકોના સંશોધકોએ નવીન પ્રયોગો હાથ ધરીને નેનો યુરિયાનું નિર્માણ કર્યું છે. સહકારથી સમૃધ્ધિના સૂત્રને સાર્થક કરવા ઈફકોએ નેમ લીધી છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોની સંસ્થા એવી ઈફકોએ ૨૦ ટકા ડિવિડન્ડ આપ્યું છે. તે ઉપરાંત ગુજકોમાસોલ જેવી અનેક ખેડૂતોની સંસ્થાઓ ખેડૂતોને સારામાં સારૂ ડિવિડન્ડ આપી રહી છે. ડ્રોન થકી નેનો યુરિયાનું કામ ખેડૂતો ઝડપથી કરી શકશે. કૃષિક્ષેત્રે નવી ક્રાંતિની દિશામાં ખેડૂતોએ આ ટેકનોલોજી થકી ડગ માંડયા છે. ખેતી નિયામક એસ.જે. સોલંકીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ વધે તે માટે રાજ્ય સરકારે બજેટમાં રૂા.૫૫ કરોડની જોગવાઈ કરી છે. જેના થકી ૧.૪૦ લાખ એકરમાં એટૂસોર્સ અને આઈ.ખેડૂત પોર્ટલ પધ્ધતિથી કામગીરી કરવામાં આવનાર છે. ગામોના કલસ્ટર બનાવી સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતોના નામની યાદી તૈયાર કરવામાં આવશે. તેમના ખેતરમાં નેનો યુરિયાનો છંટકાવ ડ્રોન થકી કરીને ઈફકો દ્વારા એવેલ્યુશન રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. આ કાર્યને સુચારૂ રીતે કરવા માટે ઈફકો સંસ્થા દ્વારા રાજ્યમાં ૫૫ ડ્રોન લાવવામાં આવ્યા છે. ફિલ્ડ સ્ટાફને તાલીમબદ્ધ કરવામાં પણ આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, આઈ-ખેડૂત પોર્ટલ પધ્ધતિ મારફતે રૂા.૨૩ કરોડનો ખર્ચ થનાર છે. ૯૨ હજાર એકરમાં નેનો યુરિયાનો છંટકાવ કરવામાં આવશે. વ્યક્તિગત ખેડૂતોએ આ પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈસનપુર મોટા ગામના મહેશભાઈ આર. પટેલના ખેતરમાં ડ્રોનથી નેનો યુરિયાના છંટકાવની કામગીરીનું નિર્દશન નિહાળ્યું હતું. તેમજ આ સમગ્ર કામગીરીની વિસ્તૃત માહિતી પણ મેળવી હતી.

● દેશ ભક્ત !! ●

મેં ક્યારેક ક્યારેક બીલ વગર ખરીદી કરી છે તો તિરંગો ફરકાવું કે નહીં ? વિજળીને થાંભલે ચડી કોક દિવસ લંગરીયા નાખેલા તો તિરંગો ફરકાવું કે નહીં ? માટી-રેતી એવી ખનીજના ટ્રેક્ટર-ટ્રક ભરી ચોરી છુપીથી ખેતરમાં નાખ્યા કે વેંચી માર્યા હવે તિરંગો ફરકાવી દેશપ્રેમી બની જાવ ? સરકારી સંપતિમાંથી મુઠી-સુંડલો બઠાવી ઘરે લાવેલો હવે તિરંગામાં આ બધુ છુપાય જશે ને ? ઘણી વાર નાના-મોટા કામમાં સરકારી ઓફીસોમાં લાગવગ લગાડી આડેથી કામ કઢાવી લીધું હવે તિરંગો ફરકાવી મારી જાતને ભારતીય સાબીત કરી નાખું ? અનેક વખત ટ્રાફિકના નિયમો તોડી રોડ ઉપર વાહન ચલાવ્યું છે. અનેક વખત રોડ ઉપર બીજાને અડચણરૂપ થાય એમ વાહન પાર્ક કરેલ છે પણ મારી રાષ્ટ્ર ભાવના જરાય ઓછી નથી થઈ જોઈલો મારા ઘર ઉપર તિરંગો. રાષ્ટ્ર નિર્માણની ગ્રાન્ટમાંથી વ્યક્તિગત ખર્ચ માટે કટકી કરી છે પણ હું પણ રાષ્ટ્રનો ભાગ કહેવાઉ. આખરે તો આ રૂપિયા પણ રાષ્ટ્ર માટે જ વપરાયા હવે એમાંથી તિરંગો ખરીદી દેશદાઝ પ્રગટ કરી બતાવીશ. ગૌચરમાં ખેતર બનાવી તેમાં ગાય રાખ્યા વગર સબસીડી લીધી છે અને સરકારી પડતર જમીન ઉપર મકાન બનાવ્યું તો તેના ઉપર તિરંગો શાનથી ફરકશે જ. વાહન ઉપર સરકારી કે સંગઠનના હોદાઓ લખાવી ટોલનાકા ટપાડ્યા છે એ વાહન ઉપર પણ એકાદ ઝંડો લગાડી દઉં ? સરકારી વાહનોને મારા પોતાના કુંટુબના વ્યક્તિગત ઉપયોગ કરી ખૂબ ટાયર ઘસ્યા છે છતાં તિરંગા માટે મને માન છે. ટ્રેન કે એસટી બસમાં વગર ટીકીટે મુસાફરી કરીને પણ હું તિરંગો તો ગમે ત્યાંથી લાવીશ અને લગાવીશ. પુલ અને ડેમના કોન્ટ્રાકટમાંથી સિમેન્ટ અને લોખંડ કાઢી મજબુત મોટું મકાન બનાવ્યું છે તો એ તિરંગા વગર તો શોભે જ નહી યાર. સરકારી નોકરીમાં કોક દિવસ ગાપચી મારી હાજરીની સહી કરી છે ક્યારેક કલાક મોડો પહોંચ્યો હોઈશ પણ તિરંગો હું ટાઈમસર લગાડી દઈશ. વ્યક્તિગત સ્વાર્થને ધ્યાને રાખી સાચાને સાચો અને ખોટાને ખોટો નથી કહ્યું પણ એને દેશપ્રેમ સાથે શું સંબંધ? ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં કયારેક એકાદ બે બોટલ બીજા રાજયમાંથી લાવ્યા હોય એ નાથી દેશભકિતમાં કયાં ઓટ આવવાની? કયારેક સ્ત્રીઓનું સન્માન ન જાળવ્યું હોય કોઈ વડીલને સત્તાના કે રૂપિયાના મદમાં હડધૂત કર્યા હોય પણ એમાં રાષ્ટ્રહિત થોડું જોખમાય જાય !? મહાત્મા ગાંધીજી જેવા વૈશ્વિક મહામાનવને મારા જ્ઞાનના અભાવે બે ગાળો કાઢી હોય પણ ધ્વજ અને એને શું લાગે વળગે !? ખાનગીશાળા ચલાવતી વખતે સરકારે મંજુર કરેલ ફી કરતા થોડીક વધારે ફી લીધી હોય પણ એમાંથી બે રૂપિયા બચ્યા છે તો બે તિરંગા વધુ લેવાશે. કોઈની નજર ન હોય તો જાહેરમાં પાનની પીચકારી મારી લેવાથી દેશના જીડીપીમાં કયાં ફેર પડવાનો ? હું રાષ્ટ્ર ધ્વજ ન ફરકાવું તો ઠપકો દેજો. આખરે ગમે તેમ કરી હું રાષ્ટ્ર ભકત છું એ સાબીત કરીને જ જંપીશ. વરસમાં બે દિવસ સાચવી લઉ છું જ, પંદરમી ઓગષ્ટ અને છવીસમી જાન્યુ. ડીપી બદલી નાખું છું, મોબાઈલની રીંગટોનમાં 'હે મેરે વતનકે લોગો' રાખી દઉ છું, એક દિવસ ખાદીનો ઝભ્ભો પહેરી લઉં છું, ચરિત્ર અને રાષ્ટ્રપ્રેમને કઈ સંબંધ હોય તો એ મારી જાણમાં નથી. બસ મેરા રાષ્ટ્ર હી મેરા ધર્મ હૈ.

ચિંટીયો : અમારો રઘો સરકારી કવાર્ટરમાં સુતો હતો રાતે ઘરવાળીએ જગાડ્યો. ઉઠો ભૂકંપ આવ્યો મકાન પડી જશે. રઘો કહે આપણું ક્યાં છે સરકારી છે એટલું કહી માથે ઓઢી સુઈ ગયો.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પરઉપકાર, વચન મનકાયા, સંત સહજ સુભાવ ખગ્રાયા

- સંત તુલસીદાસ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, શ્રાવણ સુદ-૯ બગીચા નોમ, નકુલ નોમ, અશ્વત્થ મારૂતિપૂજન, શ્રી હરિ જયંતિ તા.૬ ઓગષ્ટ ૨૦૨૨, શનિવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૭, વિશાખા નક્ષત્ર, શુક્લ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૩, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત), બપોરે ૧૨:૦૫ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : હર્ષોલ્લાસ ભર્યો દિવસ, માંગલિક કે ધાર્મિક કાર્યમાં ધન વપરાય.
વૃષભ: ધન લાભનો યોગ છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
મિથુન: વ્યર્થ વિવાદનો સામનો કરવો પડે. મહત્વના કાર્યો ટાળવા.
કર્ક : આર્થિક સમસ્યાનું નિરાકરણ થાય, રચનાત્મક કાર્યો થાય.
સિંહ: અટકેલા કાર્યો પૂર્ણ થાય. આર્થિક લાભ મળે.
કન્યા: પારિવારીક જીવનમાં વિષમતા રહે. ધીરજના ફળ મીઠા મળે.
તુલા : બેચેની ભર્યો દિવસ વિતે, આર્થિક વિકાસ મંદ રહે.
વૃશ્ચિક: આર્થિક લાભ થાય. પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ બને.
ધન : વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
મકર : લાભની આશા ઠગારી નીવડે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.
કુંભ : નવિન સમાચાર મળે. આર્થિક ધનલાભ થાય.
મીન : મુસાફરી ટાળવી હિતાવહ, વ્યર્થ દિવસ રહે.

ભગવાન શિવજીના મસ્તક ઉપર ચંદ્રએ સ્થાન પ્રાપ્ત કર્યું

શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

આપણે સૌ જાણીએ છીએ કે, ભગવાન શિવજીના મસ્તક ઉપર ચંદ્ર બિરાજે છે. જાણે ભગવાન શિવજીના મુકુટ સ્વરૂપ તે બિરાજતા હોય તેવું દ્રશ્ય ખડું થાય છે. આ અંગે એક કથા છે. દેવો અને દાનવો દ્વારા અમૃત પ્રાપ્તી માટે સમુદ્ર મંથન કરવામાં આવ્યું. ત્યારે તેમાંથી વિવિધ વસ્તુઓ નિકળવા લાગી. દેવો અને દાનવો વચ્ચે તે વસ્તુઓની વારાફરતી વહેંચણી થવા લાગી. જ્યારે હળાહળ ઝેર નિકળ્યું ત્યારે સૌ ગભરાઈ ગયા. હવે આ ઝેર કોઈ ગ્રહણ ન કરે તો તે ત્રિલોકમાં ફેલાઈ જાય. જેને કારણે સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વ ઉપર જોખમ ઉભું થાય. આવા સંજોગોમાં ભગવાન શિવજીએ આ હળાહળ વિષ ગ્રહણ કરવા તૈયાર થયા. તેમણે વિષપાન કર્યું. તે તેમણે ગળામાં ધારણ કરી લીધું. પરંતુ તેનો પ્રભાવ તેમના આખાય શરીર ઉપર વર્તાવા લાગ્યો. તેમના શરીરમાં અસહ્ય ગરમી ફેલાઈ ગઈ. આ દ્રશ્ય શિતળતા સભર ચંદ્ર દેવે જોયું. તેમણે ભગવાન શિવજીને પ્રાર્થના કરી કે, 'હે દેવોના દેવ મહાદેવ, કરૂણા નિધાન તમે મને તમારા મસ્તકમાં બેસવા માટે રજા આપો. જેથી મારા શિતળતાને કારણે તમારા શરીર ઉપર વિષના કારણે ફેલાયેલ ગરમીમાં તમને શાંતિ અનુભવાશે. પ્રથમ તો ભગવાન શિવજીએ ચંદ્ર દેવને આ માટે રજા ન આપી. તેમણે કહ્યું, 'હે ચંદ્ર, તારો શ્વેત રંગ અને તારી શિતળતા ઝેરના કારણે ઉત્પન્ન થયેલી ગરમીને સહન કરી શકે. માટે તું આ સાહસ કરવાનું રહેવા દે. પરંતુ પછી ચંદ્રદેવે શિવજીને સ્તુતિ કરી વિનંતી કરી. તેમની સાથે દેવો પણ જોડાયા. તેમની સ્તુતિથી પ્રસન્ન થઈ શિવજી એ ચંદ્રદેવની વિનંતીનો સ્વીકાર કરી તેમને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યા. ભગવાન શિવજીને શાંતિ પ્રાપ્ત અને ચંદ્રદેવને શિવજીના મસ્તક ઉપર સ્થાન પ્રાપ્ત થયું. તેથી ચંદ્રદેવના વાર સોમવારને ચંદ્રદેવ સાથે જોડી આ દિવસે ભગવાન શિવજીની પુજા કરવાનો વિશેષ મહિમા છે. પુનમના ચંદ્રદેવના દર્શન કરવાથી તેમાં નિલીમા જોવા મળે છે. જેનો મહિમા આ કથા સાથે જોડાયેલ છે. એક માન્યતા પ્રમાણે સંકષ્ટ ચતુર્થીનું વ્રત કરનારને કોઈ કારણ સર ચંદ્ર દેવના દર્શન ન થાય તો તેઓ શિવજીના મસ્તક ઉપર ચંદ્ર દેવના દર્શન કરી વ્રત પરિપૂર્ણ કરે છે.

રાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપત્ની : ભારતના રાષ્ટ્ર પ્રમુખ માટે યોગ્ય શબ્દ શું છે ? ૧૯૪૮માં પણ આ અંગે ચર્ચા કરવામાં આવી હતી

નવી દિલ્હી તા.૬

કોંગ્રેસના અધીર રંજન ચૌધરીએ કથિત ''સ્લિપ ઑફ ટંગ''માં નવા ચૂંટાયેલા પ્રમુખ દ્રૌપદી મુર્મુને 'રાષ્ટ્રપત્ની' ગણાવ્યા પછી સંસદના બંને ગૃહોમાં હોબાળો થયો હતો. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ માત્ર ચૌધરીને જ નહીં પરંતુ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પાસેથી પણ માફી માંગવાની માંગ કરી હતી. આ નવા રાજકીય વિવાદે મહિલા દ્વારા રાષ્ટ્રપતિનો હોદ્દો સંભાળ્યો હોય ત્યારે રાષ્ટ્ર પ્રમુખને કેવી રીતે સંબોધવામાં આવે તે અંગેની ચર્ચાને પણ વેગ મળ્યો છે. વાસ્તવમાં, આ અંગે અગાઉ પણ બંધારણ સભામાં ચર્ચા થઈ ગઈ છે.

● રાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપત્નીનો ઉપયોગ થવો જોઈએ તેના પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. લોકોનો એક વર્ગ માને છે કે આ પોસ્ટ ઉપર પુરૂષ કે સ્ત્રીનો કબજો છે તેના આધારે તેનું સ્વરૂપ બદલવું જોઈએ.

● વધુમાં, અમુક લોકોએ એવો પણ તર્ક આપ્યો છે કે જો પતિ શબ્દ પતિ માટે છે, તો તેવી જ રીતે રાષ્ટ્રપતિ શબ્દનો ઉપયોગ પદ ઉપર રહેલા પુરૂષ માટે થાય છે.

● બીજી બાજુ, અમુક નેટીઝન્સ દાવો કરે છે કે ભારત પિતૃસત્તાક અને પુરૂષપ્રધાન દેશ હોવાથી માત્ર રાષ્ટ્રપતિ શબ્દનો જ ઉપયોગ કરી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, પ્રતિભા પાટીલ રાષ્ટ્રપતિ બન્યા હતા ત્યારે પણ આવી ચર્ચા શરૂ થઈ હતી. કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દરમ્યાન જ્યારે પ્રતિભા પાટીલ દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા ત્યારે પણ આ જ ચર્ચા શરૂ થઈ હતી. ત્યારે પણ રાષ્ટ્રપત્ની શબ્દ અમે આવ્યો હતો પરંતુ તેના ઉપર કોઈએ મોટો વિવાદ કર્યો નહતો. 'રાષ્ટ્રમાતા' શબ્દનો ઉપયોગ પણ સૂચવવામાં આવ્યો હતો, પરંતુ ઘણી મહિલા કાર્યકરોએ તેની સામે વાંધો ઉઠાવતા કહ્યું હતું કે તે ભારતની પિતૃસત્તાક માનસિકતા અને લિંગ ભેદભાવને વધુ આગળ વધારશે. જૂન ૨૦૦૭માં શિવસેનાના મુખપત્ર સામનામાં બાળા સાહેબ ઠાકરેએ કહ્યું હતું કે, મને નથી લાગતું કે પતિ કે પત્નીને સામેલ કરવાની જરૂર છે. પ્રતિભા તાઈને રાષ્ટ્રધ્યક્ષ કહેવા જોઈએ. ભારતના બંધારણનો મુસદ્દો ઘડતા પહેલા, બંધારણ સભાની રચના કરવામાં આવી હતી જેમાં ઘણા વિષયો ઉપર લાંબી ચર્ચાઓ થઈ હતી. ડિસેમ્બર ૧૯૪૮માં એક ચર્ચા દરમ્યાન જ્યારે રાષ્ટ્રપતિને કેવી રીતે સંબોધિત કરવું તે પ્રશ્ન ઊભો થયો હતો, ત્યારે એચ.વી. કામથે મૂળ મુસદ્દામાં ફેરફાર સામે વાંધો ઉઠાવ્યો હતો જે જવાહરલાલ નહેરૂએ ૪ જુલાઈ ૧૯૪૭ના રોજ રજૂ કર્યો હતો. કામથે ડૉ.બી.આર. આંબેડકરને પૂછ્યું કે બંધારણના મુસદ્દામાં આર્ટિકલમાંથી 'રાષ્ટ્રપતિ' શબ્દ કેમ કાઢી નાખવામાં આવ્યો છે. તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે શું તે એટલા માટે છે કારણ કે "અમે" અણગમો દર્શાવ્યો છે - કેટલાક ભારતીય અથવા હિન્દી શબ્દો માટે અનેકને અણગમો છે અને બંધારણના અંગ્રેજી ડ્રાફ્ટમાં શક્ય હોય ત્યાં સુધી તેમને ટાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આંબેડકરે સમજાવ્યું કે રાષ્ટ્રપતિ શબ્દ કાઢી નાખવામાં આવ્યો છે તેમાં કોઈ પૂર્વગ્રહ ન હતો. તેમણે ઉમેર્યું હતું કે આ ફેરફાર એટલા માટે થયો છે કારણ કે અંગ્રેજીમાં બંધારણનો મુસદ્દો તૈયાર કરતી સમિતિએ હિન્દી અને હિન્દુસ્તાનીમાં ડ્રાફ્ટ તૈયાર કરનારાઓને અનુરૂપ શબ્દ પસંદ કરવાનું છોડી દીધું હતું. તેમણે કામથને વધુમાં જણાવ્યું હતું કે જ્યારે હિન્દુસ્તાનીમાં ડ્રાફ્ટમાં ''પ્રેસિડેન્ટ''નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તો હિન્દીમાં ''પ્રધાન''નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મને હમણાં જ જાણ કરવામાં આવી છે કે ઉર્દૂ ડ્રાફ્ટમાં, સરદાર શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હિન્દી શબ્દકોશ મુજબ, પતિ શબ્દનો અર્થ માલિક થાય છે. જ્યારે પતિ સાથે શબ્દનો ઉપસર્ગ લગાવવામાં આવે છે, ત્યારે વ્યક્તિ તે વસ્તુનો માલિક બને છે. કરોડપતિ, લખપતિ અને તે જ રીતે રાષ્ટ્રપતિ.- અહી તેનો તેનો અર્થ લિંગ મુજબ પતિ-પત્નીના સંદર્ભમાં જોવામાં આવતો નથી. તે જ સમયે, ઘણા શબ્દો સમાજમાં લિંગ ભેદભાવને પ્રોત્સાહન આપે છે, જેમ કે બેટ્સમેન, કેમેરામેન વગેરે. જો કે, તે સમય સાથે બદલાય ગયા છે. બેટ્સમેનને હવે બેટર કહેવામાં આવે છે અને કેમેરામેનને હવે કેમેરાપર્સન કહેવામાં આવે છે.

ઈ-પાસપોર્ટ : તેનો ઉપયોગ અને તે મેળવવા માટેની સંપૂર્ણ વિગતો

મુંબઈ તા.૬

ઈ-પાસપોર્ટ એ પાસપોર્ટની નકલથી અલગ હોય છે, જેમાં તે વપરાશકર્તાની આવશ્યક માહિતી તેમજ બાયોમેટ્રિક ઓળખ કાર્ડ સાથે હોય છે. આ સાથે, તેમાં એક ચિપ સિસ્ટમ છે, જે પાસપોર્ટ વપરાશકર્તાઓની માહિતીને સમાવે છે. ભારતમાં મોટાભાગના જરૂરી દસ્તાવેજો ઓનલાઈન થઈ ગયા છે, ઈ-આધાર કાર્ડ, ઈ-પાન કાર્ડનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. તે જ સમયે, ભારતમાં ઈ-પાસપોર્ટ લાવવાની તૈયારી કરવામાં આવી રહી છે, આ વર્ષના બજેટ દરમ્યાન તેને જારી કરવામાં આવશે એવી આશા છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરના જણાવ્યા અનુસાર, ભારતીય નાગરિકો નજીકના ભવિષ્યમાં ઉન્નત સુરક્ષા સુવિધાઓ સાથે ઈ-પાસપોર્ટનો ઉપયોગ કરી શકે છે.

ઈ-પાસપોર્ટ શું છે ?

ઈ-પાસપોર્ટ એ પાસપોર્ટની નકલથી અલગ હોય છે, જેમાં તે વપરાશકર્તાની આવશ્યક માહિતી તેમજ બાયોમેટ્રિક ઓળખ કાર્ડ સાથે હોય છે. આ સાથે, તેમાં એક ચિપ સિસ્ટમ છે, જે પાસપોર્ટ વપરાશકર્તાઓની માહિતીને સમાવે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમાં ચિપ હોવાને કારણે પાસપોર્ટને આધારે કોઈ છેતરપિંડી થવાની શક્યતા નથી. જો કે, આ પાસપોર્ટ સામાન્ય પાસપોર્ટની અન્ય માહિતીથી અલગ નહીં હોય.

ઈ-પાસપોર્ટના લાભ

● લાંબો સમય કતારમાં ઊભા રહેવાની જરૂર નથી, સ્કેનિંગ પછી તરત જ એન્ટ્રી આપવામાં આવશે.

● આમાં, યુઝરનો ડેટા પણ સેવ થાય છે, તેથી તમારા નામે કોઈ અન્ય ડુપ્લિકેટ પાસપોર્ટ બનાવી શકાશે નહીં.

● જો તેમાં કોઈ છેડછાડ કરે છે, તો ચિપ સિસ્ટમમાં તેના પ્રમાણીકરણ માટેની તપાસ કરશે.

● તેમાંથી કોઈ ડેટા ડિલીટ કરી શકાતો નથી. ઈ-પાસપોર્ટની વિશેષતાઓ વિદેશ મંત્રાલયની માહિતી અનુસાર, ઈ-પાસપોર્ટમાં ૪૧ પ્રકારના સુરક્ષા ફીચર્સ છે. તે અરજદારની ઉંમરના આધારે ૫ કે ૧૦ વર્ષ માટે માન્ય હોય છે. તે લેમિનેટેડ હોલોગ્રાફિક ઈમેજ ધરાવે છે. તેમાં વપરાશકર્તાની વસ્તી વિષયક માહિતી, વાહક બાયોમેટ્રિક માહિતી, ૧૦ ફિંગરપ્રિન્ટ્સ, આઈરિસ સ્કેનિંગ, રંગીન ફોટોગ્રાફ અને ડિજિટલ હસ્તાક્ષર પણ શામેલ છે.

ઈ-પાસપોર્ટનો ઉપયોગ

તમે ઈ-પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ જઈ શકો છો તેમજ ઓળખ કાર્ડ, સરનામાના પુરાવા અને સરકારી દસ્તાવેજોના કામ માટે પણ તેનો ઉપયોગ કરી શકો છો.

ઈ-પાસપોર્ટ માટે કેવી રીતે અરજી કરવી ?

ભારતમાં ઈ-પાસપોર્ટ માટે અરજી કરવા માટે, પાસપોર્ટ સેવાની વેબસાઈટની મુલાકાત લેવી પડે છે અને ''નોંધણી કરો'' ઉપર ક્લિક કરીને અથવા તમારા હાલના ID વડે લૉગઈન કરીને ''નવા પાસપોર્ટ માટે અરજી કરો'' અથવા ''ફરીથી પાસપોર્ટ ઈસ્યુ કરો'' ઉપર ક્લિક કરો. ત્યાર બાદ તમને પુછવામાં આવતી તમામ માહિતી આપો. હવે ચુકવણી કરવા માટે "પે એન્ડ શેડ્યૂલ એપોઈન્ટમેન્ટ" ઉપર ક્લિક કરો. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી તમને મળતી રસીદને સાચવો.

ઈ-પાસપોર્ટ માટે જરૂરી દસ્તાવેજો

તેના માટે સરનામાના પુરાવા, ઓળખ કાર્ડ, જન્મ તારીખનો પુરાવો, અસલ પાસપોર્ટ, પાસપોર્ટના પ્રથમ અને છેલ્લા પૃષ્ઠની નકલ, વિહંગાવલોકન પૃષ્ઠ અને ECR અથવા બિન- ECR પૃષ્ઠ આવશ્યક છે.

ભારતનો વિકાસ તેની નોકરીઓ સર્જનની જરૂરિયાત કરતાં અપૂરતો છે' : રઘુરામ રાજન

નવી દિલ્હી તા.૬

ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને જણાવ્યું હતું કે, ચાલુ નાણાંકીય વર્ષ માટે દેશનો ૭%નો આર્થિક વિકાસ જે પ્રકારના કાર્ય માટે જરૂરી છે તેના માટે અપૂરતો છે. આમાંનો ઘણો ખરો વિકાસ બેરોજગારીનો વિકાસ છે. નોકરીઓ અર્થતંત્ર માટે અનિવાર્યપણે પ્રથમ પ્રાથમિકતા છે. અમારે દરેક વ્યક્તિએ સોફ્ટવેર પ્રોગ્રામર કે કન્સલ્ટન્ટ બનવાની જરૂર નથી પરંતુ અમને યોગ્ય નોકરીની જરૂર છે. ૧૮ જુલાઈના રોજ, નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં જણાવ્યું હતું કે, રશિયા-યુક્રેન યુદ્ધ જેવા ભૌગોલિક રાજકીય તણાવ છતાં ભારતનું વાસ્તવિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ અથવા જીડીપી ૨૦૨૨-૨૩માં ૭%થી ઉપર રહેવાની ધારણા છે. ચૌધરીએ ઉમેર્યું હતું કે, આ ઘણા અદ્યતન અને ઉભરતા બજાર અર્થતંત્રોથી વિપરીત છે જ્યાં રશિયા-યુક્રેન કટોકટી પછી IMF જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા જીડીપી વૃદ્ધિ દરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. રાજને એનડીટીવીને જણાવ્યું હતું કે તેઓ સહમત છે કે ભારતનો વિકાસ આંક અન્ય દેશોની સરખામણીમાં સારો છે. જો કે, તેમણે ધ્યાન દોર્યું હતું કે દેશને તેની વિશાળ વસ્તીને કારણે હજુ પણ વધુ સમૃદ્ધ વૃદ્ધિની જરૂર છે. રાજને એમ પણ કહ્યું હતું કે, ભારતમાં દરેક માટે નોકરીઓ ઊભી કરવાનો કોઈ શોર્ટકટ નથી. આપણે અમારા લોકોના કૌશલ્યનો આધાર અને શિક્ષણ વધારવું પડશે, જો આપણે કૌશલ્યને આધાર બનાવી શકીએ, તો નોકરીઓનું સર્જન થશે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું કે, કેન્દ્ર સરકારે નોટબંધી અને કૃષિ કાયદા જેવા નિર્ણયો લેતા પહેલા નિષ્ણાંતો સાથે વાતચીત કરવાની જરૂર છે. ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે મધ્યરાત્રિથી ભારતમાં રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો કાનૂની ચલણના રૂપમાં બંધ થઈ જશે. મોદીએ કહ્યું હતું કે, આ નિર્ણય ભ્રષ્ટાચાર, કાળા નાણાં અને આતંકવાદ સામે લડવા માટે લેવામાં આવ્યો છે. મોદીએ ૨૯ નવેમ્બરના રોજ, ૨૦૨૦ અને ૨૦૨૧ વચ્ચે વર્ષભરના વિરોધનું કારણ બનેલા ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ પાછા ખેંચી લીધા હતા. વિરોધ કરી રહેલા ખેડૂતોએ આશંકા વ્યક્ત કરી હતી કે કેન્દ્ર સરકારના આ નવા કાયદાઓથી તેમનું કોર્પોરેટ શોષણ વધશે અને લઘુત્તમ ટેકાના ભાવને તોડી પાડશે. રાજને કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં તમે વ્યાપક પરામર્શ વિના સંખ્યાબંધ નિર્ણયો જોયા છે ઉદાહરણ તરીકે નોટબંધી. તમે તેના પહેલા વ્યાપક પરામર્શ કરી શક્યા હોત. ઉદાહરણ તરીકે કૃષિ બિલ. લોકશાહીમાં જ્યારે સંવાદ હોય ત્યારે તે વધુ સારૂં કામ કરે છે, તે અનંત સંવાદ હોવો જરૂરી નથી અને ઘણીવાર લોકો જાણે છે કે, પીએમ ઓફિસમાં બેઠેલા લોકો વાસ્તવિકતા શું છે તે જાણતા નથી. રાજને કહ્યું કે, વર્તમાન ભાજપની આગેવાનીવાળી સરકારનો મત છે કે જેઓ સતત પ્રશંસા કરે તે જ સાચા છે કારણ કે, સરકાર કંઈ ખોટું કરતી નથી. દરેક સરકાર ખોટું કરે છે, મેં યુપીએ (યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ) સરકારની ટીકા કરી છે જ્યારે હું સ્થાપનાનો ભાગ ન હતો અને મેં અગાઉની એનડીએ (રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન) સરકાર સાથે પણ કામ કર્યું છે. રાજને ઉમેર્યું હતું કે તેમની પાસે પક્ષપાત કરવાનું કોઈ કારણ નથી અને ટીકા કરવી જરૂરી છે. ૩૧ જુલાઈના રોજ ભાજપે રાજનનો ઉલ્લેખ કેન્દ્ર સરકારના ટીકાકાર તરીકે કર્યો હતો. બીજેપીના પ્રવક્તા સૈયદ ઝફર ઈસ્લામે કહ્યું કે, દુનિયાએ સ્વીકાર્યું છે કે, ભારતીય અર્થવ્યવસ્થા માત્ર પાટા ઉપર જ નથી પરંતુ તે ઝડપી ગતિએ પણ ચાલી રહી છે. જ્યારે વિશ્વ ફુગાવા અને અન્ય સમસ્યાઓ સામે લડી રહ્યું છે, ત્યારે ભારતીય અર્થતંત્ર મજબૂત છે. જેઓ અમારી ટીકા કરતા હતા તેઓને અમારી પ્રશંસા કરવી પડે છે. રાજને ૨૯ જુલાઈએ કહ્યું હતું કે, ભારત પાસે પર્યાપ્ત ફોરેક્સ રિઝર્વ છે અને તેનું વિદેશી દેવું પણ આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાન અને શ્રીલંકાથી વિપરીત પ્રમાણમાં ઓછું છે.

૨૭ વર્ષ બાદ પોતાની માતા પછી દીકરાએ પણ આર્મી ટ્રેનિંગ એકેડમીથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું

નવી દિલ્હી તા.૬

કેડેટ્સ તાજેતરમાં ચેન્નાઈમાં ભારતીય સેનામાં કમિશનિંગ થયા છે. કમિશનિંગ ચેન્નાઈમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમીમાં થયું હતું અને આ દરમ્યાન માલદીવના ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ મેજર જનરલ અબ્દુલ્લા શમાલ પણ હાજર હતા. ભારતીય સેનામાં જોડાનારા સૈનિકોમાં એક પુત્ર પણ હતો, જે ૨૭ વર્ષ પહેલાં તેની માતાની જેમ જ ચેન્નઈ ઓફિસર ટ્રેનિંગ એકેડમીમાંથી કમિશન થયો હતો. હવે આ સ્ટોરીની સોશિયલ મીડિયા ઉપર ચારેબાજુ ચર્ચા થઈ રહી છે અને લોકો દ્વારા તેના ઉપર અલગ-અલગ પ્રકારના રિસ્પોન્સ મળી રહ્યા છે. વાસ્તવમાં, સંરક્ષણ મંત્રાલયના જનસંપર્ક નિર્દેશાલય હેઠળ ચેન્નાઈના પબ્લિક રિલેશન્સના સત્તાવાર એકાઉન્ટ દ્વારા એક ટ્વીટ શેર કરવામાં આવી હતી. આ ટ્વીટ ખાસ હતી. કારણ કે તે માતા-પુત્રની જોડીની પ્રેરણાદાયી વાત બતાવે છે. આ પોસ્ટમાં મેજર સ્મિતા ચતુર્વેદી તેમના પુત્ર સાથે જોવા મળી છે. તેમનો પુત્ર તાજેતરમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી, ચેન્નાઈમાંથી પાસ થયો છે. આ જ એકેડેમીમાંથી મેજર સ્મિતા ચતુર્વેદી પણ ૨૭ વર્ષ પહેલા પાસ થઈને ઈન્ડિયન આર્મીમાં જોડાઈ હતી. પોસ્ટમાં મેજર સ્મિતાના ચહેરા પર ખુશી સ્પષ્ટ જોઈ શકાય છે. સંરક્ષણ પીઆરઓ ચેન્નાઈએ ટ્વીટ કર્યું, 'એક મહિલા અધિકારી માટે એક સુંદર ક્ષણ: મેજર સ્મિતા ચતુર્વેદી ૨૭ વર્ષ પહેલાં ૧૯૯૫માં ઓફિસર ટ્રેનિંગ એકેડેમિક, ચેન્નાઈમાંથી કમિશન્ડ થઈ હતી. આજે તેણે તેના પુત્રને આ જ રીતે એકેડેમીમાંથી કમિશન મેળવતા જોયો.' આ ટ્વીટ થ્રેડ સાથે શેર કરવામાં આવી છે, જેમાં યુવાન મેજર સ્મિતા બીજી પોસ્ટમાં જોઈ શકાય છે. આ તસ્વીર તે સમયની છે જ્યારે મેજર સ્મિતા પોતે ચેન્નાઈની ઓફિસર ટ્રેનિંગ એકેડમીમાં ટ્રેનિંગ લઈ રહી હતી. આ તસ્વીરમાં પાતળી-પાતળી મેજર સ્મિતા જોઈ શકાય છે. પીઆરઓ ચેન્નાઈએ મેજર સ્મિતાનો એક વીડિયો પણ શેર કર્યો છે. આમાં તે કહી રહી છે કે તે તેના પુત્રના આ અચિવમેન્ટથી કેટલી ખુશ છે. વીડિયોમાં તેણે પોતાના જૂના ટ્રેનિંગના દિવસોને યાદ કર્યા. બદલાતા સમય સાથે એકેડેમીમાં કેવી રીતે પરિવર્તનો જોઈ શકાય છે તે પણ જણાવ્યું. પીઆરઓ ચેન્નાઈએ વીડિયોને ટ્વીટ કરીને કેપ્શન આપ્યું, 'મેજર સ્મિતા ચતુર્વેદી (નિવૃત્ત) આ અદભુત એકેડેમીમાં વિતાવેલા તેમના જૂના દિવસોને યાદ કરે છે અને તેમના પુત્રએ તેમની જેમ સેનામાં જોડાઈને એક અદભુત સ્ક્રિપ્ટ લખી છે.'

મોદી અને ઈબ્રાહિમ સોલિહે છ કરાર ઉપર હસ્તાક્ષર કર્યા

હિંદ મહાસાગરમાં આતંકવાદ અને ડ્રગ ટ્રાફિકિંગનું જોખમ; શાંતિ માટે ભારત-માલદીવના સંબંધો મહત્ત્વપૂર્ણ : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ સોલિહ વચ્ચે થયેલી સમિટ વાટાઘાટો બાદ બંને દેશોએ છ કરાર ઉપર હસ્તાક્ષર કર્યા. બંને દેશોની વચ્ચે બાંધકામ ક્ષમતા, સાયબર સુરક્ષા, આવાસ, આપત્તિ વ્યવસ્થાપન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સહયોગ વધારવાને લઈને કરાર થયા છે. સમિટ વાટાઘાટો બાદ વડાપ્રધાન મોદીએ કહ્યુ કે માલદીવને ૧૦ કરોડ અમેરિકી ડોલરની વધારાની ક્રેડિટ સુવિધા પ્રદાન કરવાનો નિર્ણય લીધો છે જેથી તમામ પરિયોજનાઓને યોગ્ય સમયે પૂરી કરી શકાય. વડાપ્રધાન મોદીએ કહ્યુ કે બંને દેશોની વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોમાં નવો જોશ જોવા મળ્યો છે અને નિકટતા વધી છે. તેમણે કહ્યુ, કોવિડ મહામારીથી ઉત્પન્ન પડકારો છતાં આપણી વચ્ચેનો સહયોગ વ્યાપક ભાગીદારીનુ રૂપ લઈ રહ્યો છે. હિંદ મહાસાગરમાં આંતરરાષ્ટ્રીય અપરાધ, આતંકવાદ અને માદક પદાર્થોની તસ્કરીનુ જોખમ ગંભીર છે. તેમણે કહ્યુ કે શાંતિ માટે ભારત-માલદીવની વચ્ચે ઘનિષ્ઠ સંબંધ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યુ કે ભારત-માલદીવ ભાગીદારી ના માત્ર બંને દેશોના નાગરિકોના હિતમાં કામ કરી રહી છે પરંતુ આ સ્થિરતાનો સ્રોત પણ બની રહી છે. માલદીવની કોઈ પણ જરૂરિયાત કે સંકટ ઉપર ભારતે સૌથી પહેલા પ્રતિક્રિયા આપી છે અને આગળ પણ આપતુ રહેશે. માલદીવના રાષ્ટ્રપતિ સોલિહએ કહ્યુ કે આપણે આતંકવાદ સામે લડવા દ્રઢ પ્રતિબદ્ધતાનુ પુનરાવર્તન કરીએ છીએ. માલદીવ ભારતનો સાચો મિત્ર રહેશે. માલદીવના રાષ્ટ્રપતિ એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે ચાર દિવસના ભારત પ્રવાસ માટે દિલ્હી આવ્યા હતા.

ગત જુલાઈમાં ભારતની વેપાર ખાધ અધધધ... ૩૧ અબજ ડોલર, ઈતિહાસમાં સૌથી વધુ

નવી દિલ્હી, તા.૬

ભારતના રૂપિયામાં એકતરફી ઘટાડાના કારણે દેશના આર્થિક આંકડા ઉપર અસર વર્તાવાની શરૂઆત થઈ છે. જાહેર થયેલ આંકડા અનુસાર જુલાઈ મહિનામાં ભારતની વેપાર ખાધ ૩૧.૦૨ અબજ ડોલરના નવા રેકોર્ડ ઉચ્ચતમ સ્તરે પહોંચી છે. આ આંકડો ગયા વર્ષના જુલાઈ મહિનાના આંકડા કરતાં ત્રણ ગણો વધુ છે. તે જ સમયે જૂનમાં ભારતની વેપાર ખાધ ૨૬.૧૮ અબજ ડોલર હતી, જે જુલાઈ પૂર્વેનો ઈતિહાસનો સૌથી ખરાબ આંકડો હતો. વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર જુલાઈમાં દેશની આયાત વધીને ૬૬.૨૬ અબજ ડોલર થઈ હતી, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૪૬.૧૫ અબજ ડોલર હતી. આ સાથે જુલાઈ,૨૦૨૨માં દેશની નિકાસ અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ સ્થિર રહીને ૩૫.૨૪ અબજ ડોલર રહી હતી.

વૈશ્વિક કોમોડિટીના ઊંચા ભાવને કારણે તાજેતરના મહિનાઓમાં ભારતની વેપાર ખાધ ઝડપથી વધી છે. તેને કારણે રૂપિયાના વિનિમય દર ઉપર દબાણ આવ્યું છે. જુલાઈની શરૂઆતથી જ રોજબરોજ યુએસ ડોલર સામે રૂપિયો નવા ઐતિહાસિક તળિયા બનાવતો હતો. ૧૯ જુલાઈના રોજ રૂપિયો ૮૦ રૂપિયા પ્રતિ ડોલરને પાર કરી ગયો હતો અને નવા રેકોર્ડ તળિયે પહોંચ્યો હતો.

નાગરિકો બંધારણની પરિકલ્પનાથી વાકેફ હશે તો જ દેશનો વિકાસ શક્ય થશે : મુખ્ય ન્યાયાધીશ રમન્ના

નવી દિલ્હી તા.૬

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) એન.વી. રમન્નાએ કહ્યું હતું કે, બંધારણીય પ્રજાસત્તાક ત્યારે જ યોગ્ય રીતે આગળ વધી શકે છે જ્યારે તેના નાગરિકો તેમના બંધારણની પરિકલ્પનાથી વાકેફ હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ તેમના અધિકારો અને ફરજો વિષે જાગૃત થવું જોઈએ અને કાયદાના સ્નાતકોનો પ્રયાસ એવો હોવો જોઈએ કે તેઓ લોકોને બંધારણીય જોગવાઈઓને સરળ શબ્દોમાં સમજાવે. હિદાયતુલ્લા નેશનલ લો યુનિવર્સિટી (HNLU) રાયપુરના પાંચમા દીક્ષાંત સમારોહને સંબોધતા તેમણે કાયદાને સામાજિક પરિવર્તનનું સાધન ગણાવ્યું હતું અને કહ્યું હતું કે, કાયદાની શાળાના શિક્ષણે સ્નાતકોને સામાજિક ઈજનેરો બનાવવા જોઈએ. યુવાનોની આ પેઢી વિશ્વને ક્રાંતિ દ્વારા આગળ લઈ જઈ રહી છે. આબોહવાની કટોકટી હોય કે માનવાધિકારોનું ઉલ્લંઘન, યુવાનો સમગ્ર વિશ્વમાં એક સંયુકત બળ છે. ખરેખર તક્નિકી ક્રાંતિએ આપણા દરેકને વૈશ્વિક નાગરિક બનાવ્યા છે અને આજે બધા માટે આ ક્રાંતિમાં જોડાવાનો સમય છે. કાયદાના શાસન અને બંધારણ દ્વારા સામાજિક પરિવર્તન હાંસલ કરવામાં યુવાનોની ભૂમિકાને રેખાંકિત કરતાં તેમણે કહ્યું હતું કે, દુઃખદ વાસ્તવિકતા એ છે કે, આધુનિક સ્વતંત્ર ભારતની આકાંક્ષાઓને વ્યાખ્યાયિત કરતો સર્વોચ્ચ દસ્તાવેજ કાયદાના વિદ્યાર્થીઓ, કાનૂની પ્રેક્ટિશનર્સ, કાનૂની પ્રેક્ટિશનરોના જ્ઞાન અને ભારતીય વસ્તીના એક ખૂબ જ નાના ભાગ સુધી જ મર્યાદિત છે. બંધારણ દરેક નાગરિક માટે છે. દરેક વ્યક્તિએ તેમના અધિકારો અને ફરજોથી વાકેફ થવું જોઈએ. બંધારણીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું અને જાગૃતિ લાવવાની અમારી સામૂહિક ફરજ છે. બંધારણીય જોગવાઈઓને સરળ શબ્દોમાં સમજાવવાનો તમારો પ્રયાસ હોવો જોઈએ અને તેની નૈતિકતાઓને લોકોના મનમાં આત્મસાત કરવી જોઈએ. કાયદાના વ્યવસાય માટે આ અત્યંત પડકારજનક સમય છે અને કાનૂની વ્યવસાય જૂના દિવસોથી સંપૂર્ણ રીતે બહાર આવ્યો નથી, પરંતુ વંશાવલિ, કુટુંબ ઈતિહાસ અને વારસાગત કાનૂની પ્રથાનું મહત્વ ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યું છે. યુવાઓ જેઓ આજે પ્રથમ પેઢીના વકીલો છે, તેઓ તેમની સખત મહેનત અને પ્રતિબદ્ધતા દ્વારા આ વ્યવસાયમાં વધુ ઊંચાઈઓ ઉપર પહોંચી રહ્યા છે. તેમણે કહ્યું કે, વકીલ એ માત્ર કોર્ટ સમક્ષ એક પ્રતિનિધિ નથી. માત્ર કાનૂન જાણવાથી તમને લાંબા ગાળે મદદ મળશે નહીં. તમારા ગ્રાહકો અપેક્ષા રાખી શકે છે કે તમે વ્યવસાય, સમાજ અથવા તો વિવિધ પાસાઓ વિશે જાગૃત હોવ. વકીલે એક ઓલરાઉન્ડર, એક નેતા અને પરિવર્તનકર્તા બનવાની જરૂર છે. યાદ રાખો કે વિચારવાની નવી રીતો ટીકાને આમંત્રિત કરી શકે છે. પરંતુ આવી ટીકાથી તમારે નિરાહન થવું જોઈએ. સૌથી વધુ સંવેદનશીલ લોકો મોટાભાગે રાજ્ય દ્વારા અથવા અસામાજિક તત્ત્વો દ્વારા માનવ અધિકારોના ઉલ્લંઘનનો ભોગ બને છે. યુવા વકીલો તરીકે તમે કાનૂની કાર્યવાહી દ્વારા તેનો સખત વિરોધ કરવા માટે શ્રેષ્ઠ સ્થાન ધરાવો છો. સમાજને તમારી સક્ષમ સહાયની જરૂર છે જેથી જરૂરિયાતમંદોને ન્યાય મળી શકે. ભારતમાં કાનૂની સહાય સેવાઓ વિશ્વમાં સૌથી મોટી છે તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, આંદોલનને યોગ્ય દિશામાં ચલાવવા માટે અમને યુવા પ્રતિભાશાળી લોકોની જરૂર છે. હું તમને બધાને શક્ય તેટલા પ્રો-બોનો કેસ હાથ ધરવા વિનંતી કરૂં છું. તમારી અંદર રહેલી પરિવર્તનની શક્તિને ભૂલશો નહીં. તમે જે વિશ્વમાં રહેવા માંગો છો તેની તમારી પાસે એક દ્રષ્ટિ હોવી જોઈએ. પરંતુ માત્ર દ્રષ્ટિ જ પૂરતી નથી. તમારે સામે આવીને અને ઊભા થઈને તેના માટે લડવું જોઈએ. દરમ્યાન CJIએ મુખ્યપ્રધાન ભૂપેશ બઘેલને પણ અભિનંદન આપતાં કહ્યું હતું કે, તેમણે સાંભળ્યું છે કે, છત્તીસગઢ સરકાર રાજ્યમાં ન્યાયિક સમુદાયની માળખાકીય અને અંદાજપત્રીય જરૂરિયાતોનું પૂરતું ધ્યાન રાખી રહી છે. તેમણે આશા વ્યકત કરી કે આ વલણ ચાલુ રહેશે અને છત્તીસગઢ ન્યાયતંત્રને શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવામાં એક રોલ મોડલ તરીકે ઉભરી આવશે. સીએમ બઘેલ આ કાર્યક્રમમાં ગેસ્ટ ઑફ ઓનર હતા, જ્યારે સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ એસ. અબ્દુલ નઝીરે આ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી. છત્તીસગઢ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરૂપકુમાર ગોસ્વામી પણ તેમાં હાજર હતા. એચએનએલયુના જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું કે, બીએએલએલબી (ઓનર્સ) (૨૦૧૫-૨૦૨૦ની બેચ)ના ૬૦ વિદ્યાર્થીઓ, બીએ-એલએલબી (ઓનર્સ) (૨૦૧૬-૨૦૨૧)ના ૧૪૭, એલએલએમ (૨૦૧૯-૨૦૨૦)ના ૪૯ અને ૬૧ વિદ્યાર્થીઓ એલએલએમ (૨૦૨૦- ૨૦૨૧)માંથી ડિગ્રી એનાયત કરવામાં આવી હતી, જ્યારે ચાર વિદ્યાર્થીઓને પીએચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

જૂનાગઢ મનપા દ્વારા મહિલાઓ માટે માનસિક સ્વસ્થતા અને કાનુની જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૬

મહિલા કર્મચારી દિવસની ઉજવણી અંતર્ગત નારી વંદન ઉત્સવ અને વિશ્વ સ્તનપાન સપ્તાહ અંતર્ગત કાનુની જાગૃતિ કાર્યક્રમ અને માનસિક સ્વસ્થતા અંગે જાગૃતિ કાર્યક્રમ માટે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા પંડિત દીન દયાળ ઉપાધ્યાય સભા ખંડ ખાતે ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં જૂનાગઢ મનપાની તમામ શાખા ના મહિલા કર્મચારીઓ, એડવોકેટ વર્ષાબેન બોરીચાંગાર, સિવીલ હોસ્પીટલના સાયકાટ્રીસ વિભાગના ડો.તન્વી કાચા તથા માકડીયા, પ્રોજેકટ ઓફીસાર નિશાબેન ધાંધલ, નારી વંદન ઉત્સાવના નોડલ અધિકારી વત્સલાબેન દવે અને સંકલિત બાળવિકાસ યોજના અધિકારી ગીતાબેન વણપરીયા હાજર રહેલ છે. આઈસીડીએસ પ્રોગ્રામ ઓફીસર દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહ અંતર્ગત સ્તનપાનની અગત્યતા તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓ માટે પોષણયુકત આહારની ટેવો વિષે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ સાથેજ આજના દિવસના વિષયના કર્મયોગ ઉપર પણ ઉપસ્થિત કર્મયોગી મહિલાઓને પોતાના કામમાં કર્મનિષ્ઠ બની કેવી રીતે કામગીરી કરવી એ અંગે સમજ આપેલ હતી. ડો.તન્વી કાચા દ્વારા બહેનોની પરિવાર અને કામકાજ વચ્ચે સંતુલન વિષય ઉપર કેવી રીતે ચાલવું તેનું પથદર્શન આપી માનસિક સ્થિતી સારી રહે તે માટે શું કરવું અને કેવી રીતે માનસિક રીતે સ્વસ્થ રહી શકાય તે બાબતે વિચાર વિમર્શ કરવામાં આવ્યા હતા. એડવોકેટ વર્ષાબેન બોરીચાંગરે મહિલાની થતી જાતિય સતામણીના ભોગ ન બને તે માટે શું કાળજી રાખવી અને કેવી રીતે પોતાની સુરક્ષા અને સાવચેતી રાખવી તે અંગે માર્ગદર્શન આપેલ હતું. અને જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩ વિષે પણ જાણકારી આપવામાં આવી હતી. કોરોના સમય દરમ્યાન સારી કામગીરી કરેલ કર્મયોગી બહેનોનું પ્રમાણપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવો દ્વારા તેમની સારી કામગીરીને સરાહી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મહાનગરપાલિકાની તમામ શાખાના મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે બહેનો સાથે વિવિધ રમતો જેવી કે અભિનય દ્વારા ઓળખ અને અંતાક્ષારી જેવી રમતો રમાડી એક આનંદમય વાતાવરણ ઉભું થયેલ હતું.

પવિત્ર શ્રાવણ માસમાં ભાવિકો માટે સોમનાથ ટ્રસ્ટની વધુ એક સુવિધા

(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૬

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મંદિરમાં દર્શનાર્થીઓ માટે મોબાઈલ નિષેધ પ્રવેશ છે. જેથી ભાવિકોની હાલની વ્યવસ્થાને બદલે પવિત્ર શ્રાવણ માસ અનુલક્ષીને ભારે ભીડ રહેતી હોય ટ્રસ્ટે બે કન્ટેનર કેબીનો ખાસ મંગાવી ફીટીંગ કરવાનું કામ શનિવાર-રવિવાર સુધીમાં પુર્ણ થશે. જેમાંના એક કન્ટેરનરમાં ૧૪૦૦ બોકસ બનાવેલી છે. જેથી તે બોકસમાં પાંચ જેટલા મોબાઈલ રહી શકે તેવી જોગવાઈ છે જે એકજ સમુહના એક ટ્રેમાં લેવામાં આવશે. અન્ય માટે એક કે અલગ-અલગ ટ્રેમાં મોબાઈલ દર્શનાર્થી મંદિરે દર્શન જાય ત્યારે સાચવવામાં આવશે.

આવી ૧૪૦૦ ટ્રે તૈયાર રખાયેલ છે જેમાં એક ટ્રેમાં પાંચ મોબાઈલ એવી રીતે ૭૦૦૦ જેટલા મોબાઈલો સાચવવાની ક્ષમતા રહેલ છે. એટલું જ નહીં કન્ટેનર કેબીનમાં ૧૮ જેટલા સીસીટીવી કેમેરાઓની તીસરી આંખની બાજનજર રહેશે.

આ સાચવણી સંભવતઃ નિઃશુલ્ક રહેશે એટલું જ નહીં આ તમામ વ્યવસ્થાઓનું સંચાલન મહિલાઓ જ કરશે. અત્યાર સુધી મોબાઈલ મુકવા-લેવા એકજ બારી ઉપર ધસારો રહેતો પરંતુ આ નવી સિસ્ટમમાં દર્શન કરવા જતી વખતે મોબાઈલ મુકી દર્શન બેરીકેટમાં પ્રવેશો અને બહાર નીકળવાના માર્ગે આ જ કેબીનની બીજી બારી આમ બંને બાજુ બારી રહેશે જેથી બહાર નીકળવાના પોઈન્ટ ઉપર સુલભતાથી ટોકન આપી મોબાઈલ પરત સરળતાથી મેળવી શકાશે.

દર્શન કરવા જવાના રસ્તે વધારાનું એક કન્ટેનર-કેબીન પણ ગોઠવાયેલ છે જેમાં ૪૨૫ જેટલા લેડીઝ પર્સ એકી સાથે સાચવી શકાશે જે કેબીનની પણ બંને દિશાએ વિન્ડો રાખવામાં આવેલ હોય આવતા -જતા રસ્તાને અનુકુળ પર્સ લેવામાં અનુકુળતા રહેશે. સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈ તથા જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા યાત્રિકો સુવિધાલક્ષી વિવિધ પગલાઓ લઈ રહયા છે.

જૂનાગઢ મગફળી સંશોધન કેન્દ્ર દ્વારા ખેડૂતોને ખેતીલક્ષી તાલીમ અને ફ્રી કીટનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૬

એસસીએસપી પ્રોગ્રામ હેઠળ "ખેડૂતોને મગફળીની ખેતી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના દેશીંગા ગામના ૩૬ અને કણજા ગામના ૪૪ જેટલા અનુસુચિત જાતિના ખેડૂતોએ ભાગ લીધો હતો. જેમાં દેશીંગા ગામના સરપંચ નંદુબેન કંડોરિયા, ભલાભાઈ અને મહેશભાઈ મૂછડિયા દ્વારા ખેડૂતોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ડો. હરીશ જી. કન્વીનર, ડો. અનંત કુરેલા સહ-કન્વીનર, ડો. કિરણ કુમાર રેડ્ડી અને ડો. એમ.વી.નટરાજા વગેરે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તથા ડાયરેકટર સી.એસ. પ્રહરાજ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૮૦ ખેડૂતોને મગફળીની ખેતી કઈ રીતે કરવી તેને જંતુઓથી કઈ રીતે બચાવવી, કઈ દવાઓનો છંટકાવ કરવો, સોઈલ હેલ્થ કાર્ડ કઢાવવું, ઉત્પાદનમાં વધારો કરવો વગેરે મુદ્દાઓની તાલીમ આપવામાં આવી હતી તથા ડીજીઆર જૂનાગઢના ડાયરેક્ટર સી.એસ. પ્રહરાજ અને ડો. રિંકુ ડે દ્વારા બધા ખેડૂતોને ફ્રી કીટ વિતરણ કરવામાં આવી હતી તેમ અરવિંદભાઈ મકવાણાની યાદીમાં જણાવ્યું હતું.

જૂનાગઢની સરસ્વતી સ્કુલમાં સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમમાં માર્ગદર્શન આપતા પોલીસ અધિકારીઓ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ પોલીસ દ્વારા સરસ્વતી સ્કુલમાં સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પીઆઈ કે.કે. હાંસલીયા, પીએસઆઈ અજીત નંદાણીયા, પીએસઆઈ પ્રતિક મશરૂએ ઉપસ્થિત રહી ઓડીયો-વિડીયોના માધ્યમથી વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ બાબતે માહિતી આપી હતી તથા સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો સુચવ્યા હતા. વર્તમાન યુગમાં મોબાઈલ તથા સોશ્યલ મિડીયા જયારે જીવનનો ભાગ બની ગયા છે ત્યારે દરેક વ્યક્તિએ સાયબર ક્રાઈમથી બચવા સાવચેતી રાખવી જોઈએ તેમ પણ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું.

ખંભાળિયામાં બ્રહ્મ સમાજના મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી રાખડીઓ સરહદ ઉપર સૈનિકોને મોકલાશે : રવિવારે બ્રહ્મ સમાજ દ્વારા પ્રેરક કાર્યક્રમો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ભારતની સરહદ ઉપર જીવની પરવાહ કર્યા વિના દેશની રક્ષા કાજે ફરજ બજાવતા સૈનિકોની સુરક્ષા માટે ખંભાળિયાના બ્રહ્મ સમાજના બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી રાખડીઓ બોર્ડર ઉપર મોકલવા ઉપરાંત અન્ય સામાજિક સેવા કાર્યક્રમોનું સુંદર આયોજન આગામી રવિવાર તારીખ ૭મીના રોજ કરવામાં આવ્યું છે. ખંભાળિયાના બ્રહ્મ સમાજ મિત્ર મંડળ દ્વારા અહીંના બ્રહ્મ સમાજના સન્નારી ગ્રુપના મહિલાઓએ તૈયાર કરેલી ૧૦૦૦ રાખડીઓ બોર્ડર ઉપર આર્મીમેનને મોકલવા માટે અહીંના જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયને સુપ્રત કરવામાં આવશે. આ ઉપરાંત કોરોના કાળમાં દર્દીઓની સેવા કરી અનેકના જીવ બચાવનારા તબીબો ઉપરાંત કોરોનાના કારણે અવસાન પામેલા અનેક મૃતકના અગ્નિસંસ્કાર કરવા માટે દિવસ-રાત નોંધપાત્ર જહેમત ઉઠાવનારા અહીંના સ્વર્ગપૂરી સ્મશાનના કર્મચારી જગજીવનભાઈ સોલંકીની નોંધપાત્ર સેવાને બિરદાવી, તેમને સન્માનિત કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ આગામી રવિવાર તારીખ સાતમીના રોજ અત્રે મ્યુનિસિપલ ગાર્ડન ખાતે આવેલા યોગ કેન્દ્રમાં યોજવામાં આવ્યો છે. જેમાં શહીદોના સંતાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવશે. આ કાર્યક્રમ પૂર્વે બપોરે ૨:૩૦ વાગ્યે એક્સ આર્મીમેનોની વીર વંદના રેલી નીકળશે. જે શહેરના જુદા જુદા વિસ્તારો ઉપર ફરશે. આ સુંદર અને પ્રેરણારૂપ આયોજન માટે અહીંના બ્રહ્મ સમાજ મિત્ર મંડળના પ્રમુખ વજુભાઈ વોરીયાના વડપણ હેઠળ સમગ્ર ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા મુસ્લીમ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ મહાનગરના મુસ્લીમ સમાજના બાળકોમાં અસરકારક શિક્ષણનો વ્યાપ વધે તેમજ ભારત દેશના મુખ્ય પ્રવાહમાં ભળી દેશની પ્રગતિમાં નોંધપાત્ર હિસ્સો બને તેવા શુભ હેતુથી મુસ્લીમ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો એક ભવ્ય કાર્યક્રમ દર વર્ષની જેમ આ વર્ષે યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા યોજવામાં આવેલ છે. આ સન્માન સમારોહમાં ધો.૫ પાસ કરેલ વિદ્યાર્થીઓથી લઈ વિવિધ ક્ષેત્રના સ્નાતક, અનુસ્નાતકોની સાથો સાથ રમત-ગમત, સંશોધન, ચિત્ર વગેરે જેવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં કોઈ સિધ્ધી મેળવી હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગ્રુપર બુકસ્ટોર, અજંટા ટોકીઝવાળી ગલી, સંઘાડીયા બજારનો સંપર્ક સાધવાનો રહેશે. નિયત ટકાવારી મેળવનાર વિદ્યાર્થીઓને મુખ્ય ઈનામો, રોકડ ઈનામો તથા આશ્વાસન ઈનામો આપી સન્માનવામાં આવશે. શિક્ષણ જાગૃતિના પ્રચાર અને પ્રસાર માટે અનિવાર્ય એવા આ રચનાત્મક સમારોહમાં મહાનગર જૂનાગઢના મુસ્લીમ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ભાગ લે તેવી અપીલ યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના ઈકબાલભાઈ મારફત્યા દ્વારા કરવામાં આવેલ છે.

માણાવદરમાં રખડતી ગાયોને લમ્પી વાયરસની વેકસીન આપવા ગાયત્રી મંદિર ગૌસેવક ગૃપ દ્વારા અથાગ પ્રયત્ન

૮૫૦થી વધુ પશુઓને લમ્પી વાયરસ વિરોધી વેક્સીન અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૬

માણાવદર શહેરના ગાયત્રી મંદિર ગૌસેવક ગૃપ દ્વારા અગાઉ પણ ગાયો-પશુઓની સેવા માટે અનેક કામો કર્યા છે. હાલ સમગ્ર ગુજરાતમાં લમ્પી વાયરસના કારણે પશુઓ હેરાન-પરેશાન છે તથા અનેક પશુધન આ રોગના કારણે મોતના મુખમાં ધકેલાયા છે. તેવા સમયે સામાજીક સંસ્થા તથા લોકફાળો કરી રખડતી ગાયો, પશુધનને લમ્પી વાયરસથી બચાવવા દિવસ-રાત જોયા વિના નવ યુવાનો કિંમતી અમૂલ્ય પશુધનને બચાવવા લમ્પી વાયરસની વેકસીન આપી રહયા છે. સાથે સાથે વૃધ્ધ, અપંગ કે ઈજાગ્રસ્ત ગાયોની સારવાર કરે છે. અત્યાર સુધીમાં ૮૫૦ થી વધુ પશુધનને વેકસીન અપાઈ છે. જે પશુને વેકસીન આપવામાં આવે છે તેને કલર લગાડી માર્કીંગ કરવામાં આવે છે. આમ આ સંસ્થાના યુવાનોને ધન્ય છે જેઓ પોતાનો કિંમતી સમય કાઢીને પશુધનને બચાવવા સમય આપી રહયા છે.

રિલાયન્સ બ્રાન્ડ્ઝ લિમિટેડની બેલેન્સિયાગા સાથે ભાગીદારીની શરૂઆત

(મુંબઈ બ્યુરો)

મુંબઈ, તા.૬

રિલાયન્સ બ્રાન્ડ્ઝ લિમિટેડે (આરબીએલ) ભારતીય બજારમાં સર્વશ્રેષ્ઠ વૈશ્વિક વસ્ત્રો લાવવા માટે હોટેસ્ટ ગ્લોબલ લક્ઝરી બ્રાન્ડ બેલેન્સિયાગા સાથે વ્યૂહાત્મક સોદો કર્યો છે. આ લાંબા ગાળાના ફ્રેન્ચાઈઝી કરાર સાથે આરબીએલ દેશમાં બ્રાન્ડ લોન્ચ કરવા માટે બેલેન્સિયાગાની એકમાત્ર ભારતીય ભાગીદાર હશે અને બેલેન્સિયાગાની માલિકી ધરાવતી કંપની કેરિંગ સાથે આરબીએલની આ બીજી ભાગીદારી છે.

વર્ષ ૧૯૧૭માં જન્મેલા સ્પેનિશ ક્રિસ્ટોબલ બાલેન્સિયાગા દ્વારા ૧૯૩૭માં પેરિસમાં સ્થપાયેલી બાલેન્સિયાગાએ તેના ઉત્પતિ સ્થળે વસ્ત્રનિર્માણની રચના અને તકનીકમાં ઘણી નવીનતાઓ સાથે આધુનિકીકરણની નવી વ્યાખ્યાઓનું સર્જન કર્યું છે. વર્ષ ૨૦૧૫માં કળા નિર્દેશક તરીકે તેમની નિમણૂંક થઈ ત્યારથી ડેમ્નાએ બાઉન્ડ્રી પુશિંગ કલેક્શન દ્વારા બાલેન્સિયાગાના વિઝનને જાળવી રાખવાનું ચાલુ રાખ્યું છે, જેમાં મહિલાઓ અને પુરુષો માટે રેડી-ટુ-વેર, એક્સેસરીઝ અને ઓબ્જેટ્સ ડી'આર્ટનો સમાવેશ થાય છે.

"કેટલીક બ્રાન્ડ્સે વાસ્તવમાં બેલેન્સિયાગાની જેમ સર્જનાત્મક પુનઃઅર્થઘટન અને પુનઃશોધની તકને ઝડપી છે. તેમની નવીન અને ચતુરાઈપૂર્વક તૈયાર કરાયેલી રચનાઓ, લોગોનો બોલ્ડ ઉપયોગના પરિણામે ફેશન ઉદ્યોગમાં એક ચાહકોનો એક સમુહ પહેલાથી જ સમગ્ર વિશ્વમાં મજબૂત સ્થાન બનાવી ચૂક્યો છે. આ બ્રાન્ડને દેશમાં રજૂ કરવાનો આ સૌથી યોગ્ય સમય છે કારણ કે ભારતમાં લક્ઝરી વસ્તુઓના ગ્રાહક પરિપકવ થયા છે અને તેમની વ્યક્તિત્વની રચનાત્મક અભિવ્યક્તિના સ્વરૂપ તરીકે ફેશનનો ઉપયોગ કરી રહ્યા છે," તેમ રિલાયન્સ બ્રાન્ડ્ઝ લિમિટેડના એમડી દર્શન મહેતાએ જણાવ્યું હતું વિસ્તરતા ડિજિટલ વિશ્વ, મટિરિયલ ડેવલપમેન્ટ અને આજની સામાજિક જવાબદારીઓ સાથે બાલેન્સિયાગાની અભૂતપૂર્વ ક્રિયાપ્રતિક્રિયાઓ તેને આધુનિકતામાં મોખરે રાખે છે.

હું પોલીસ છું..!

નેતાઓની કઠપુતળી હિન્દુસ્તાનની પોલીસ?

હું જાણું છું કે, ફૂલન દેવીએ નરસંહાર કર્યો છે, પરંતુ સંવિધાને કહયું કે ચુપ, એ એસપીની નેતા છે તેના બોડીગાર્ડ બનો, હું બન્યો.. કેમ કે હું પોલીસ છું.!

હું જાણું છું કે, શાહબુદ્દીને ચંદ્રશેખર પ્રસાદના ત્રણ પુત્રોને માર્યા છે. પરંતુ સંવિધાને કહયું કે ચુપ, તેઓ આરજેડીના નેતા છે. તેમના બોડીગાર્ડ બનો, હું બની ગયો, કેમ કે હું પોલીસ છું.

હું જાણું છું કે, દિલ્હીના દંગાઓમાં અમાનતુલ્લાહ ખાનએ લોકોને ભડકાવ્યા. પરંતુ સંવિધાને કહયું ચુપ, તેઓ 'આપ'ના નેતા છે. તેમના બોડીગાર્ડ બનો, હું બન્યો, કેમ કે હું પોલીસ છું.

હું જાણું છું કે, સૈયદ અલીશાહ ગીલાની, યાસીન મલીક, મીરવાઈઝ ઉમર ફારૂક આતંકવાદીઓને સાથ આપે છે. પરંતુ સંવિધાને કહયું ચુપ, તેઓ કાશ્મીરી નેતા છે, તેમના બોડીગાર્ડ બનો, હું બન્યો, કેમ કે હું પોલીસ છું.

તમને પણ ખબર હતી કે ઈશરત જહાં, તુલસી પ્રજાપતી આતંકવાદી હતા. તેમ છતાં વણઝારા કેટલાય વર્ષો સુધી જેલમાં રહયા, હું ચુપ રહયો, કેમ કે હું પોલીસ છું.

કેટલાક વર્ષો પહેલા આપણે વિકાસ દુબે, જેણે એક નેતાનું ખુન કર્યુ હતું. જેને આપની સામે રજુ કરવામાં આવ્યો હતો. પરંતુ સાક્ષીઓના અભાવમાં આપે એને છોડી દીધો હતો. હું ચુપ રહયો, કેમ કે હું પોલીસ છું.

પરંતુ માય લોડ, વિકાસ દુબેએ આ વખતે ઠાકુરોને નહીં, ચંદ્રશેખરના બચ્ચાઓને નહીં, ભંવરી દેવીને નહીં, કોઈ નેતાને નહીં, મારા પોતાના આઠ પોલીસકર્મીની બેરહેમીથી હત્યા કરી હતી. તેને બનવા મજબુર કર્યો હોત. આ ડરના લીધે મેં રાતભર ઉજજૈનથી લઈને કાનપુર સુધી ગાડી ચલાવી અને ક્યારે ઉંઘ આવી ગઈ ખબર જ ન પડી અને એકસીડેન્ટ થઈ ગયું અને ત્યારબાદ શું થયું બધાને ખબર છે.

માય લોડ, કયારેક વિચારજો કે અમેરિકા જેવા સંપન્ન અને આધુનિક દેશમાં પાંચ વર્ષમાં પોલીસે ૫૫૧૧ ગુનેગારોના એન્કાઉન્ટર કર્યા છે. જયારે આપણા વિશાળ જનસંખ્યાવાળા દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં માત્ર ૮૨૪ એન્કાઉન્ટર થયા અને બધા પોલીસકર્મીઓની તપાસ ચાલી રહી છે.

માય લોર્ડ, હું એમ નથી કહેતો કે એન્કાઉન્ટર યોગ્ય છે, પરંતુ મોટા મોટા વકીલો દ્વારા અપરાધીઓને બચાવવા, પછી તેમનું રાજનીતિમાં આવવું, અને પછી તમારા દ્વારા અમારે તેમની સુરક્ષામાં લાગવું પડે તે હવે બંધ થવું જોઈએ.

સાચું કહી રહયો છું હવે થાકી ગયા છીએ અમે. સંવિધાન જો કોઈ દશકાઓ પહેલા લખવામાં આવ્યું હતું. તેમાં હવે કેટલાક ફેરફાર જરૂરી છે. જો ફેરફાર નહીં થાય તો આવી ઘટનાઓ બનતી રહેશે અને આપણે કેટલાક દિવસો સુધી અફસોસ કરીને ચુપ થઈ જઈશું.

મુળમાં જવું જોઈએ અને રોગને જડમાંથી ખત્મ કરવું જોઈએ. રોગ આપણી કાનુની પ્રણાલીમાં છે. જેને યોગ્ય કરવાની આવશ્યકતા છે. અન્યથા અવાર-નવાર આવી ઘટનાઓને સાંભળવા તૈયાર રહેવું પડશે.

પોલીસને સ્વાયત્ત બોડી બનાવો. અમોને આ નેતાઓના ચંગાલથી બચાવો કેમ કે દેશ અને સમાજ પોતાને સુરક્ષિત અનુભવી શકે.

જૂનાગઢમાં સરકારી ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષક પુસ્તકીયા જ્ઞાન પુરતા સિમિત ન રહેતા વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપે છે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૬

વિદ્યાર્થીનીઓ પુસ્તકીયા જ્ઞાન પુરતા સિમિત ન રહે પણ દુનિયાની નવી હવાઓનો તેમને સ્પર્શ થાય સાથે જ તેઓ સ્વસ્થ-તંદુરસ્ત-નિરોગી જીવન વ્યતીત કરે, તેમના વ્યક્તિત્વને એક નિખાર મળેઅને તેમનો સર્વાંગી વિકાસ થાય તેવી નેમ સાથે શિક્ષણ કાર્ય કરી રહ્યા છે, જૂનાગઢમાં સરકારી ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષક ડો. ખુશ્બુબેન ગરાળા. આ વાત જણાવતા ખુશ્બુબેન કહે છે કે, આજના યુગમાં એકેડેમિક શિક્ષણની સાથે વિવિધ કૌશલ્યો પણ એટલાં જ મહત્વના છે. આ વિદ્યાર્થીનીઓ સ્કીલ ડેવલપ કરવાની સાથે વ્યવહારિક પાસાઓનું જ્ઞાન મેળવે તે ખૂબ આવશ્યક છે. ઉપરાંત સામાજિક આંટીઘુંટીઓથી પણ વાકેફ થાય તેવા શિક્ષણના માધ્યમથી પ્રયાસ કરી રહી છું. આમ, સરકારી શાળાના શિક્ષક ખુશ્બુબેન ગરાળા શિક્ષણ ક્ષેત્રે નવી ભાત પાડે છે. ડો. ખશ્બુ ગરાળાના શિક્ષણ માટેના આગવા અભિગમની રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રે પણ નોંધ લીધી છે. હાલમાં નારી વંદન ઉત્સવ હેઠળ મહિલા નેતૃત્વ દિવસની ઉજવણીમાં રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યમંત્રી મનીષાબેન વકીલ અને પશુપાલન અને ગૌ-સંવર્ધન મંત્રી દેવાભાઈ માલમના હસ્તે સન્માનિત કરવામાંઆવ્યાં હતા અને તેમની આ સેવાને બિરદાવી હતી.

ખુશ્બુબેન શિક્ષણકાર્ય માટે પ્રતિબદ્ધ છે, તેઓએ બાળ ઉછેરને ઉંડાણપૂર્વક સમજવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પીએચડી કર્યું છે. જેથી પોતાના શિક્ષણ કાર્યને વધુ બહેતર બનાવી શકે. ખુશ્બુબેન જણાવે છે કે, વિદ્યાર્થીનીઓ સુશુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે માટે શાળામાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ઉપરાંત વિદ્યાર્થીનીઓને રાજ્ય-જિલ્લા અનેતાલુકા સ્તરે યોજાતી સંગીત, નૃત્ય, વકતૃત્વ, એકપાત્ર અભિનય, નાટક વગેરે સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે આ માટે પુરતી તૈયારીઓ પણ કરાવવામાં આવે છે. જેના પરિણામે વિદ્યાર્થીનીઓ ટોચના સ્થાનેરહી પુરસ્કાર પણપ્રાપ્તકરી છે. આ ઉપરાંત વિદ્યાર્થીનીઓને યુપીએસસી, જીપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. સાથે તે દિશામાં પ્રારંભિક તૈયારીઓ પણ કરાવવામાં આવે છે. અન્ય કારકીર્દીના ક્ષેત્રો વિશે પણ વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. વિદ્યાર્થીનીઓ ઉડાણપૂર્વક જ્ઞાન અને સમજ પ્રાપ્ત કરી શકે તે માટે વિષયવસ્તુ અનુસાર પ્રોજેક્ટર દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. જેમાં વિષયાનુરૂપ વીડિયો ક્લીપ દર્શાવવામાં આવે છે.

ખુશ્બુબેન કહેકે, હુંપોતેયોગ બોર્ડ દ્વારા માન્યતા ધરાવનાર યોગ ટ્રેનર છું. એટલે શાળામાં છેલ્લા ત્રણ વર્ષથી નિયમિતપણે શાળા સમય દરમ્યાન યોગાભ્યાસ વિદ્યાર્થીનીઓને કરાવું છું. તાજેતરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે તૈયાર કરવામાં આવેલી યોગા વિશેને ડોક્યુમેન્ટરીમાં મારા સહિત સરકારી ગર્લ્સ હાઈસ્કૂલની ૧૦ વિદ્યાર્થીનીઓનેસ્થાન આપવામાં આવ્યું હતું.

જેમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના આઈકોનિક સ્થળોએ યોગાભ્યાસને દ્રશ્યોને દર્શાવવામાં આવ્યાં હતાં.ઉલ્લેખનીયછે કે, રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ માર્ગદર્શન હેઠળ શિક્ષણની માળખાગત સુવિધાઓ વધારવામાં આવી રહી છે. સાથે વિદ્યાર્થીનીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહેતે માટે નવા આયામો ઉમેર્યા છે. જેના સારા પરિણામો પણ પ્રાપ્ત થઈ રહ્યા છે.

ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં મોતીબાગ સર્કલ પાસેનું બોર્ડ હટાવવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૬

જૂનાગઢનાંમોતીબાગ સર્કલ પાસે લગાવેલું અકસ્માતને આમંત્રણ આપતું બોર્ડ હટાવવા જૂનાગઢ જીલ્લા કલેકટરનો રજુઆત કરાઈ છે. આ અંગે જનાકાંતિ મંડળનાં પ્રમુખ વિજયભાઈ પરમારે જીલ્લા કલેકટરનો આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનામાં જણાવ્યું છે કે ઈન્દીરા ગાંધીની પ્રતિમાવાળા મોતીબાગ સર્કલપાસે જ એક મોટું બોર્ડ લગાવાયું છે. આ બોર્ડનાં કારણે અકસ્માતનો ભય સેવાઈ રહયો છે. કાળવા ચોક તરફથી આવતી વ્યકિત બસ સ્ટેન્ડ તરફ વળે એટલે આ બોર્ડની આડશનાં કારણે વંથલી તરફથી આવતા વાહનો દેખાતા નથી. પરીણામે અકસ્માતનો ભય સતાવી રહયો છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા આ બોર્ડહટાવવા પ્રજાનાં હિતમાં માંગણી કરી છે.

દ્વારકા શારદાપીઠ કોલેજમાંનિબંધ સ્પર્ધા યોજાઈ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૬

આઝાદી કા અમૃત અન્વયે હર ઘર તિરંગા કાર્યક્રમ સંદર્ભે શારદાપીઠ કોલેજ દ્વારકામાં તારીખ ૪-૮-૨૦૨૨ને ગુરૂવારના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલું હતું. આ નિબંધ લેખનસ્પર્ધામાં ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો હતો. તેમાંથી પહેલો, બીજો અને ત્રીજો નંબર મેળવતા વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ કાર્યક્રમના સમગ્ર આયોજનમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર જે.પી. ટાકોદરા અને હર્ષાબેન એ. વાળાએ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડો. સંદીપ એ. વાઢેરે કાર્યક્રમને બિરદાવ્યો હતો.

સૌથી શ્રેષ્ઠ શિવલીંગ નર્મદા નદીમાંથી નીકળતા પાથ્થરનાં ગણાય છે

શિવલીંગમાં અનેક પ્રકારનાં શિવલીંગ આવે છે. પરંતુ તેમાં સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ ફળ આપનાર શિવલીંગ એટલે નર્મદેશ્વર શિવલીંગ. પૌરાણીક કથા પ્રમાણે નર્મદા નદીએ ઘણા વર્ષો સુધી તપ કરેલું અને બ્રહ્માજીએ નર્મદા મૈયાને વરદાન માગવાનું કહેલું ત્યારે નર્મદા મૈયાએ વરદાન માગ્યું કે હું ગંગા સમાન થઈ જાવ ત્યારે બ્રહ્માજી બોલ્યા કે ભગવાન શિવ, વિષ્ણુ તથા ગંગા સમાન કોઈ હોઈ શકે નહીં. આ સાંભળીને નર્મદા મૈયાએ વરદાનનો ત્યાગ કરેલ ત્યારબાદ નર્મદા નદી કાશીએ જઈ અને પિપલાર્થમાં શિવલીંગની સ્થાપના કરી અને તપ કર્યુ આ તપથી ભગવાન શિવ પ્રસન્ન થયા અને નર્મદા મૈયાને વરદાન માગવાનું કહયું ત્યારે નર્મદા મૈયાએ વરદાન માગેલું કે બસ તમારા ચરણોમાં મારી ભકિત બનેલી રહે. આ સાંભળી અને મહાદેવજી પ્રસન્ન થાય છે અને વરદાન આપે છે કે નર્મદા નદીમાં જેટલા પથ્થર છે તે શિવલીંગ સ્વરૂપ ગણાશે અને સ્વયંપ્રાણપ્રતિષ્ઠા ગણાશે. આમ મહાદેવજીનાં વરદાનનાં કારણે સૌથી શ્રેષ્ઠ શિવલીંગ એટલે નર્મદેશ્વર મહાદેવ.

કઈ રીતે શિવલીંગ ખરીદવું

ઘરે પણ ત્રાંબા કે પીતળનાં થાળામાં નર્મદેશ્વર શિવલીંગ વસાવી અને તેની નિત્ય પૂજા અભિષેક કરી શકાય છે. ઘરમાં બે ઈંચથી વધારે મોટુ શિવલીંગ રાખવું નહીં. શિવલીંગ ખરીદતી વખતે એ ખ્યાલ રાખવો કે થાડુ નાગ અને શિવલીંગ અલગ અલગ હોવા જોઈએ એટલે કે ભેગા નહી. એટલે કે થાડુ નાગ શિવલીંગ કોઈ વસ્તુથી એકબીજાને જોડેલ કે ચોંટેલ હોવા જોઈએ નહીં. નર્મદાનાં પથ્થરમાં આછી લાલસ હોય છે તે તેની ખાસીયત છે. આ શિવલીંગ અંગુઠાનાં સાઈઝનું એટલે કે આશરે બે ઈંચનું રૂા. ૧૦૦ થી ૩૦૦ સુધીમાં મળી જતું હોય છે. ઘરે પણ મહાદેવજીની પૂજા કરી શકાય છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

નાના વિક્રેતાઓને મદદ કરવા બેંકો અને બ્રાન્ડ્સ સાથે કો-પ્રમોશનની તકો દ્વારા વેંચાણને વેગ આપવા માટે Innoviti ONDC પ્લેટફોર્મ સાથે જોડાય રહ્યું છે

(પ્રતિનિધિ દ્વારા)

બેંગલુરૂતા.૬

Innoviti - ભારતના સૌથી મોટા સહયોગી વાણિજ્ય પ્લેટફોર્મમાંથી એક, જેમણે જાહેરાત કરી કે તેમણે **ONDC** નેટવર્કમાં જોડાવા માટે સાઈન અપ કર્યું છે અને ટેકનિકલ ઈન્ટિગ્રેશન પૂર્ણ કરવાની તૈયારીમાં છે. **Innoviti** પેમેન્ટ ટ્રાન્ઝેકશનને નવા અને અનોખા ખરીદીના સાધનોમાં ફેરવીને ઓછા પ્રયત્નો સાથે વ્યવસાયોને ઝડપથી વૃદ્ધિ કરવામાં મદદ કરે છે જે તેમના ગ્રાહકોને વધુ સારી પ્રોડક્ટ્સ અને વધુ પ્રોડક્ટ્સ ખરીદવા વિનંતી કરે છે. **Innoviti** ૨૦૦૦ શહેરોમાંથી વાર્ષિક રૂા.૭૫,૦૦૦ કરોડની ડિજિટલ ખરીદીની પ્રક્રિયા કરે છે. **ONDC** નેટવર્ક લાખો નાના વિક્રેતાઓને લાખો ડિજિટલ ગ્રાહકો સાથે જોડીને ડિજિટલ કાંતિમાં ભાગ લેવામાં મદદ કરશે. સાથેસાથે, તે ગ્રાહકોને ઓપન નેટવર્ક દ્વારા વધુ વેંચાણકર્તાઓને એક્સેસ કરવામાં પણ મદદ કરે છે, ખરીદદારો અને વેચાણકર્તાઓ વચ્ચે શ્રેષ્ઠ ખરીદી જોડાણને સક્ષમ કરવા માટે ડિજિટલ માર્કેટપ્લેસનુંલોકશાહીકરણ કરે છે. જોકે, અસરકારક રીતે સ્પર્ધા કરવા માટે નાના વિક્રેતાઓને ડિજિટલ ટૂલ્સની જરૂર પડી શકે છે જેમ કે પુષ્ન ઈ-કોમર્સ માર્કેટપ્લેસ તે પ્રદાન કરી શકે છે. ખર્ચા વગરના **EMI**, બેંકો અને બ્રાન્ડ્સ દ્વારા ભંડોળ પુરૂ પાડવામાં આવેલ કેશબેક અને અપગ્રેડ ઓફરો જેવા સાધનો વેચાણ વધારવા માટે મોટા ઈ-કોમર્સ માર્કેટપ્લેસ માટે મુખ્ય આધાર છે. **Innoviti** તેના સહયોગી વાણિજ્ય પ્લેટફોર્મ દ્વારા નાના વિક્રેતાઓ માટે કો-ફંડેડ ઓફરની આ સમસ્યાને દૂર કરવાની આશા રાખે છે. **ONDC** નેટવર્ક સાથે સંકલિત તેની વિક્રેતા એપ્લિકેશન દ્વારા, **Innoviti** વિક્રેતાઓને તેમના ઉત્પાદનોને નેટવર્ક ઉપર તમામ ખરીદદાર એપ્લિકેશનો માટે દ્રશ્યક્ષમ થવા માટે માત્ર પ્રકાશિત કરવામાં જ મદદ નહિ કરે, પરંતુ વિક્રેતાઓને બેંકો અને બ્રાન્ડ્સ દ્વારા સહ-ભંડોળ પ્રાપ્ત ઉત્પાદનો આકર્ષક ખરીદી સાધનો સાથે સાંકળવામાં પણ મદદ કરશે જે તેમને વધુ વેંચાણ કરવામાં મદદ કરશે. આનાથી નાના વિક્રેતાઓને એક લેવલ પ્લેઈંગ ફિલ્ડ બનાવવામાં મદદ મળશે, જે રૂપાંતરણની કિંમત ઘટાડીને રૂપાંતરણની તકો વધારશે.

ભાણવડ પંથકમાં સામાન્ય બાબતે વૃદ્ધની હત્યા નીપજાવવા સબબ બે બંધુઓને આજીવન કારાવાસ તથા દંડ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ભાણવડ તાબેના રેટા કાલાવડ ગામે આજથી આશરે છ વર્ષ પૂર્વે એક વૃદ્ધને સામાન્ય બાબતે બેફામ માર મારતાં ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ પ્રકરણમાં મુખ્ય બે આરોપી અરજણ માલદે સરેણા અને મારખી માલદે સરેણાને હત્યાની કલમમાં આજીવન કેદની સજા તથા કલમ ૩૦૭ ના ગુનામાં બંનેને ૧૦ વર્ષની સખત કેદની સજા ઉપરાંત રૂા.૨૦,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

કેશોદમાં વિનામૂલ્યે ડાયાબિટીસ બ્લડપ્રેશર કેમ્પ યોજાયો

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૬

કેશોદમાં ડો. સાંગાણી હોસ્પિટલ દ્વારા દર મહીને ફ્રી ડાયાબિટીસ બ્લડપ્રેશર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં સાંગાણી હોસ્પિટલ દ્વારા પોલીસ સ્ટાફ માટે ફ્રી નિદાન કેમ્પનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. કેમ્પમાં ડાયાબિટીસ, બ્લડપ્રેશર દર્દીઓને ડો. સાંગાણી દ્વારા ફ્રી તપાસ, ફ્રી લોહીનાંરિપોર્ટ તથા ૧૦ થી ૧૫ દિવસની ફ્રીમાં દવાઓ પણ આપવામાં આવી હતી. આ કેમ્પ સ્પેશ્યલ પોલીસ સ્ટાફ માટે રાખવામાં આવ્યો હતો પણ રોજનાં રૂટિંગ દર્દીઓને પણ ફ્રીમાં તપાસવામાં આવેલ હતા સાથે જરૂરી દવા પણ ફ્રી આપવામાં આવી હતી. ડો. સાંગાણી હોસ્પિટલ દ્વારા અનેક વખત ફ્રી કેમ્પ રાખવામાં આવે છે. સાંગાણી હોસ્પિટલ દ્વારા આવનારા સમયમાં ફૌજી જવાન ભાઈઓ માટે પણ ફ્રીમાં કેમ્પ રાખવામાં આવશે તેમ ડો. રાજેશ સાંગાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું. સાંગાણી હોસ્પીટલમાં મા કાર્ડ દ્વારા અનેક ઓપરેશન ફ્રીમાં થાય છે અને જૂનાગઢ જિલ્લાની બેસ્ટ હોસ્પિટલ એવોર્ડ પણ ડો. સાંગાણીને મળેલ છે.

કેશોદમાંથી ૧૩ વર્ષનો કિશોર ગુમ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૬

કેશોદ શહેરના ડો. આંબેડકરનગર વણકરવાસ ઉતાવળી નદીના કાંઠે રહેતા રાજેશભાઈ પીઠાભાઈ ચુડાસમાનો ૧૩ વર્ષ ૭ માસનો દિકરો સુખદેવ તા.૪-૮-૨૦૨૨ને ૭ વાગ્યા આસપાસ પોતાના ઘરેથી ગુમ થયો છે. તેમની ઉંચાઈ ૫ ફુટ, બાંધો પાતળો અંગે રંગ ઘઉંવર્ણ છે. તેમના જમણા હાથમાં ઓમ ત્રાજવાથી ત્રોફાવેલ છે. તેમણે લીલા કલરનો શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરેલ છે. તે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠી ભાષા જાણે છે. આ કિશોરની કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા કેશોદ પોલીસે જણાવ્યું છે.

શ્રી સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ દ્વારા આજે મહત્વની બેઠક

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૬

શ્રી સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ દ્વારા આગામી કાર્યક્રમના આયોજન માટે જૂનાગઢ શહેરની સમસ્ત બ્રહ્મ સમાજની તમામ પેટા જ્ઞાતિના પ્રમુખ/મહામંત્રી તેમજ બ્રહ્મસમાજના અગ્રણી ભાઈઓ અને બહેનો બ્રહ્મ સમાજની એકતા માટે અને બ્રહ્મસમાજના વિકાસ માટે સલાહ સુચના માર્ગદર્શન મળે તે માટે આ બેઠક રાખવામાંઆવી છે. આજ તા.૬/૮/૨૦૨૨ શનિવારે ૫ થી ૭ દરમ્યાન નાથળીયા ઉનેવાળ બ્રહ્મ સમાજની વાડી ખાતે આ બેઠક યોજવામાં આવશે. આ બેઠકમાં ઉપસ્થિત રહેવા શ્રી સૌરાષ્ટ્ર -કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જીલ્લા પ્રમુખ કે.ડી. પંડયા, શહેર પ્રમુખ પ્રફુલભાઈ જોષી, મહામંત્રી મહેશભાઈ જોષી, શહેર મંત્રી આશીષભાઈ રાવલ અને સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ પરીવાર તરફથી નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ કાર્યક્રમ પૂર્ણ થયે સાથે ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ હોવાનું અને પદાધિકારીઓની હાજરી સમસ્ત બ્રહ્મ સમાજ માટે પ્રેરણારૂપ બનાશે જેથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

જૂનાગઢ જીલ્લાના વિદ્યાર્થીઓએ ઘરે ઝંડો લહેરાવાનો લીધો સંકલ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લાના વિદ્યાર્થીઓએ ઘરે ઝંડો લહેરાવાનો સંકલ્પ લીધો છે. જૂનાગઢ જિલ્લાની શાળાઓમાં રંગોળી - ચિત્ર સ્પર્ધાઓ યોજી 'હર ઘર તિરંગા'ના અભિયાનને સફળ બનાવાઈ રહ્યું છે. આમ જૂનાગઢ જિલ્લામાં 'હર ઘર તિરંગા' કાર્યક્રમને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. તેમ જિલ્લા શિક્ષણ અધિકારી જલ્પા ક્યાડા એ જણાવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટેની તળામાર તૈયારી થઈ રહી છે. વધુને વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાઈને પોતાના ઘર, સંસ્થા, કચેરીઓમાં તિરંગો ખરીદીને લહેરાવે તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે. તે માટે વિવિધ અભિયાનો ચાલી રહ્યા છે. વિવિધ શાળા કોલેજમાં રંગોળી-સ્પર્ધા ચાલી રહી છે, તો હોટલો હોસ્પિટલો, વેપારીઓ વગેરે દ્વારા હર ઘર તિરંગાના લોગો બનાવીને ગ્રાહકોને અપાતા બિલોમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

તિરંગો લહેરાવી આપણા ઘરને રાષ્ટ્ર મંદિર બનાવીએ : મહંત શેરનાથ બાપુ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૬

દેશનો દરેક નાગરિક 'હર ઘર તિરંગા' અભિયાનમાં સામેલ થઈને પોતાના ઘરે, સંસ્થા, શાળા, કોલેજોમાં તિરંગો લહેરાવે તેવો પ્રેરક સંદેશ જૂનાગઢના સંતો-મહંતો આપી રહ્યા છે. ભવનાથમાં આવેલ ગુરૂ ગોરક્ષનાથ આશ્રમના મહંત શેરનાથ બાપુએ કહ્યું કે, દરેક લોકોને આ 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાઈ અને પોતાના ઘરમાં તિરંગા લગાવીને ઘરને રાષ્ટ્ર મંદિર બનાવવું જોઈએ. જે દેશમાં જન્મ લીધો છે અને જે દેશમાં આપણે સમૃધ્ધ થયા છીએ, એ માતૃભૂમિનુ આપણે આપણા ગજા અનુસાર ઋણ ચૂકવવું જ જોઈએ. સરકાર દ્વારા તો આઝાદીના અમૃત મહોત્સવ અન હર ઘર તિરંગા કાર્યક્રમ યોજાઈ જ રહયો છે પરંતુ આપણા ઘર ઉપર રાષ્ટ્ર ધ્વજ લહેરાવવો આપણો એક દેશપ્રેમી અને જાગૃત નાગરિક તરીકેની નૈતિક જવાબદારી છે.

જૂનાગઢ ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો

ખેડૂત તાલીમ, કેન્દ્ર, ગ્રામ પંચાયત અને પ્રાથમિક શાળામાં ખેડૂતોએ લાઈવ પ્રસારણ નિહાળ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૬

પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે જૂનાગઢ જિલ્લાના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે તેમજ વિવિધ ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળાઓમાં રાજ્યપાલ દેવવ્રત આચાર્ય દ્વારા લાઈવ પ્રસારણના માધ્યમથી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને **BISAG** ગાંધીનગર મારફતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂત તાલીમ કેન્દ્ર, પ્રાથમિક શાળા, ગ્રામ પંચાયત ખાતેથી ખેડૂતો જોડાયા હતા અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ લાઈવ પ્રસારણમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાનું આહવાન કર્યું હતું. તે ઉપરાંત જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ તથા પંચાયત અધિકારીઓ અને પ્રસારણ નિહાળી માર્ગદર્શન કર્મચારીઓએ પણ લાઈવ મેળવ્યુ હતું.

અર્હમ યુવા સેવા ગૃપ જૂનાગઢ દ્વારા રાહતદરે ચોપડાનું વિતરણ થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૬

રાષ્ટ્રીય સંઘ પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુની મહારાજસાહેબ પ્રેરીત અર્હમ યુવા સેવા ગૃપ જૂનાગઢ દ્વારા રાહતદરે ચોપડાના વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલ તા.૭/૮/૨૦૨૨ને રવિવારે ૪ થી ૬ દરમ્યાન રેડક્રોસ હોલ જૂનાગઢ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવશે. માર્કશીટની નકલ સાથે લાવવી તેમજ એક માર્કશીટ ઉપર ૧૦ ચોપડા રૂા.૧૫૦માં મળશે બુકીંગ માટે મો.નં.૯૧૩૬૪૪૨૪૯૨ અથવા અર્હમ યુવા સેવા ગૃપના કોઈપણ સભ્યોનો કોન્ટેક કરવા એક યાદીમાં જણાવેલ છે.

જાહેર નોટીસ

આથી વળગતા તમામ આસામીઓને આ જાહેર નોટીસથી જાણ કરવાની કે, ગુજરાત રાજયનાં જીલ્લા જૂનાગઢનાં તાલુકા માંગરોળ શહેર માંગરોળ તળપદમાં નગરપાલિકાની હદમાં વેરાવળ - પોરબંદર બાયપાસ રોડ ઉપર આવેલ રેવન્યુ સર્વે નંબર-૮૧૦/પૈકી/૬ તથા ૮૧૧/૧ પૈકી-૨ અને ૮૧૧/૨ પૈકી-૩ની જમીનનું રહેણાંક હેતુ માટે બિનખેતી કરી પ્લોટીંગ કરેલ છે. જે મહે. કલેકટર સાહેબ જૂનાગઢનાં હુકમ નંબર લેન્ડ/૧-સી-એન.એ.૨જી. નંબર ૨૨/૯૮-૯૯/૩૨૫૩/૯૯ તા. ૩૧-૧૨-૧૯૯૯ થી રહેણાંક હેતુ માટે બિનખેતીમાં રૂપાંતર થયેલ તેમાં લે-આઉટ પ્લાન મુજબ પ્લોટીંગ કરવામાં આવેલ છે. જે સોસાયટીને "કામનાથ સોસાયટી" નામ આપી પ્લોટો પાડવામાં આવેલ જે પ્લોટો પૈકી પ્લોટ નંબર-૪૬ જેના ચોરસ મીટર ૧૦૯.૭૧ માંથી ઉત્તર દિશા તરફની ચોરસ મીટર ૫૯.૫૪ ના ચોરસ વાર ૭૧.૨૧ વાળી સ્થાવર મિલકત છે. સદરહુ મિલકત અમારા અસીલ જેનુબેન ફીરોજખાન બેલીમની માલીકીની છે આથી હવે આ મિલકતનાં ઉત્તરોત્તરનાં દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નંબર ૩૦૪ તા. ૨૦-૦૨-૨૦૧૪થી યુનુસખા ઈસ્માઈલખા બેલીમએ સુલેમાનભાઈ ઉંમરભાઈ પાડાવાળા પાસેથી ખરીદ કરેલ તે સદરહુ અસલ વેચાણ દસ્તાવેજ હાલ ઘણું શોધવા છતાં મળી આવતા નથી અને તેની ખરી નકલ રજુ કરેલ છે. તો આ બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય, કે કોઈનું હિત, ચાર્જ, બોજો કે લેણું હોય કે કોઈ નાણાંકીય સંસ્થાનું કરજ બોજો કે કોઈ લોન હોય કે કોઈનો ખોરાકી પોષાકીનો હક્ક હોય કે વારસાઈ હક્ક કે અન્ય કોઈની જામીનગીરી કે ગીરો હોય કે ઓ રદ કરેલ હોય કે સદરહુ રજી. વેચાણ દસ્તાવેજથી થયેલ વ્યવહારો અંગે કોઈને વાંધો તકરાર હોય કે સદરહુ મિલકત કોઈ બેંક પાસે ગીરો થયેલ હોય કે વ્યકિતગત ગીરો થયેલ હોય કે તે અંગે કોઈ સાટા કરાર થયેલ હોય કે સદરહુ દર્શાવેલ મિલકત અંગે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાતમાં) સંપૂર્ણ લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી આ અંગે કોઈને વાંધો તકરાર નથી અથવા હોય તો જતો **(waive)** કરેલ છે ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી તેમ માની સદરહું મિલકત અમારા અસીલ જેનુબેન ફિરોજખાન બેલીમ મિલકતના માલિક છે આથી ઉપરોકત દસ્તાવેજની ખરી નકલ અસલ તરીકે ગણી લેશે, જેની જાહેર જનતા અને લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

અમારા અસીલશ્રીની ફરમાઈશ અને સુચનાથી સુચના મુજબ અમારા મારફત

કલ્પા એન. મોરી (એડવોકેટ)
ફ્લેટ નં. ૧૦૨, ફર્સ્ટ ફ્લોર,
મારવેલ ગોલ્ડ-એ એપા., ગીરીરાજ મેઈન રોડ,
બસ સ્ટેશન નજીક, જૂનાગઢ.
મો. ૯૦૧૬૦ ૬૮૯૨૨

સમસ્યાનું શહેર એટલે જૂનાગઢ... આ શહેરમાં વિકાસની વાતો તો મોટી મોટી થાય છે પરંતુ પ્રાથમિક સહિતનાં પ્રશ્નોનો વર્ષો થયા ઉકેલ આવતો નથી !

જૂનાગઢમાં રસ્તા ઉપર દબાણોનો રાફડો

આડેધડ થતાં વાહન પાર્કીંગો, ટોરનો રસ્તા વચ્ચે અડીંગો અને ગેરકાયદેસર દબાણોનાં પગલે ટ્રાફીકની જટીલ બનતી સમસ્યા

(તસ્વીર : રવિન્દ્ર કંસારા)

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૬

જૂનાગઢ મનપામાં ભાજપનું શાસન ચાલી રહયું છે. શાસનકર્તાઓ દ્વારા વિકાસની પ્રક્રિયાને વેગ આપવામાં આવી રહેલ છે. અને જયાં પણ જરૂર પડી ત્યાં ઉચ્ચકક્ષાએ રજુઆતો પણ થઈ રહી છે. પરંતુ શાસકપક્ષની કામગીરી નકકરપણે દેખાતી નથી તેવી અનેક ફરીયાદો પ્રજામાં રહેલી છે. સમસ્યાથી ઘેરાયેલા જૂનાગઢ શહેરની જો જટીલ પ્રશ્નોની વાત કરીએ તો તેનો કોઈ અંત જ નથી. અને કોઈ નિરાકરણ નથી. કારણ કેપર્ફેકટ આયોજન થતું નથી અને જેને પરીણામે અનેક પ્રશ્નો અધ્ધરતાલ લટકેલા જોવા મળે છે. જૂનાગઢ શહેરમાં સૌથી નડતી સમસ્યા જો કોઈ હોય તો તે રસ્તાઓની તો છે જ. પરંતુ સાથે સાથે ટ્રાફીક સમસ્યા પણ એટલી જ વિકટ છે. આ સમસ્યા હલ કરવા માટેનાં અનેકવાર પ્રયાસો થાય છે. બેઠકો બોલાવવામાં આવે છે. આમ જનતા અને અગ્રણીઓ તેમજ જુદા જુદા વિભાગ અને વરીષ્ઠ નાગરીકોની બેઠકોમાં સુચનો લેવામાં આવે છે. પરંતુ આ સુચનોનું પોટલું બાંધીને પાછા જયાંને ત્યાં જેવી હાલત સર્જાઈ છે. આજે જૂનાગઢ શહેરમાં ટ્રાફીક સમસ્યા બિલાડીનાં ટોપની માફક સતત વધતી રહી છે. અને તેનો ઉકેલ હાલનાં સંજોગોમાં કોઈ દેખાતો નથી. ખાસ કરીને રસ્તાઓ ઉપરનાં દબાણો જો દૂર કરવામાં આવે તો ટ્રાફીક સમસ્યા થોડીક હલ થઈ શકે તેમ છે. પરંતુ તેનાં માટે જૂનાગઢ મનપાની દબાણ શાખા દ્વારા નકકર કામગીરીની જરૂરીયાત છે. પરંતુ દબાણ શાખા નકકર કામગીરી કરી શકશે કે કેમ તે પણ મોટો સવાલ છે. આજે જયારે ટ્રાફીક સમસ્યાની વાત કરીએ છીએ તો સૌથી પહેલા એ પણ કહેવું જરૂરી છે કે આજે જૂનાગઢ શહેરમાં આવેલા તમામ મુખ્ય માર્ગો ઉપર શોપીંગ સેન્ટરો, ઈમારતો ઉભી છે. તેમાંથી મોટાભાગની ઈમારતોમાં ગેર કાયદેસર ધોરણે બાંધકામો થયા છે. પાર્કીંગની જગ્યાઓ વહેંચી અને ત્યાં દુકાનો ઉતારી દેવામાં આવી છે. અને આવી બધી જે બજારો છે ત્યાં આવનારા ગ્રાહકો અથવા વેપારીઓનાં વાહન પાર્કીંગ રસ્તા ઉપર જ થતા હોય છે. એકતો જૂનાગઢ શહેરનાં રસ્તાઓ સાંકડા છે અને તેમાંય રસ્તા ઉપર આડેધડ થતાં પાર્કીંગોનાં પરીણામે આ રસ્તાઓ વધુ સાંકડા બની જાય છે. આઝાદ ચોક, પંચહાટડી ચોક, ગાંધી ચોક, બસ સ્ટેન્ડ ચોક, એમજી રોડ, વણજારી ચોક, કાળવા ચોક, મોતીબાગ વિસ્તાર સહિતનાં દરેક વિસ્તારોમાં મુખ્ય માર્ગો ઉપર પસાર થશો તો ઠેકઠેકાણે આડેધડ વાહન પાર્કીંગ તેમજ ખાનગી વાહનો રીક્ષા, લારી-ગલ્લાઓ વગેરેથી રસ્તાઓ ખદબદતા હોય છે. આમ રસ્તા ઉપરનાં ટ્રાફીકનું ભારણ આ ગેરકાયદેસર દબાણોથી પણ સતત વધી રહયું છે. અને ટ્રાફીકની સમસ્યા દિન પ્રતિદિન વધતી જઈ રહી છે. ટ્રાફીક સમસ્યાનાં હલ માટે અનેક પ્રયાસો થયા છે. અને મોંઘા ભાવનાં જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફીક સીગ્નલ પણ બેથી ત્રણ વખત નવા બનાવવામાં આવેલ છે. પરંતુ તે શોભાનાં ગાઠીયા સમાન છે. ફીઝીકલી સિગ્નલો શહેરનાં રસ્તા ઉપર કામ કરી શકે તેમ નથી. આતો મોટીમસ રકમનો ખર્ચ કરીને દેખાડો કરાયો છે.

ટ્રાફીક પોલીસ ટ્રાફીક સમસ્યાનાં હલ માટે ગેરકાયદેસર દોડતાં વાહનો અને તેનાં ચાલકો સામે કડક કાર્યવાહી કરે છે. ઘણીવાર દંડ પણ ફટકારવામાં આવે છે. પરંતુ સાથે ટ્રાફીકનાં નિયમનનું પાલન કરાવવા જતી વખતે તેમને અન્યોની દખલગીરીનો પણ સામનો કરવો પડતો હોય છે. શહેરનાં સૌથી મોટા એમજી રોડ કે જે મજેવડી દરવાજાથી છેક કાળવા ચોક સુધી એકધારો ટ્રાફીક સતત વહેતો જતો હોય છે. આ એમજી રોડનાં એક કટકાની વાત કરીએ તો આઝાદ ચોકથી જેનીલી શોપીંગ સેન્ટર સુધીનાં રસ્તા ઉપર દિવસમાં અનેકવાર ટ્રાફીક સમસ્યા સર્જાઈ છે. અને ૧૦ થી ૧૫ મીનીટ સુધી વાહનોનાં ચકકાજામ થાય છે. ત્યારે આવી જટીલ બનતી સમસ્યાનાં ઉકેલ માટે કોઈ નકકર કામગીરી થતી નથી. અને નાગરીકો તેનો ભોગ બની રહયા છે. આજે રસ્તા ઉપર પગપાળા જવું હોય તો પણ વિચાર કરવો પડે. વાહન ચલાવીને જવું હોય તો સો વાર વિચાર કરવો પડે કારણ કે કયારે કોણ હડફેટે લેશે તે નકકી નથી. વાહન ચાલકો આડેધડ વાહનો ચલાવી રહયા છે. અને જેને કારણે પણ લોકોની સલામતીને જોખમ ઉભુ થાય છે. રસ્તા ઉપરનાં ગેરકાયદેસર દબાણો ટ્રાફીક સમસ્યાનાં મુળમાં છે. તો બીજી તરફ શહેરનાં અનેક વિસ્તારોમાં આવેલા મુખ્ય માર્ગો ઉપર સવારથી મોડી રાત્રી સુધી મુંગા પશુઓ અડીંગો જમાવીને બેઠેલા છે. અથવા તો રસ્તા ઉપર ટોળાનાં ટોળા નીકળતા હોય છે. અને રાહદારીઓ તેમજ વાહન ચાલકોને અસરકર્તા બને છે. ઘણીવાર ગંભીર સમસ્યા તેને લઈને સર્જાતી હોય છે. આ ઉપરાંત શહેરનાં અનેક વિસ્તારોમાં મુખ્ય માર્ગો જે પરાણે ઠોકી બેસાડવામાં આવેલા છે તેવા ડીવાઈડરોને પણ દૂર કરવાની જરૂર છે. અને તો રસ્તા ઉપર વાહન ચાલકોને વાહન ચલાવવામાં સુગમતા રહે. જૂનાગઢ શહેરનાં તમામ રસ્તાઓ ઉપર તેમજ રાહદારીઓ માટે ખાસ ચાલવા માટેની ફુટપાથો રાખેલી છે તેવી ફુટપાથો ઉપર પણ દબાણોનો રાફડો ફાટેલો છે તો આવા દબાણો કોણ દૂર કરી શકે તેવો સહેજ વિચાર આવે તો રસ્તા ઉપરનાં દબાણો દૂર કરવા ની જેઓની નૈતિક ફરજ છે તેવી મનપાની દબાણ શાખા નકકર કામગીરી કરી શકતી નથી. અથવા તો દબાણો દૂર કરવામાં સાવ નિષ્ફળ અને નિષ્ક્રીય હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી છે. સમસ્યાથી ઘેરાયેલા આ જૂનાગઢ શહેરમાંથી ટ્રાફીક સમસ્યા દૂર કરવા માટે સૌ પ્રથમ દબાણો દૂર કરવાનું અભિયાન ચલાવવું પડશે. જૂનાગઢનું મનપા તંત્ર અને તેમની દબાણ શાખા રસ્તા ઉપરનાં દબાણો દૂર કરવાની તાકાત મેળવે. પોલીસનો સહયોગ લઈ અને કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના આવા દબાણો દૂર કરે તે પણ જરૂરી છે. રહી વાત નાના ધંધાર્થીઓનાં વેપાર-રોજગારની તેમજ પેટીયુ રળતા રીક્ષા ચાલકો કે અન્ય લારીવાળાઓની તો તેઓનાં માટે જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં એવી પડતર જગ્યા સરકારની પડેલી છે કે જયાં વ્યવસ્થિત વાહન પાર્કીંગો થઈ શકે. અને વ્યવસ્થિત બજાર પણ ભરાઈ શકે. વાચકોને યાદ હશે કે કોરોના કાળ દરમ્યાન નાના ધંધાર્થીઓ માટે પોલીસ વિભાગ દ્વારા ખાસ પગલા લઈ અને જુદા જુદા વિસ્તારોમાં શાકમાર્કેટોની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જો આવી રીતે શહેરનાં વિવિધ વિસ્તારોમાં બજારો તેમજ વાહન પાર્કીંગ માટેની વ્યવસ્થા કરવામાં આવે તો ટ્રાફીક સમસ્યા ૫૦ ટકા દૂર થાય. પરંતુ તેનાં માટે મનપા તંત્ર અને તેની દબાણ શાખાએ નકકર કામગીરી કરવી પડશે.

વિજળીનાં કડાકા-ભડાકા સાથે જૂનાગઢમાં એક ઈંચ વરસાદ

મોસમનો ૭૮.૪૬ ટકા વરસાદ થતા આનંદની લાગણી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેર અને જીલ્લાનાં વિવિધ વિસ્તારોમાં ગઈકાલે બીજા દિવસે પણ સાંજે ૬ થી ૮ દરમ્યાન વરસાદ પડયાનો અહેવાલ છે. જૂનાગઢ શહેરમાં સતત બીજા દિવસે એક ઈંચથી વધારે વરસાદ પડી જતા મોસમનો કુલ વરસાદ ૭૮.૪૬ થયો હતો. ગુરૂવારે માત્ર બે કલાકમાં અઢી ઈંચ વરસાદ થયા બાદ ગઈકાલે સાંજે પણ મેઘરાજાએ સટાસટી બોલાવી દીધી હતી અને શહેરનાં મોટાભાગનાં વિસ્તારોમાં રસ્તા ઉપર પાણી ભરાયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણડુબ પાણી થયા હતા. આ વર્ષે મેઘરાજા ધીમીધારે વરસી રહ્યા હતા પરંતુ ગઈકાલે મોસામનાં આટલા દિવસો દરમ્યાન પ્રથમવાર કડાકા-ભડાકા સાથે વરસાદ તુટી પડયો હતો. જૂનાગઢ અને સોરઠ પંથકનાં અન્ય વિસ્તારોમાં પણ વરસાદ થયો હતો. મળતા અહેવાલ અનુસાર, મેંદરડામાં ગુરૂવારે રાત્રીના સમયે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. અને ગોપાલ કૃષ્ણ ગૌશાળા ઉપર વિજળી પડી હતી. અને દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. સદનસીબે ૮૫ ગાયોનો બચાવ થયો હતો. સરપંચ શરદભાઈ ટીલવા, ઉપસરપંચ કાંતિભાઈ ટીલવા, નરેન્દ્રભાઈ ગોસ્વામી દ્વારા અરજી આપી વળતરની માંગ કરાઈ હતી. ધામળેજમાં પણ મેઘરાજા ધીમીધારે વરસ્યા હતા. જેથી મોલાતને ફાયદો થયો હતો. તેમજ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આ ઉપરાંત ચોરવાડ પંથકમાં પણ સારો વરસાદ પડયો હોવાનું જાણવા મળી રહ્યું છે. સુત્રાપાડા પ્રાંચી, ઘંટીયા, ટીંબડી, આલીધ્રા, ટોબરા, ખાંભા, કુંભારીયા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો અને ખેતરો પાણીથી તરબોળ બન્યા હતા. માળિયામાં પણ ૧૫ દિવસના વિરામ બાદ મેઘરાજાનું આગમન થયું હતું અને બપોર સુધીમાં ૩૦ એમએમ વરસાદ પડયો હતો. મોસમનો કુલ ૭૬૫ મીમી વરસાદ નોંધાયો છે. તાલાલા શહેર ઉપરાંત માધુપુર ગીર, આંકોલવાડી ગીર સહિત મોટાભાગના ગામોમાં ૧ કલાકમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. અને પંથકમાં બીજા દિવસે પણ ભારે વરસાદ થતા ખેડૂતોમાં પણ ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી. આ ઉપરાંત મેંદરડા મધુવંતી ડેમમાં પણ નવા નીરની આવક થઈ હતી. અનેઓવરફ્લો થતા ભાજપના કાર્યકરોએ શ્રીફળ વધેરી, ફુલ પધરાવી વધામણા કર્યા હતા.

કેશોદમાં બસ સ્ટેન્ડ રોડ ઉપર એક યુવાને છરી બતાવી

એસટી બસને રોકી ફરજમાં રૂકાવટ અંગે પોલીસ ફરિયાદ

એસટી બસના ડ્રાઈવરને છરી સાથે ધમકી આપી રહેલા યુવકનો વીડિયો વાઈરલ થયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૬

જૂનાગઢ જીલ્લાનાં કેશોદમાં ગઈકાલે ધોળેદિવસે લુખ્ખાગીરીનાં દ્રશ્યો સામે આવ્યા છે. એક કારચાલકે એસટી બસની આડે કાર મૂકી ડ્રાઈવરને છરી બતાવી ધમકી આપી રહ્યો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે. છરી બતાવી રસ્તાની વચ્ચે જ એસટી બસ ઉભી રખાવી દેતા થોડીવાર માટે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જૂનાગઢના કેશોદને જે વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે. તે વીડિયોમાં કેશોદ બસ સ્ટેન્ડ રોડ ઉપર એક શખ્સ એસટી બસની આડે પોતાની કાર મૂકી છરી સાથે બસના ડ્રાઈવરને ધમકાવી રહ્યો છે. રસ્તા વચ્ચે જ એસટી બસ ઉભી રખાવી દેતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. કારમાં સવાર વ્યકિતએ કેશોદ બસ સ્ટેન્ડ ઉપર ધોળે દિવસે છરી કાઢી લુખ્ખાગીરી કરતા નજરે પડયો હતો. પોતાની કાર રોંગ સાઈડમાં ચલાવી એસટી બસના ડ્રાઈવર સાથે બબાલ કરી હતી. જાહેર રસ્તા ઉપર થયેલી બબાલના કારણે થોડીવાર માટે કેશોદ બસ સ્ટેન્ડ રોડ ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. કેશોદથી ફાગડી રૂટની એસટી બસને કેશોદના એક યુવાને છરી બતાવી રોડ ઉપર જ ઉભી રાખી હતી અને ડ્રાઈવરને ધમકી આપ્યાનું સામે આવ્યું છે. દરમ્યાન ગઈકાલે ધોળાદિવસે એસટી બસ રોકી અને છરી બતાવનાર પક્કા કારાભાઈ હડીયા હોવાનું ખૂલ્યું છે. કેશોદનાં કરેણી ગામે રહેતા સુરેશભાઈ જોધાભાઈ ગળચર (ઉ.વ.૪૩) એસટી ડ્રાઈવર એસટી બસ લઈ ફાગડી બાજુ જતા હતા ત્યારે કેશોદ તાલુકા પંચાયત પાસે આ બનાવ બન્યો હતો.

આરોપી પ્રકાશ કાળાભાઈ હડીયા વિરૂધ્ધ સુરેશભાઈએ છરી લઈ પોતાની પાસે આવી ડ્રાઈવીંગ સીટ બાજુનો દરવાજો ખોલવાની કોશીષ કરી અને ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુનું દેવભૂમિ દ્વારકા ખાતે આગમન

દ્વારકાના હેલીપેડ ખાતે ઉપરાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું ગરીમામય સ્વાગત કરાયું

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૬

દેશના ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુનું આજે સવારે ૯:૪૫ કલાકે દ્વારકા ખાતે આગમન થયું છે. દ્વારકા હેલિપેડ ખાતે તેઓનું રાજયના કેબિનેટ શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, દેવભૂમિ દ્વારકાના કલેકટર મુકેશ પંડ્યા તથા દેવભૂમિ દ્વારકાના એસ.પી. નિતેશ પાંડેએ ગરીમા સાથે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિના આગમનને પગલે દ્વારકા હેલિપેડ ઉપર ચુસ્ત પોલીસ સુરક્ષા ગોઠવવામાં આવી હતી તેમજ એમ્બ્યુલન્સ, આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ, તેમજ ફાયર ફાઈટર્સ વ્હીકલ્સ સાથે ફાયર બ્રિગેડનો સ્ટાફ તેમજ જામનગર એરફોર્સના અધિકારીઓ તહેનાત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુ આજે સૌરાષ્ટ્રના પ્રવાસે છે. શ્રાવણ માસમાં દેવદર્શનનું અનેરૂ મહત્વ છે ત્યારે તેઓ પરિવાર સાથે ભગવાન દ્વારકાધીશ તેમજ સોમનાથ મહાદેવના દર્શને આવ્યા છે. દરમ્યાન તેઓ પોરબંદરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળ કીર્તિમંદિરની પણ મુલાકાત લેશે અને મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાસુમન અર્પણ કરશે.

નાગેશ્વર મહાદેવ જ્યોતીર્લીંગની પૂજા કરી

ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુ ગુજરાતની એક દિવસની મુલાકાતે પધાર્યા છે. તેઓ દ્વારકા ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દ્વાદશ જયોતિર્લીંગ પૈકી શ્રી નાગેશ્વર જ્યોતિર્લીંગના દર્શનાર્થે પધાર્યા હતા. અહીં તેઓનું પારંપરિક વેશભૂષામાં ઉપસ્થિત સ્થાનિક લોક-કલાકારો દ્વારા વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતું. દ્વારકાથી ૧૪ કિ.મી. દૂર બિરાજમાન જયોતિર્લીંગ નાગેશ્વર મહાદેવના મંદિર ખાતે ઉપરાષ્ટ્રપતિ વૈંકેયા નાયડુએ ધર્મપત્ની ઉષાબહેન સાથે પવિત્ર શ્રાવણ માસમાં વિશેષ પૂજન-અર્ચન અને પ્રાર્થના કરી હતી. આ વેળાએ હર્ષવર્ધનભાઈ અને રાધાબહેન, રવિભાઈ તેજા અને નિહારિકા બહેન સહિતના પરિવારજનોએ નાગેશ્વર મહાદેવની આરતી કરીને સમગ્ર પરિવારે મહાદેવની કૃપા પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. આ વેળાએ ઉપરાષ્ટ્રપતિએ મંદિર પરિસરની મુલાકાત લઈ, મંદિરના મહાત્મ્ય અંગે જાણકારી મેળવી હતી. આ તકે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, ચીફ પ્રોટોકોલ ઓફિસર જવલંત ત્રિવેદી, જિલ્લા કલેકટર એમ.એ.પંડ્યા, જિલ્લાના અગ્રણીઓ યુવરાજસિંહ ગઢવી અને મયુરભાઈ ગઢવી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. નાગેશ્વર મંદિરના મહંત ગીરધર ભારથી, મહેન્દ્રભારથી, ભીખુભાઈ ભોગાયતા, પવનભાઈ મિશ્રા, જયદીપભાઈ ગોસ્વામી, જ્યોત્સનાબેન દ્વારા શાસ્ત્રોકત વિધિ તેમજ મંત્રોચ્ચાર સાથે નાગેશ્વર મહાદેવની પૂજન વિધિ સંપન્ન કરાવવામાં આવી હતી.

સોરઠ પંથકમાં જુગાર રમતા મહિલા સહિત પત્તાપ્રેમી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેર તથા વિવિધ વિસ્તારોમાં તહેવારો દરમ્યાન મોટાપાયે જુગાર ઠેક-ઠેકાણે ચાલતો હોવાની બાતમીનાં આધારે પોલીસ દ્વારા જુગાર અંગે દરોડા પાડવામાં આવી રહેલ છે. દરમ્યાન બી ડીવીઝન પોલીસે ચોબારી રોડ, મોનાલીસા પાર્ક પાસે, ઈસ્કોન એપાર્ટમેન્ટનાં પાર્કિંગમાં જાહેરમાં જુગાર રમતા ૪ મહિલાઓને રૂા.૪,૭૪૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત વિસાવદર પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીનાં આધારે સરસઈથી સત્તાધાર જતા રસ્તા ઉપરથી જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૧૦,૫૪૦ની રોકડ મતા સાથે ઝડપી લઈ તેમનાં સામે જુગારધારા હેઠળ કાર્યવાહી કરી છે. આ ઉપરાંત લરીયા ગામે પોલીસે પાડેલા જુગાર દરોડામાં ૬ શખ્સોને રૂા.૧૨,૭૫૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. જયારે બિલખા ખાતે ધર્મશાળા પાછળ જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને રૂા.૩,૯૨૦ની રોકડ સાથે ઝડપી લીધા છે. આ ઉપરાંત કેશોદનાં અજાબ ગામેથી ૭ શખ્સોને રૂા.૧૪,૩૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી કરી છે.

આ ઉપરાંત કેશોદ ખાતે ૬ મહિલા સહિત ૧૪ને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૨,૩૬૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને દિવ્ય વાઘા અને ચોકલેટનો શણગાર

(પ્રતિનિધિ દ્વારા) સાળંગપુર તા.૬

સ્વામીનારાયણ મંદિર વડતાલધામ સંચાલીત વિશ્વ વિખ્યાત સાળંગપુરધામમાં કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શનિવારનાં રોજ દાદાને દિવ્ય ચોકલેટ વાઘાનો શણગાર ધરાવવામાં આવ્યો હતો.

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 203, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India